Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)

Web: www.saurashtrakranti.com

Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year: 7, Issue: 165 Dt.22-04-2022 (Friday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# ભાવનગરમાં ધો. ૬ થી ૮ના પેપરની ચોરી, રાજ્યભરમાં પરિક્ષા રદ્દ

## નેસવડ ગામની શાળામાં તસ્કરો ત્રાટક્યા : રાજ્યની ધો. ૭ની પરીક્ષાઓ રદ્દ કરી દેવાઇ : પોલીસ તપાસનો ધમધમાટ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
ભાવનગર તા. ૨૨ :
હવે પ્રાથમિક શાળાના ધો. ૬ થી ૮ના પેપરની ચોરી થતા ખળભળાટ મચી ગયો છે. ભાવનગરના નેસવડ ગામની શાળામાં તસ્કરો ત્રાટક્યા હતા અને પેપર ચોરી જતા પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. ભાવનગરના તળાજા તાલુકાના નેસવડ ગામમાંથી પેપરોની ચોરીની ઘટના સામે આવી છે. નેસવડ ગામની પ્રાથમિક શાળામાંથી ધોરણ ૬ થી ૮ના પેપરોની ચોરી થઈ છે. પેપરોની ચોરી થતા શાળાના આચાર્યે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે. જેના કારણે રાજયભરની સરકારી શાળાઓમાં આજે અને આવતીકાલની ધોરણ ૭ની પરીક્ષાઓ રદ કરવામાં આવી છે.

નેસવડની શાળામાં ગઈકાલે બિલ્ડીંગના એક રૂમનો દરવાજો ખુલ્લો હતો. શિક્ષકોએ લગાવેલ તાળું તોડીને કોઈ શખ્સો સ્કૂલમાં પ્રવેશ્યા હતા. રૂમમાંથી પ્રવેશ કરતા લોખંડની બારી પણ તૂટેલી જોવા મળી હતી. ધોરણ ૬થી ૮ના પેપર મૂકેલા રૂમનો દરવાજો ખુલ્લો જોવા મળ્યો હતો. આ રૂમમાં ધોરણ ૬થી ૮ના ૮૮ પેપર મૂકવામાં આવ્યા હતા. તપાસ કરતા તમામ કવરમાંથી પેપર ઓછા હોવાનું સામે આવ્યું. ધોરણ ૭ના ૨૧ અને ધોરણ ૮નું એક પેપરની ચોરી થઈ. બારીમાંથી પ્રવેશ કરીને કોઈ શખ્સે પેપરની ચોરી કરી હતી.

પેપર ચોરી મામલે શિક્ષક દેવરાજ ભાઈએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે. ફરિયાદ થતા સ્થાનિક પોલીસ કામે લાગી છે. છતા શિક્ષણ વિભાગના પેટનુ પાણી હાલતુ નથી. પરંતુ આ વચ્ચે રાજયની આજે અને આવતીકાલની ધોરણ ૭ની પરીક્ષા રદ કરાઈ છે.

રાજયમાં હાલમાં ધોરણ ૬થી ૮ની પરીક્ષા ચાલી રહી છે. ત્યારે પ્રાથમિક શાળાની પરીક્ષાના પેપરોની ચોરી થઈ છે. પેપરોની ચોરી થતા LCB, સ્થાનિક પોલીસે તપાસ હાથ ધરી છે. પેપર ચોરી થવા મામલે ઝી ૨૪ કલાક સાથે ભાવનગરના જિલ્લા શિક્ષણાધિકારીએ કહ્યુ કે, ગામની શાળામાંથી અસામાજિક તત્વોએ પેપરોની ચોરી કરી છે. શાળાના નહી પરંતુ શાળાની બહારના લોકોએ પેપરોની ચોરી કરી છે. આ મામલે શાળાના આચાર્યે પોલીસ ફરિયાદ કરી છે. ચોરી કરનાર વ્યક્તિ પોલીસ તપાસમાં સામે આવશે. તો બીજી તરફ આ મામલે ચોરી મામલે રાષ્ટ્રીય શિક્ષણ સંઘના અધ્યક્ષ ભીખાભાઈએ કહ્યું કે, ગુજરાત માટે આ દુઃખદ ઘટના છે. શિક્ષણ વિરોધી શખ્સોએ આ ઘટનાને અંજામ આપ્યો છે.

સમગ્ર મામલે પ્રાથમિક શિક્ષણ નિયામક એમઆઈ જોશીએ જણાવ્યું કે, શિક્ષણ વિભાગની સૂચના અનુસાર તળાજા તાલુકાની નેસવડ પ્રા. શાળા,જી.ભાવનગર માંથી

(અનુ.પાના નં.૪ ઉપર)




### વિજ્ઞાન અને સામાજીક વિજ્ઞાનનું પેપર રદ

રાજ્યભરમાં ધો.૭ની પરીક્ષાના બે પેપર રદ કરવામાં આવ્યા છે. ધોરણ સાતના વિજ્ઞાન અને સામાજીક વિજ્ઞાનના પેપર રદ કરવામાં આવ્યા છે. રાજકોટમાં ૮૬૩ શાળાઓમાં પેપર રદ કરવામાં આવ્યા છે. રાજકોટ જિલ્લામાં ધોરણ ૭માં અભ્યાસ કરતા કુલ ૧૭,૪૦૦ વિદ્યાર્થીઓ છે અને આજે તેમનું વિજ્ઞાન અને આવતીકાલે સામાજીક વિજ્ઞાનનું પેપર લેવામાં આવનાર હતું. જે રદ કરવામાં આવ્યું છે.

### પેપર ચોરાતા રાજકોટની ૮૬૩ સ્કૂલમાં ધો.૭ના ૧૭,૪૦૦ વિદ્યાર્થીને અસર

### રાજકોટ જિલ્લામાં સિક્યુરીટીને લઇ કોઇ ફરિયાદ નહીં

રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી ડી.આર. સરડવાએ જણાવ્યું હતું કે, રાજ્યકક્ષાએથી સમગ્ર રાજ્યની અંદર તમામ પ્રાથમિક સ્કૂલોમાં એકસરખું મૂલ્યાંકન થાય તે માટે એક જ પ્રશ્નપત્ર તમામ સ્કૂલોને આપવામાં આવે છે. રાજકોટની વાત કરૂ તો સિલબંધ પેપર તાલુકા શિક્ષણાધિકારીને સોંપવામાં આવે છે. ત્યાં પણ ચકાસણી કરી તેનું પ્રમાણપત્ર મેળવવામાં આવે છે. બાદમાં તાલુકા શિક્ષણાધિકારી તાલુકા શાળાને પેપર આપવામાં આવે છે. અહીં પણ પૂરી ચકાસણી કરવામાં આવે છે. રાજકોટ જિલ્લામાં પ્રશ્નપત્રોની સિક્યુરિટીના સંદર્ભમાં કોઇ છેડછાડ થઇ નથી અને પૂરી તકેદારી રાખવામાં આવી છે. પ્રાથમિક શાળાના મૂલ્યાંકન સતત વર્ષ દરમિયાન ચાલુ હોય છે. આ જુદી જુદી લેવામાં આવતી કસોટીઓ પૈકીની આ એક કસોટી છે. આને દ્વિતીય સત્રાંત કસોટી તરીકે ઓળખાય છે.

# એલઆરડી આંદોલનનો અંત

## રવિવારે બપોરે ૧૨ વાગ્યા પહેલા વેઈટિંગ લિસ્ટ જાહેર કરાશેઃ હર્ષ સંઘવી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
ગાંધીનગર.તા.૨૨
રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી LRD ઉમેદવારો પોતાની પડતર માગણીઓને લઈને આંદોલન કરી રહ્યા હતા. ત્યારે આજે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી સાથે આ ઉમેદવારોની બેઠક યોજાઈ હતી, જેનો હકારાત્મક નિર્ણય આવ્યો છે. રાજ્ય સરકારે ઉમેદવારોની મુખ્ય માંગણી સ્વીકારી લીધી છે અને ૨ દિવસમાં આ મામલે પરિપત્ર જાહેર કરવામાં આવશે. હર્ષ સંઘવીએ ઉમેદવારોને પેંડા ખવડાવીને તેમનું મોઢું મીઠું કરાવ્યું હતું. બે ઉમેદવારોએ આંદોલનને લઈને માનતા રાખી હતી તેમાંથી એક ઉમેદવારની ચાની બાધા પણ તેમને છોડાવી હતી. આ સાથે આંદોલનકારી ઉમેદવારો સામે થયેલા કેસ પણ પાછા ખેંચવા સરકારે તૈયારી દર્શાવી છે. હર્ષ સંઘવીએ આ વિશે કહ્યું હતું કે ૨૦૧૮-૧૯માં લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક ૧૨,૧૯૮ જગ્યા પર સીધી ભરતીથી ભરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી, જેનું પરિણામ ૨૦૨૦માં આવ્યા હતું, પરંતુ વેઈટિંગ લિસ્ટ બનાવાયું નહોતું. સરકારને મળેલી વિવિધ રજૂઆતોને લઈને ઉમેદવારોના હિતમાં વેઈટિંગ લિસ્ટ બનાવવાનો ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ચાલતી સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. હવેથી લોકરક્ષ દળની ભરતીમાં રાજયમાં સૌપ્રથમવાર ખાસ કિસ્સામાં ૧૦ ટકાને બદલે હવે ૨૦ ટકા પ્રતીક્ષાયાદી તૈયાર કરાશે

હર્ષ સંઘવીએ વધુમાં ઉમેર્યું હતું કે, સામાન્ય રીતે વિવિધ ભરતી પ્રક્રિયામાં પસંદગી યાદી બાદ ૧૦ ટકા જગ્યાની વેઇટિંગ લીસ્ટ તૈયાર કરવામાં આવે છે. પરંતુ કાયદો અને વ્યવસ્થાની મજબુત જાળવણી, ગુનાઓ બનતા અટકાવવા, નોંધાયેલા ગુનાની વૈજ્ઞાનિક અને આધુનિક સાધનોની મદદથી તપાસ કરવા માટે કૌશલ્યવાન પોલીસ દળ ઉપલબ્ધ થઇ રહે અને આશાસ્પદ યુવાનો યુવતીને રોજગારીની તક મળે માટે હવે ૧૦ ટકાને બદલે ૨૦ ટકાની વેઈટિંગ લિસ્ટ તૈયાર કરવા માટે રાજ્યમાં સૌપ્રથમવાર ખાસ કિસ્સામાં નિર્ણય લેવામાં આવ્યો છે.

એલઆરડી ઉમેદવારોની ૨૦ ટકા વેઈટિંગ લિસ્ટ જાહેર કરવાની માગણી છે અને એને લઈને તેમનું આંદોલન ચાલી રહ્યું છે. ૨૦૧૮માં યોજાયેલી ભરતીમાં પરીક્ષા આપનારા ઉમેદવારો માટે ૬ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ તત્કાલીન ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ ૨૦ ટકા વેઈટિંગ લિસ્ટ આપવાની જાહેરાત કરી હતી. જોકે હજુ સુધી એ આપવામાં આવ્યું નહોતું. સરકાર દ્વારા આ મામલે વારંવાર માત્ર આશ્વાસન અપાતાં ઉમેદવારો આંદોલન પર હતા. છેલ્લાં ૩ વર્ષથી આંદોલન કરી રહેલા ૧૦૦ જેટલા ઉમેદવારોને સરકાર દ્વારા વાતચીતનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. એવામાં આજે બપોરે તેમની ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી સાથે બેઠક યોજાઈ હતી.

**ગુજરાત સરકારે ૨૦% વેઈટિંગ લિસ્ટ સહિતની માગો સ્વીકારી, ૨ દિવસમાં પરિપત્ર; ઉમેદવારો સામેના કેસો પાછા ખેંચવાની પણ તૈયારી**



### અરજી કરવાની વય મર્યાદા પૂરી કરી ચૂકેલા ઉમેદવારોને તક મળશે

તેમણે ઉમેર્યુ કે, આ મહત્વના નિર્ણયને પરિણામે જે ઉમેદવારો નોકરી માટે અરજી કરવાની મહતમ વય મર્યાદા પૂરી કરી ચૂક્યા હતા અને નોકરી મેળવવાની આશાને તિલાંજલિ આપી ચૂક્યા હતા તેવા ઉમેદવારને સરકારી સેવામાં જોડવાની તક મળશે. પોલીસના લોકરક્ષકના વિવિધ સંવર્ગોની સીધી ભરતીમાં વધુ યુવાનોને સમાવવાના હેતુથી રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ લોકરક્ષકના વિવિધ સંવર્ગોની સંયુક્ત સીધી ભરતીની જાહેરાત ક્રમાંક:LRB/૨૦૧૮૧૯/૧ અન્વયે ૨૦% વેઇટિંગ લીસ્ટ ઓપરેટ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરાયો છે.

### શીખ ગુરૂ તેગ બહાદુરના ૪૦૦માં પ્રકાશ પર્વે લાલ કિલ્લા પરથી પીએમનું સંબોધન

# લાલ કિલ્લો કેટલાય મહત્વના કાલખંડનો સાક્ષી છે

## મોટી મોટી સત્તાઓ ખતમ થઈ ગઈ, મોટા મોટા તુફાનો શાંત થઈ ગયા, તેમ છતાં ભારત આજે પણ અમર ઉભુ છેઃ વડાપ્રધાન

**(એજન્સી સમાચાર)**
નવીદિલ્હી, તા.૨૨
વડાપ્રધાન મોદીએ શીખ ગુરૂ તેગ બહાદુરના ૪૦૦માં પ્રકાશ પર્વના અવસરે લાલ કિલ્લા પર આયોજિત એક સમારોહમાં દેશને સંબોધન કરતા જણાવ્યું હતું કે, લાલ કિલ્લો એ બાબતનો સાક્ષી છે કે ઔરંગઝેબ અને તેના જેવા આક્રમણકારીઓએ અનેક લોકોના માથા કાપી નાખ્યા છે. પણ તે અમારી આસ્થાને અલગનતી કરી શક્યા એ સમયે ભારતે પોતાની ઓળખ બચાવવા માટે એક મોટી આશા ગુરૂ તેગ બહાદુરના રૂપમાં જોઈ હતી.


વડાપ્રધાને જણાવ્યું હતું કે, આ લાલ કિલ્લો કેટલાય મહત્વના કાલખંડનો સાક્ષી રહ્યો છે. આ કિલ્લાએ ગુરૂ તેગ બહાદુરની શહાદતને પણ જોઈ છે અને દેશ માટે મરી ફિટનારા લોકોના જોશને પણ પારખ્યા છે. ગુરૂ તેગ બહાદુરજીના બલિદાને ભારતની અનેક પેઢીઓને પોતાની સંસ્કૃતિની મર્યાદાની રક્ષામાટે તેના માન- સન્માન માટે જીવવા અને મરવાની પ્રેરણા આપી છે. મોદીએ કહ્યું હતું કે, મોટી મોટી સત્તાઓ ખતમ થઈ ગઈ મોટા મોટા તુફાનો શાંત થઈ ગયા તેમ છતાં ભારત આજે પણ અમર ઉભું છે અને આગળ વધી રહ્યું છે. ભારતે કોઈ દેશ કે સમાજ માટે ખતરો પેદા નથી કર્યા. આજે પણ અમે પૂરા વિશ્વના કલ્યાણના બારામાં વિચારીએ છીએ. અમે આત્મનિર્ભર ભારતની વાત કરીએ છીએ તો તેમાં પૂરા વિશ્વની પ્રગતિના લક્ષ્યને સામે રાખીને કરીએ છીએ.



મોદીએ કહ્યું હતું કે, શિખ પરંપરાના તીર્થોને જોડવા માટે પણ અમારી સરકાર નિરંતર પ્રયાસ કરી રહી છે.નવી સોચ, સતત પરિશ્રમ અને સો ટકા સમર્પણ આ બધું આજે પણ આપણા શિખ સમાજની ઓળખ છે, આઝાદીના અમૃત મહોત્સવમાં આજે દેશનો પણ આ જ સંકલ્પ છે આપણે આપણી ઓળખ પર ગૌરવ કરવાનું છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

# ગ્રામ્ય સહકારી બેંકોને નવું ફંડ ઉભુ કરવા છુટછાટ આપતી રિઝર્વ બેંક



રાજકોટ,તા.૨૨: દેશની સહકારી બેંકો માટે છેલ્લા કેટલાક મહિનાઓમાં આકરા નિયમો ઘડ્યા બાદ રિઝર્વ બેંકે હવે નવું ભંડોળ એકત્રિત કરવા માટે છૂટ્ટ આપતી નવી માર્ગદર્શિકા જારી કરી છે.રિઝર્વ બેંક દ્વારા જારી કરાયેલા નવા પરિપત્રમાં એણ કહેવાયું છે કે ગ્રામ્ય સહકારી બેંકો પોતાના કાર્યક્ષેત્રના વિસ્તારમાંથી અથવા વર્તમાન શેરધારકોને પ્રેફરન્શીયલ શેર ઇસ્યુ કરીને નવુ ફંડ ઉભુ કરી શકશે. આ સિવાય ડેટ ઇન્સ્ટ્રુમેન્ટ ઇસ્યુ કરવાની પણ છૂટ્ટ આપવામાં આવી છે. જો કે, તેમાં કેટલીક શરતો લાદવામાં આવી છે. રિઝર્વ બેંક દ્વારા એમ કહેવાયું છે કે સહકારી બેંકો નિયમ સિવાયની શેરમૂડી પાછી નહીં ખેંચી શકે કે ઘટાડી નહીં શકે.

# જમ્મુ-કાશ્મીરમાં બે એન્કાઉન્ટરઃ ૬ ત્રાસવાદી ઠાર

## એન્કાઉન્ટર સ્થળેથી શસ્ત્રો–દારૂગોળો મળી આવ્યો





શ્રીનગર, તા.૨૨: છેલ્લા કેટલાક કલાકોમાં જમ્મુ-કાશ્મીરના અલગ-અલગ વિસ્તારોમાં બે એન્કાઉન્ટર થયા છે, જેમાં કુલ છ આતંકવાદીઓ માર્યા ગયા છે. આતંકવાદીઓ વિરુદ્ધ આ ઓપરેશનમાં એક ભારતીય સૈનિક પણ શહીદ થયો છે, જયારે ૯ જવાનો ઘાયલ થયા હોવાનું જાણવા મળે છે. તમને જણાવી દઈએ કે બે દિવસ પછી (૨૪ એપ્રિલ)નરેન્દ્રભાઇ મોદી જમ્મુ-કાશ્મીરની મુલાકાતે જવાના છે.

તાજેતરનો હુમલો જમ્મુના સુંજવાન વિસ્તારમાં ચટ્ઠા કેમ્પ પાસે સવારે લગભગ ૪.૧૫ વાગ્યે થયો હતો. અહીં આતંકવાદીઓએ ફરજ પરના ૧૫ સીઆઈએસએફ જવાનોને લઈ જઈ રહેલી બસ પર હુમલો કર્યો હતો. આતંકી હુમલામાં CISFએ જવાબી કાર્યવાહી કરી હતી, ત્યારબાદ આતંકીઓ ત્યાંથી ભાગી ગયા હતા. આ સમગ્ર કાર્યવાહીમાં કુલ પાંચ જવાન ઘાયલ થયા હતા, જેમાંથી CISF નો એક ASI શહીદ થયો હતો. શહીદ થયેલા શહીદનું નામ એસ પટેલ જણાવવામાં આવ્યું છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

## જામનગરમાં ૫ વર્ષની બાળકીનું કોરોનાથી મોત : રાજ્યમાં ૧૦૦ દિવસ બાદ કોવિડ ડેથ નોંધાયું

# પ્ર.નગર પોલીસ મથકે પકડાયેલી દારૂ ભરેલી એમ્બ્યુલન્સની ટ્રીટમેન્ટ કરી?: ચર્ચા



## પાણીના ઘોડાથી બે પેટી લઈને હોસ્પિટલ ચોક તરફ આવતી એમ્બ્યુલન્સ પકડાઈ?: ચોક્કસ શાખાએ વહીવટ કર્યો?

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૨
રાજકોટ શહેરની ક્રાઈમ બ્રાન્ચ ચર્ચાનાં ચકડોળે ચડ્યા બાદ પ્ર.નગર પોલીસ સ્ટેશનની પણ ચોક્કસ શાખાએ એક નાનકડું બટકું ભર્યાની ચર્ચા ચકડોળે ચડી છે.

શહેરની પ્રદ્યુમનનગર પો.સ્ટેની ચોક્કસ શાખાને એક એમ્બ્યુલન્સમાં દારૂ હોવાની બાતમી મળી હતી. આ એમ્બ્યુલન્સ રણછોડનગર પાણીના ઘોડાથી પારવડી ચોક થઈને પ્ર.નગર પોલીસ સ્ટેશનનાં વિસ્તારમાં પ્રવેશતા પ્ર.નગર પોલીસ સ્ટેશનની ચોક્કસ બ્રાન્ચનાં સ્ટાફે અટકાવીને તલાસી શરૂઆત કરતા આશરે બે પેટી ઈંગ્લીશ દારૂ હોવાનું માલુમ પડ્યું હતું.

એમ્બ્યુલન્સ સંચાલકની ટીમ આ આખા પ્રકરણને ઢાંકપછેડો કરવા પ્ર.નગર પો.સ્ટેશને દોડી ગયા હતા અને સમગ્ર પ્રકરણને સંકેલવામાં સફળ થયા હતા.

આ અંગે ભેદી શાખામાં આવો કોઈ બનાવ બન્યાનો ઇન્કાર કર્યો હતો. પ્ર.નગર પો.સ્ટેના જવાબદાર અધિકારીને આ અંગે પૂછતાં તેઓ પણ સમગ્ર મામલે અજાણ હોવાનું જણાવ્યું હતું.

અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે, આ એમ્બ્યુલન્સ ઇકો ગાડી છે અને તેના નંબર બે ડીઝીટમાં અને ૩૬ નાં આંકડાની નજીકનાં હોવાનું જાણકારોનું મંતવ્ય છે.(૧૨)

# કોંગ્રેસના પ્રવકતા અને સિનિયર નેતા કૈલાસદાન ગઢવી પક્ષ છોડવાની તૈયારીમાં?

## કોંગ્રેસ સતા કે સરકાર બનાવવામાં આક્રમક બની શકી નથી, હવે હું થાકી ગયો છુંઃ ટવીટ કરી નવું કરવાનો સંકલ્પ આપ્યોઃ આપમાં જોડાય તેવી શકયતા

રાજકોટ તા.૨૨
ગુજરાતમાં ધારાસભા ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે અને ના-ના છતા પણ ભાજપ ગમે ત્યારે ચૂંટણી જાહેર કરીને વિરોધીઓને ઉંઘતા સપડાવી દેવા માટે પ્રયત્ન કરી રહ્યા હોવાના સંકેત છે તે વચ્ચે રાજીનામા અને પક્ષ બદલવાનો દોર પણ યથાવત રહ્યા છે. એક તરફ કોંગ્રેસ પક્ષમાં પાટીદાર નેતા નરેશ પટેલ આવે છે કે કેમ તે હજુ સસ્પેન્સ છે અને હવે હાર્દિક પટેલ કોંગ્રેસ છોડી રહ્યો છે તેવા સંકેત મળ્યા છે તે વચ્ચે આજે કોંગ્રેસના એક સિનિયર નેતા અને પ્રવકતા કૈલાસ ગઢવીએ એક ટવીટ કરીને પોતે કોંગ્રેસ છોડી રહ્યા હોવાનું સંકેત આપી દીધો છે. વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને કોંગ્રેસ પ્રોફેશ્નલ સેલના વડા તરીકે કામ કરનાર કૈલાસ ગઢવીએ આજે ટવીટ કરીને સતા માટે કે સરકાર બનાવવા માટે જે કટ્ટર સંકલ્પ જોઈએ તેનો કોંગ્રેસમાં અભાવ છે અને તેના કારણે જ આપણે ગુજરાતમાં સરકાર બનાવી શકયા નથી અને સૌથી વધુ નુકશાન જમીન સાથે જોડાયેલા કાર્યકર્તાને થઈ રહ્યું છે જે દિવસ-



રાત મહેનત કરે છે પણ હું હવે થાક અનુભવુ છું. ચાલો કાંઈક નવું કરીએ.

તેમનું આ ટવીટ વાયરલ થયું છે અને સૂત્રોના જણાવ્યા મુજબ તેઓ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. કૈલાસદાન ગઢવી અગાઉ પણ અસંતુષ્ટ રહી ચૂકયા છે. તેમણે કહ્યું હતું કે ૨૦૧૭માં મારું નામ છેલ્લે સુધી નકકી હતું તેઓએ ૨૦૧૫માં અમદાવાદમાં સાબરમતીમાંથી ટિકિટ માંગી હતી તે પણ આપી ન હતી અને તે સમયે તેઓએ રાજીનામુ આપ્યુ હતું પણ બાદમાં મનાવી લેવાયા હતા. હવે તેઓ આમ આદમી પાર્ટીમાં જોડાય તેવી શકયતા છે.

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક

WhatsApp કરો
તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો
તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.
કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

# રાજકોટમાં ગેરકાયદેસર દબાણ દૂર કરવા મેયરનો આદેશ



## મેયર ડો.પ્રદિપ ડવના અધ્યક્ષ સ્થાને વોર્ડ નં. ૨, ૩, ૭, ૧૩, ૧૪, ૧૭ના વિકાસ કામોની સમીક્ષા બેઠક યોજાઈ: ૨૦૨૨-૨૩ના મનપાના બજેટમાં સમાવિષ્ટ પ્રોજેક્ટ્સનું વહેલાસર આયોજન કરવા તમામ અધિકારીને સુચના અપાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૨

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ વોર્ડમાં લોકોને પાયાની મૂળભૂત સુવિધાઓની સાથોસાથ અન્ય જરૂરી પ્રોજેક્ટના લાભ પણ મળતા રહે તે રીતે વિકાસલક્ષી આયોજન કરવામાં આવતું હોય છે. જે મુજબ હાલ પણ જુદાજુદા વિકાસ કામો વિવિધ વોર્ડમાં ચાલી રહેલ છે. આ વિકાસ કામો ઝડપથી પૂર્ણ થાય તેમજ ચાલુ નાણાકીય વર્ષ સને ૨૦૨૨-૨૩માં જુદીજુદી યોજનાઓ તેમજ વિકાસ કામો વહેલી તકે કાર્યવાહી હાથ ધરવાના આજે મેયર ડો.પ્રદિપ ડવના અધ્યક્ષ સ્થાને વોર્ડ નં. ૨, ૩, ૭, ૧૩, ૧૪, ૧૭ માટે સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવેલ.

આ બેઠકમાં મ્યુનિ.કમિશનર અમિત અરોરા, વોર્ડ નં.૨ ના કોર્પોરેટર અને ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ, વોર્ડ નં.૧૭ ના કોર્પોરેટર અને શાસકપક્ષ નેતા વિનુભાઈ ઘવા, વોર્ડ નં.૧૩ના કોર્પોરેટર તથા દંડક સુરેન્દ્રસિંહ વાળા સહિતના સેન્ટ્રલ ઝોન હેઠળ આવતા તમામ વોર્ડના કોર્પોરેટરઓ તથા સંગઠનના સ્થાનિક આગેવાનો તેમજ સંબંધક અધિકારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. મેયર અને કમિશનરએ ઉપરોક્ત તમામ વોર્ડમાં ચાલી રહેલ કામો અંગે સંબંધિત અધિકારીઓ પાસેથી વિગતો મેળવી આ કામો ઝડપથી આગળ ધપાવવા સૂચના આપી હતી. શહેરના કેટલાક વિસ્તારમાં કન્સ્ટ્રક્શન અને ડિમોલેશન વેસ્ટ ઠાલવવામાં આવતા હોવાની રજુઆતના પગલે હવે આવો કચરો ઠાલવતા લોકો સામે આર.ટી.ઓ.ની સાથે સંકલન કરીને કામગીરી હાથ ધરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. જુદા-જુદા વોર્ડમાં આવેલા મનપાની માલિકીના વિવિધ હેતુના જમીનના પ્લોટની જાળવણી માટે ફેન્સિંગ કરાવવા જરૂરી ચર્ચા કરવામાં આવી હતી.

વોર્ડ નં.-૨માં ચુડાસમા મેઈન રોડને ડામર કાર્પેટ કામમાં લેવા બજરંગવાડી સર્કલ પાસે ગેરકાયદેસર દબાણ દુર કરવું, નવી આંગણવાડી બનાવવા તેમજ આરોગ્ય કેન્દ્ર બનાવવાની કામગીરી ક્યાં સુધી પહોંચી તેમ ચર્ચા કરવામાં આવેલ. આ ઉપરાંત રેસકોર્ષમાં નવી આર્ટ ગેલેરી બનાવવાની કાર્યવાહી ઝડપથી આગળ વધારવા રજૂઆત કરેલ.

વોર્ડ નં. ૩માં આગામી ચોમાસાની ઋતુ આવી રહેલ હોય સાંઢયા પુલથી પોપટપરા સુધીનો વોકળો વ્યવસ્થિત સફાઈ કરાવવા, નવી વોર્ડ ઓફીસ બનાવવા માટેની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા તેમજ રેલનગર અન્ડરબ્રિજના ચોમાસા પછી પાણી પડવાનું ચાલુ રહે છે તે બંધ કરાવવા ઘટતું કરવું, વોર્ડ નં.૩માં બાળકોના સ્મશાનમાં કમ્પાઉન્ડ વોલ કરવી તેમજ નવા ડેવલપ થયેલ વિસ્તારમાં પ્રાથમિક સુવિધાના કામો ઝડપથી આગળ વધારવા રજુઆત કરવામાં આવેલ.

વોર્ડ નં.-૭માં રામનાથપરા વિસ્તારમાં સફાઈ કામદારની ઘટના કારણે સફાઈ થતી નથી. નિયમિત સફાઈ થાય તે માટે કાર્યવાહી કરવી. આ ઉપરાંત, વોર્ડ નં.૭માં આવેલ પે એન્ડ પાર્કિંગના પ્લોટમાં દબાણો દુર કરવા, શિપિંગ મશીન દ્વારા સફાઈ કરવા ઉપરાંત બધા વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા થતી હોય તે માટે દબાણો દુર કરવા. રામનાથ મહાદેવ મંદિરની સફાઈની કામગીરી હાથ ધરવી.

વોર્ડ નં.-૧૩માં બાકી રહેલા વિસ્તારોમાં ડી.આઈ.પાઈપલાઈનના કામો ક્રમશ: હાથ પર લેવા, ખોડીયારપરા વિસ્તારમાં રસ્તામાં મેટલીંગ કામ હાથ ધરવા, ટી.પી.રોડ ડેવલોપમેન્ટની મંજુરીની પ્રક્રિયા ઝડપથી આગળ ધપાવવા, કોર્પોરેશનની માલિકીના જમીનના પ્લોટમાં દબાણ ન હોય તે સુનિશ્ચિત કરવા તેમજ સફાઈ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવવા રજૂઆત કરવામાં આવી હતી.

વોર્ડ નં.-૧૪માં ભક્તિનગર સર્કલ, ગીતા મંદિર પાસે બનાવવામાં આવી રહેલ હોકર્સ ઝોનમાં વધુ સંખ્યામાં ધંધાર્થીઓને નિશ્ચિંત પણે રોજગારી મળી રહે તે માટે વ્યવસ્થા કરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ ઉપરાંત, ગુરૂકુળ પમ્પીંગ સ્ટેશન ખાતે ક્વોલિટી કંટ્રોલ સેલ માટે બની રહેલી નવી લેબોરેટરી, પુજારા પ્લોટ વોકળાની રિટેઈનીંગ વોલ તથા લલુડી વોકળી અને જીન પ્રેસ તરફ જવાના રસ્તા પરના જુનવાણી નાલાને પહોળું કરવાની ચાલી રહેલી કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સુચના આપવામાં આવી હતી.

વોર્ડ નં.-૧૭માં નારાયણનગરથી ઢેબર રોડ સુધીના રસ્તાનું ડામર કામ હાથ ધરવા, હાલ વોર્ડ નં. ૧૭ અને ૧૮ ની વોર્ડ ઓફીસ ભેગી છે તે અલગ કરવા અંગેની હાલ ચાલી રહેલી ટેન્ડર પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા, વિનોદભાઈ શેઠ કોમ્યુનીટી હોલ નવીનીકરણનું કાર્ય ઝડપથી હાથ ધરવા, વિસ્તારોને ધ્યાનમાં રાખી આવશ્યકતા મુજબ ટીપરવાન ફાળવવા કોર્પોરેટર અને સંગઠનના હોદેદારોએ રજૂઆત કરાઇ હતી

# વોર્ડ નં.૧૧માં ૨૨.૫ લાખના ખર્ચે ડ્રેનેજ લાઈન મંજૂર કરાવતા કોર્પોરેટરો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૨

મોટા મવા વિસ્તારમાં આવેલ કોઝી કોર્ટ યાર્ડની પાછળના ભાગમાં ઘણા સમયથી ડ્રેનેજ લાઈનની માંગ હતી. વોર્ડ નં.૧૧ના કોર્પોરેટરો ભારતીબેન ફેર્નાનડેઝ પાડલીયા, લીલુબેન છગનભાઈ જાદવ, વિનુભાઈ સોરઠીયા, રણજીતભાઈ સાગઠીયાએ મંજુર કરાવી આપી હતી. અને આજે આ કામનું ખાતમહુર્ત કરવામાં આવેલ હતું.

આ તકે ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, વિધાનસભા ૭૧ના ઇન્ચાર્જ રાજુભાઈ બોરીચા, પ્રમુખ સંજયભાઈ પીપળીયા, મહામંત્રી સંજયભાઈ બોરીચા, હસમુખભાઈ માંકડિયા, પ્રભારી રાજુભાઈ માલધારી, તથા વોર્ડ નં.૧૧ના આગેવાનો ફેર્નાનડેઝ પાડલીયા, ભરતભાઈ સિંગાળા, વિજયભાઈ કોરાટ, સંજયભાઈ દવે, ગીરીશભાઈ રાજપરા, પ્રવિણભાઈ ઠુંમર, પ્રીતેશભાઈ ભુવા, બાવનજીભાઈ, જેન્તીભાઈ મેઘાણી, મીથુનભાઈ ઢાણીયા, હિતેન્દ્રભાઈ તથા મયુરીબેન ભાલાળા, અને સ્થાનિક આગેવાનો ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થતિ રહ્યાં હતા.

# ઠેબચડા ગામ પાસે થયેલ અકસ્માતમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ તા.૨૨

ઠેબચડા ગામ પાસે ટ્રેક્ટર અને મોટરસાયકલ વચ્ચે અકસ્માત થતાં ફરિયાદીએ આરોપી સામે ફરિયાદ કરતા કોર્ટમાં પુરાવા તથા દલીલો પુરવાર ન થતા આરોપીને નિર્દોષ છોડી મૂકવા કોર્ટે હુકમ કરેલ છે.



એડવોકેટ: નટવર.સી. ઠક્કર

આ કેસની વધુ વિગત એવી છે કે,૨૦૧૨ માં ઠેબચડા ગામ પાસે ટ્રેક્ટર અને મોટરસાયકલ વચ્ચે થયેલ અકસ્માતમાં ફરિયાદી સુરેશ મનજીભાઈ ભગતએ આરોપી સુરેશભાઈ બાવાભાઈ સગપરીયા વિરુદ્ધ ફરિયાદ કરતાં કોર્ટમાં પંચો દ્વારા ફરિયાદ, પુરાવા, લીલો થી પુરવાર ન થતા આરોપી સુરેશભાઈ બાવાભાઈ સગપરીયાને કોર્ટે નિર્દોષ છોડી મૂકવા હુકમ ફરમાવેલ છે.

આ કામમાં આરોપી તરફે એડવોકેટ એન.સી. ઠક્કર, એન. ઠક્કર તથા ભાવેશ કે.પટેલ રોકાયેલ હતા.

**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી**

# રાજકોટ ક્રાઈમ

## ઈંગ્લીશ દારૂની બોટલો ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કવોડ : બુટલેગર મહિલા ફરાર

રાજકોટ: મનહરપુરા શેરી નં.૧૦ માં રહેતી મહિલા બુટલેગર જશીબેન મનોજભાઈ જાદવ જેના વિરુદ્ધ અગાઉં પણ થોરાળા પોલીસ સ્ટેશનમાં ૬ જેટલા ગુન્હા નોંધાયા છે.તેમજ ૧ વખત પાસા હેઠળ અટકાયત કરેલ જેને પેરોલ ફર્લો સ્કવોડને મળેલ બાતમીને આધારે ચુનારવાડ શેરી નં.૩ ના ખૂણે દરોડો પાડતા અલગ અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની ૨૩ બોટલ કી.૧૧૫૦૦ નો મુદ્દામાંલ ઝડપી અને નાસી છુટેલ જસીબેનને પકડવા તજવીજ હાથ ધરી છે.

## કાગદડી મેલડી માતાના મંદિરમાં ચોરી કરનાર ઈસ્મ ઝડપાયો

રાજકોટ: કુવાડવા રોડ પોલીસ સ્ટેશનને મળેલ બાતમીને આધારે ગવરીદળ આઈ.ઓ.સી. પ્લાન્ટ પાસે દરોડો પડતા નારાયણ નગર મેઈન રોડ જલારામ ખમણની બાજુમાં રહેતા અને અનેક ચોરી કરનાર ઇસમ પંકજ બાબુભાઈ હાપલીયા (ઉ.વ.૩૩)ને લોટ ક્રશ કરવાનું મશીન કી.૧૨૦૦૦ ,લોખંડનાં પાઈપ કી.૧૦૦૦ તથા લોખંડના તબડકા નંગ ૪ કી.૫૦૦૦ મળી કુલ ૧૮૦૦૦ ના મુદ્દામાલ સાથે જડપી પાડ્યો તેમજ પંકજની કડક પુછપરછ કરતા તેને ત્રણ ચાર દિવસ અગાઉ પડધરી ખાતે સુરાપુરા મંદિર માંથી વાસણની ચોરી તેમજ શાળા નં.૧૫ ખાતે આવેલ કેબીનમાંથી રોકડા રૂ.૨૦,૦૦૦ ચોરી કર્યાનું કબુલ કરેલ જે અંગે કુવાડવા પોલીસે અનડિટેક ગુનો ડિટેક કરી કાર્યવાહી હાથ ધરી છે.

## ચીલ ઝડપ કરનાર ૩ ને ઝડપી પાડતી બી.ડિવિઝન પોલીસ

રાજકોટ: બી.ડિવિઝન પોલીસ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન કેસરી હિન્દ પુલ બસસ્ટેન્ડ નજીક રોડ પર ત્રણ જણા સંકાસ્પદ લગતા તેની અટકાયત કરી પોકેટ કોપ એપ.મોબાઈલમાં ત્રણે નો ગુનાહિત ઈતિહાસ મળી આવતા વધુ પુછપરછ કરતા શીવમનગર નો પ્રીતેશ ઉર્ફે કાળી આચાર્ય (ઉ.વ.૨૬), અલ્ફાઝ સુમરા (ઉ.વ.૨૪) ,તેમજ એક બાળકિશોર ને સોનાના ૧૭ ગ્રામ નો ચેન કી રૂ.૭૦૦૦૦ ,મો.સા કી.રૂ. ૫૦૦૦૦ ,૩ મોબાઈલ કી.રૂ. ૨૨,૫૦૦ મળી કુલ ૧,૬૭,૫૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી તેમજ ત્રણે ઇસમોએ ચીલ જડપ કર્યાનું કબુલ કરતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વરલી ફીચરનો જુગાર રમાડતો ૧ ઝડપાયો

રાજકોટ: કોઠારિયા સોલ્વંત હરિદ્વાર સોસાયટીમાં રહેતો ધર્મેશ ઉર્ફે ધમો બીપીનભાઈ પરમાર (ઉ.વ.૩૨)ને ગઈકાલે આજીડેમ પોલીસે બાતમીના આધારે કોઠારિયા સોલવન્ટ સ્ટેશન પાસેથી જાહેરમાં આવતા જતા લોકો પાસેથી વરલી ફીચરના આકડા લખાવી જુગાર રમાડતો રોકડા રૂ.૧૧૩૦ સાથે ઝડપી ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી.

# અખિલ ભારતીય કોળી સમાજ શહેર- જિલ્લાનાં હોદ્દેદારોની નિમણૂંક

## પ્રદેશ પ્રમુખ ઋત્વિક મકવાણા, કાર્યકારી પ્રમુખ દિનેશ મકવાણાનાં હસ્તે નિમણૂંક અપાઈ




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૨

શહેરનાં ભવાનીનગર વિસ્તારમાં અખિલ ભારતીય કોળી સમાજનાં પ્રમુખ ઋત્વિકભાઈ મકવાણાની અધ્યક્ષતામાં કાર્યકરોની મિટિંગ યોજાઈ હતી. આ મિટિંગમાં ગુજરાત કાર્યકારી અધ્યક્ષ દિનેશભાઈ મકવાણા, ગુજરાત યુવા પ્રમુખ દિવ્યેશભાઈ ચાવડા, મહિલા અગ્રણી દીપ્તિબેન સોલંકી, સોમાભાઈ ભાલીયા, કાનાભાઈ શિયાળ, કાળુભાઈ ખેર સહિતનાં આગેવાનોની ઉપસ્થિતિમાં રાજકોટ શહેર પ્રમુખ તરીકે પાંચાભાઈ વજકાણી, જિલ્લા પ્રમુખ તરીકે મનસુખભાઈ જાદવ, શહેર મહામંત્રી રમેશભાઈ ઝાપડિયા, પ્રવિણભાઈ સાપરા, શહેર ભાજપ ઉપપ્રમુખ તરીકે શૈલેષભાઈ ચાવડા, નિલેશભાઈ જાદવ, રાજકોટ તાલુકા પ્રમુખ રમેશભાઈ મેટાળીયા, શહેર મંત્રી ધીરુભાઈ શિયાળ, વિજયભાઈ ચાવડા, મનોજભાઈ શિયાળની વરણી કરવામાં આવી છે.

આ વરણીને અખિલ ભારતીય કોળી સમાજનાં તમામ આગ્રવાનો, કાર્યકરો અને સમાજનાં ધારાસભ્યોએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા.(૧.૧૨)

OM CATRERS
Best Food For All Occasion
Call: 98251 51818 / 97144 53898
Web: www.omcaterersrajkot.com

# જૈન સોશિયલ એક્ટિવિટી ગ્રુપ દ્વારા છાસ વિતરણ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૨

જૈન સોશિયલ એક્ટિવિટી કલબ દ્વારા આયોજિત અને દાતા પરિવારના સહયોગથી ઉનાળાના ઉકળાટભર્યા વાતાવરણમાં લોકોને ઠંડક પહોંચાડી માનવ સેવા એ જ પ્રભુ સેવાનો ચરિતાર્થ કરી માંગલિક મંત્રનું પઠન બાદ રોજ બપોરે કેકેવી હોલ બ્રીજ નીચે ૨:૩૦ થી ચાર વાગ્યા સુધી ૨૦૦ લીટરથી પણ વધારે છાશ વિતરણ કાર્યનો શુભારંભ કરવામાં આવેલ છે.

જૈન સોશિયલ એક્ટિવિટી કલબ આવા અનેક કામ કરી રહ્યું છે. જેમ કે, જીવ દયા, માનવ સેવા, અનાથ આશ્રમ, વૃદ્ધાશ્રમ જ્યાં જ્યાં જરૂરિયાત મંદ લોકોને જરૂરિયાત પૂરી પાડે છે, આની સાથે સાથે જૈન સમાજના ચારેય ફિરકાના પરિચય મેળા, સમૂહ લગ્નનું પણ આવતા દિવસોમાં આયોજન કરી રહ્યું છે.

આ કાર્યની કેતનભાઈ સંઘવી, પરિમલભાઈ મહેતા, પ્રશાંતભાઈ ચોકસી, જિજ્ઞાબેન વોરા, હર્ષિલ વોરા, જશાભાઈ કાર્ય કરતાએ જહેમત ઉઠાવી રહ્યા છે.

**રાજકોટના રેસકોર્સમાં બેઠેલી યુવતીને શ્વાસ ચડતા ઊંઘની અડધી ગોળી ગટગટાવી, વધેલી ટીકડી બીજી સખીએ પી લીધી,બંને બેભાન**

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
ADVERSITING HERE
ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટ્યૂકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો
એક લાઈનના 5 Rs.
મિનીમમ ૫ લાઈન ફરજીયાત
+5%GST
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# 'સ્વચ્છ, સુંદર રાજકોટ'ના સૂત્રની હાંસી ઉડાવતી તસવીરો!



(તસવીર: દિલીપ ગોહેલ)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ: 'સ્વચ્છ રાજકોટ સુંદર રાજકોટ' આ વાક્યને સિધ્ધ કરવા માટે મનપા તેમજ શહેરીજનો દ્વારા પુરજોશમાં કામગીરી થતી જોવા મળી રહી છે. તેમ છતાં શહેરના અમુક વિસ્તારોમાં હજુ પણ કચરો યથાવત જોવા મળી રહ્યો છે. આ કચરાના ઢગલાનો કેટલાક સમયથી કોઇપણ પ્રકારનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો ન હોય તેવું આ તસવીરમાં ખૂબ સચોટ રીતે દેખાઇ રહ્યું છે. મનપા દ્વારા શહેરના તમામ વોર્ડમાં ટીપરવાન મુકવામાં આવી છે એટલું જ નહીં તે ટીપરવાન ઘરે-ઘરે જઇ કચરો એકત્ર કરે છે; સાથોસાથ કોર્પોરેશન દ્વારા શહેરના નાગરીકોને ડિસ્ટબીનનું વિતરણ પણ કરવામાં આવ્યું હોવા છતાં કચરાનો પ્રશ્ન હજુ ત્યાંનો ત્યાં જ છે! જો ટીપરવાન દરરોજ સમયસર કચરાનો નિકાલ કરવા માટે આવે તો પ્રશ્ન એ થાય કે આટલી ગંદકી કેમ ફેલાય છે? અને જો ગંદકી ફેલાય છે તો તેનો યોગ્ય નિકાલ કરવામાં કેમ આવતો નથી? આથી લોકોએ પોતાની સુજબુઝ સાથે કચરાનો ફેલાવો ન કરવો જોઇએ અને તેના ફેલાવાને પણ અટકાવવો જોઇએ. જો આવું કરવામાં સહેજ પણ ચુક રહી જાશે તો લોકોએ ઘણીખરી બિમારીઓનો સામનો કરવો પડશે. ત્યારે બીજીબાજુ જોવા જઇએ તો મહાનગરમાં મૌસમી રોગચાળો વકરતો જોવા મળી રહ્યો છે. સિવિલ અને ખાનગી દવાખાનાઓમાં વાયરલ બિમારીઓનો શિકાર બની ગયેલા દર્દીઓ ઉભરાઈ રહ્યા છે. જો આવી જ રીતે કચરો શહેરના તમામ વોર્ડમાં યથાવત રહ્યો તો ફેલાતા રોગચાળાનો સામનો કરવો ખૂબ મુશ્કેલ થઇ જશે. તેવું લોકોમાં ચર્ચાઇ રહ્યું છે. કોર્પોરેશન દ્વારા આટઆટલી કામગીરી કરી હોવા છતાં હજુ પણ કંઇક એવું કરવું જોઇએ કે લોકો વધુને વધુ જાગૃત થાય અને શહેરને સ્વચ્છ બનાવવાના અભિયાનમાં પરિપૂર્ણ સાબિત થઇશે.(૧૩)

## તંત્રી સ્થાનેથી...

### શ્રીલંકાની હાલત કફોડી...

શ્રીલંકા દેશ અત્યારે ગંભીર આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. છેલ્લા એક મહિનાથી હાલત કફોડી છે અને આ હાલત ક્યારે સુધરશે એ નક્કી નથી. શ્રીલંકાની ધરતી એવી છે, જેની અંદર કુદરતે રત્નોનો ભંડાર ભર્યો છે. શ્રીલંકાની ધરતીમાંથી નીકળતા રત્નો વિશ્વભરમાં પહોંચે છે અને એની ઊંચી કિંમત હોય છે. ભારતમાં પણ શ્રીલંકાના અનેક રત્નો આયાત થાય છે, પણ એમાં બે રત્નો મહત્ત્વના છે. એક, ગુરૂનું રત્ન પોખરાજ અને બીજું, શનિનું રત્ન નીલમ. શ્રીલંકામાં કટોકટીને કારણે ત્યાંથી રત્નો ભારત આવતા બંધ થયા છે. શ્રીલંકાનું નામ પહેલાં સિલોન હતું. એની જમીનમાંથી રત્નો નીકળે છે. એ વ્યવસાય આજકાલનો નથી. આ વેપારનો વારસો બે હજાર વર્ષ જૂનો છે. શ્રીલંકાની ધરતીમાંથી વિવિધ પ્રકારનાં પુષ્કળ રત્નો નીકળતાં હોવાને કારણે શ્રીલંકાને દક્ષિણ એશિયાની રત્નોની રાજધાની કહે છે. વિશ્વમાં આ દેશને રત્ન દ્વિપ યાને આઈલેન્ડ ઓફ જેમ્સ પણ કહેવાય છે. ૧૬મી સદીમાં પોર્ટુગીઝ સંશોધક વાસ્કો ડી ગામાએ શ્રીલંકા વિશે કહેલું, સિલોનમાં બે શ્રેષ્ઠ વસ્તુ છે, તજ અને નીલમ.

શ્રીલંકામાં રાજધાની કોલંબોથી લગભગ ૧૦૦ કિલોમીટર દક્ષિણપૂર્વમાં સિંઘલીઝ શહેર છે અને અહીં જ રત્નપુરા નામનો વિસ્તાર છે, જ્યાંથી પુષ્કળ પ્રમાણમાં રત્નો મળી આવે છે. રત્નપુરા પ્રદેશ એ વિસ્તાર છે, જ્યાંથી સૌપ્રથમ નીલમ મળી આવ્યો હતો. શ્રીલંકામાં રત્નોની ઘણી ખાણો છે, જેમાં બાઈબલ ખાણ, એલેહારા ખાણ, દરિયાકિનારે આવેલી મેટિયાગોડા મૂનસ્ટોન ખાણ, મોરાવાકા, પર્વતીય વિસ્તારમાં નુવારા એલિયા ખાણ અને રત્નપુરાથી ૧૫ કિલોમીટર દૂર પેલ્માદુલ્લા નીલમ ખાણ આવેલી છે. સામાન્ય રીતે ખાણનો અર્થ એટલે પર્વત વિસ્તારમાં ખોદકામ કરવું અથવા ખીણ જેવા ખાડામાં ઊંડા ઊતરવું પણ એવું નથી. અહીં કુદરતી વહેતી નદીઓ આસપાસ કોતરોમાંથી રત્નો કાઢવામાં આવે છે. બીજું, કોઈની વાડી-ખેતરમાંથી રત્ન મળી આવે તો સમજી લેવાનું કે ત્યાં જમીનની અંદર રત્નો હશે જ. એટલે કૂવા જેવો ઊંડો ખાડો કરીને ગરેડો બાંધવામાં આવે અને દોરડાથી પ્લાસ્ટિકનો ખાલી કોથળો ઉતારવામાં આવે. આ કોથળામાં ભીની માટી બહાર આવે, એમાંથી નિષ્ણાત મજૂરો રફ રત્નો શોધી કાઢે છે. બીજું, નદીકિનારે જે કોતર હોય છે એમાં પાણીમાં ઊતરીને મજૂરો હાથેથી કાંપ બહાર કાઢે છે. આ કાંપને વાંસના સૂંડલામાં નાખે છે, એટલે મોટા પથ્થરો ટોપલામાં પડ્યા રહે છે. એમાંથી રત્નોને અલગ કાઢી લેવાય છે. આ રત્નો પથ્થર જેવા જ હોય છે. પારખુ નજર અને અભ્યાસુ મજૂર તરત ઓળખી બતાવે છે. ભારતમાં અલગ અલગ દેશમાંથી અલગ અલગ રત્નો આયાત થાય છે, જેમ કે અફઘાનિસ્તાનથી રુબી, લાપીઝ લઝુલી. શ્રીલંકાથી પોખરાજ અને નીલમ. આ સિવાય બેંગકોકથી અનેક રત્નો ભારત આવે છે. બેંગકોકમાં રત્નો બને છે અને શ્રીલંકાની જમીનમાંથી કુદરતી રત્નો નીકળે છે. શ્રીલંકા એટલે સિલોનના રત્નો મોંઘાં હોય છે. અમદાવાદના રત્ન ઝવેરી તો કહે છે, ભાવની શરૂઆત કોઈપણ હોઈ શકે, પણ એનો એન્ડ નક્કી ન હોય. બીજું, દર વર્ષે કેટલા સ્ટોન ભારત આવ્યા એનો કોઈ ડેટા નથી, કારણ કે કન્યાકુમારીથી લઈને કાશ્મીર સુધી આ રત્નો આવે છે અને તળપદી ભાષામાં કહીએ તો ઢગલામોઢે રત્નો-નંગ ભારત આવે છે.

# બિનસચિવાલય કલાર્કના ૧૦ લાખથી વધુ ઉમેદવારો માટે એસટી નિગમ એક્સ્ટ્રા બસો દોડાવશે

**રાજકોટ થી ૩૦ વધારાની બસો દોડાવાશે : ૧૮ બસો બુક થઈ ગઈ**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૨૨

આગામી તારીખ ૨૪ ને રવિવારના રોજ રાજયભરના જિલ્લાઓના જુદા-જુદા કેન્દ્રો ઉપર બિનસચિવાલય કલાર્કની પરીક્ષાઓ લેવામાં આવનાર છે. આ પરીક્ષામાં રાજયભરમાંથી ૧૦ લાખ થી વધુ ઉમેદવારો પરીક્ષા આપનાર છે તેમજ રાજકોટ જિલ્લામાં પણ ૫૧૭૨૦ ઉમેદવારો પરીક્ષા આપનાર છે.

રાજકોટ જિલ્લામાં ખાસ કરીને ભાવનગર, ઉના, મહુવા, અમદાવાદ અને સુરેન્દ્રગર જિલ્લાના ઉમેદવારો પરીક્ષા આપનાર છે. આ પરીક્ષા અનુસંધાને એસટી નિગમ દ્વારા તાજેતરમાં એલઆરડીની પરીક્ષાની જેમ કલાર્કની પરીક્ષામાં પણ એક્સ્ટ્રા બસો દોડાવાનું રાજયભર માંથી આયોજન કરવામાં આવેલ છે.

એસટી નિગમ દ્વારા રાજકોટ સહિત રાજયના જુદા-જુદા ૧૬ ડિવીઝનો માંથી બીનસચિવાલય કલાર્કની પરીક્ષા માટે એક્સ્ટ્રા બસો દોડાવનાર છે. રાજયમાં જે જે સ્થળોએ પરીક્ષાના કેન્દ્રો છે, ત્યાં ઉમેદવારોને મુકવા અને ત્યાંથી પરત લઈ આવવા માટે એસટી દ્વારા એક્સ્ટ્રા બસો દોડાવામાં આવનાર છે.

વધુમાં રાજકોટ એસટી ડિવીઝનના સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ રવિવારે લેવાનાર બિનસચિવાલયની પરીક્ષા અંતર્ગત તા.૨૩મીએ અમદાવાદ, ભાવનગર તરફ અને તા.૨૪ ના રાત્રે પરીક્ષા પૂર્ણ થઈ ગયા બાદ સાંજે ૧૯ કલાક સુધીમાં ભાવનગર, ઉના, મહુવા અને સુરેન્નગર તરફ જવા માટે એક્સ્ટ્રા બસોની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તા.૨૩ મીએ ૭અને તા.૨૪ મીએ ૨૩ એક્સ્ટ્રા બસોની વ્યવસ્થા કરાઈ છે.

હાલ આ ૩૦ માંથી ૧૮ બસો બુક પણ થઈ ગઈ છે. તે સિવાય જરૂરીયાત અનુસાર જે તે દિશા માટે વધારાની બસો મુકવાની પણ એસટી તંત્રની તૈયાર છે. એસટી દ્વારા આ એક્સ્ટ્રા બસોમાં ઓનલાઈન રીઝર્વશેન પણ વ્યવસ્થા રાખવામાં આવી છે.

## રાજકોટના ૧૫૯ કેન્દ્રો ખાતે કલાર્કની પરીક્ષા, અનઅધિકૃત લોકોને એકત્રિત થવા પર પ્રતિબંધ ઈ.સી.પી. ખુરશીદ અહેમદે જાહેરનામુ પ્રસિદ્ધ કર્યું

રાજકોટ, આગામી તા.૨૪ એપ્રિલના રોજ સવારે ૧૧ થી બપોરે ૧ વાગ્યા સુધી રાજકોટના ૧૫૯ કેન્દ્રો ખાતે બિન સચિવાલય કલાર્ક અને સચિવાલય ઓફિસ આસિસ્ટન્ટ કલાર્ક (વર્ગનુ)ની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા યોજાવાની છે. જેને લઈ કેટલાક પ્રતિબંધ મુકતું જાહેરનામું ઈચાર્જ પોલીસ કમિશ્નર ખુરશીદ અહેમદે પ્રસિદ્ધ કર્યું છે. જાહેરનામાં જણાવ્યા મુજબ પરીક્ષામાં ખલેળ ન પડે તે માટે કેન્દ્રના ૧૦૦ મીટર ત્રિજયા વિસ્તારમાં અનઅધિકૃત વ્યકિતઓ એકત્રિત થઈ શકશે નહીં. ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકાશે નહી.કોઈ પણ વ્યકિત વાહન લઈ જઈ શકશે નહી.ચારથી વધુ લોકો ભેગા થઈ શકશે નહીં. વર્ગખંડમાં પ્રશ્નપત્રને લગતું સાહિત્ય લઈ જઈ શકશે નહીં. વર્ગખંડમાં મોબાઈલ સહિતના ઈલેકટ્રોનિક સાધનો લઈ જવા નહી.સુપર વાઈઝરોએ પણ પરીક્ષા ખંડમાં મોબાઈલ લઈ જવા નહીં. ઉપરાંત કર્મચારીઓએ ઓળખપત્ર સાથે રાખવા જાહેરનામાં જણાવાયું છે. આ જાહેરનામુ તા.૨૪/૪/૨૦૨૨ સવારે ૮ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધી અમલી રહેશે.

**મૂળ કુવાડવાનાં સમસ્ત જાળફવા (ચારણ) પરિવાર દ્વારા આયોજન**

# આઈશ્રી આવળધામમાં ૨૪મીથી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

**શાસ્ત્રી અર્જુન મહારાજ વ્યાસાસને બિરાજીને સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવશે**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

સમસ્ત જાળફવા (ચારણ) પરિવારનાં પિતૃ મોક્ષાર્થે અને આત્મ કલ્યાણ અર્થે તા.૨૪મી થી તા.૨૯ મી સુધી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ- અમદાવાદ હાઈ-વે પર કુવાડવા ગામ સ્થિત આઈશ્રી આવળધામ ખાતે યોજાનાર ભાગવત સપ્તાહમાં વ્યાસાસને શાસ્ત્રી શ્રી અર્જુન મહારાજ ભાગવતાચાર્ય બિરાજીને સંગીતમય શૈલી અને ભાવસભર વાણીમાં કથાનું રસપાન કરાવશે.

શ્રીમદ ભાગવત કથાનો પ્રારંભ તા. ૨૪મીએ રવિવારે થશે. ત્યારે સવારે ૯ વાગ્યે શ્રી જાણંધર રવેચી માતા મંદિર ખાતેથી વાગતે-ગાજતે પોથીયાત્રા નીકળશે. જે મુખ્ય માર્ગો પર ફરીને કથા મંડપમાં પહોંચશે. બાદમાં દરરોજ સવારે ૯ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધી અને બપોરે ૩:૩૦ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી કથા-શ્રવણ થશે.

ભાગવત સપ્તાહમાં તા.૨૭મીએ સાંજે ૫:૩૦ વાગ્યે શ્રીકૃષ્ણ પ્રાગટ્ય અને રાસ-ગરબા યોજાશે. જેમાં કલાકારો ગોવિંદભા ગઢવી, ઈલાબેન પ્રજાપતિ અને અજય ગઢવી સાથે સાજીંદાઓ ભાવિકોને મંત્રમુગ્ધ કરશે. જયારે તા.૨૯મીએ શુક્રવારે સાંજે ૫:૩૦ વાગ્યે શ્રી રૂક્ષ્મણી વિવાહ અને તા.૧લીએ રવિવારે નારાયણ યજ્ઞ યોજાશે. શ્રીમદ ભાગવત કથાનાં ભવ્ય આયોજન માટે મૂળ કુવાડવા અને હાલ જામનગર, ધાંગધ્રા- બાવળી, ભાવનગર- તળાજા, રાજપીપળા, ભાડલા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન સહિતનાં શહેરો- ગામોમાં રહેતા પરિવારજનો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.(પ.૧૨)

## ૨૬ એપ્રિલે ગુજરાતના ડીજીપીને રૂબરૂ કોર્ટમાં હાજર થવા સૂપ્રીમ કોર્ટનો આદેશ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત રાજ્યના ડીજીપીને ૨૬ એપ્રિલે રૂબરૂ કોર્ટમાં હાજર રહેવા માટે સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો છે. ઘરેલુ હિંસા, દહેજના ત્રાસથી કંટાળીને તેમજ પોતાનું સ્ત્રીધન ગુમાવી બેઠેલી વિસનગરની મહિલાએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. મહિલાની અરજીને પગલે સુપ્રીમ કોર્ટે આ આદેશ આપ્યો હતો. પત્ની અને બાળકને છોડીને વિદેશ ભાગી ગયેલા પતિ કે તેનું સરનામું શોધવામાં નિષ્ફળ રહેલી ગુજરાત પોલીસની કામગીરી અને રાજ્ય સરકારના વલણ સામે ચીફ જસ્ટીસ ઓફ ઈંડિયાના વડપણવાળી બેંચે સમગ્ર મામલે નારાજગી પણ વ્યક્ત કરી હતી.

## વિંછીયા પાસેથી બીલ વગરના ઘઉં અને ચોખાના જથ્થા સાથે એકની ધરપકડ

**ટ્રકમાંથી ૨૫૦ મણ ઘઉં અને ૨૧૨ મણ ચોખા સહિત .૮.૯૭ લાખનો મુદ્દામાલ કબ્જે**

જસદણ.તા.૨૨

વીંછીયા પાસેથી ગેરકાયદે ઘઉં અને ચોખાના જથ્થા સાથે એકની ધરપકડ કરી હતી. એસઓજી સ્ટાફ નાઈટ પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન વિંછીયાના જૂના બસસ્ટેન્ડ પાસે વાહન ચેકિંગમાં એક ગેરકાયદેસર રીતે ઘઉં અને ચોખા ભરેલું વાહન નીકળતા તેને અટકાવી તલાશી લેતા તેમાંથી ઘઉં ભરેલી પ્લાસ્ટિકની ૫૦ કિ.ગ્રા. વજનની કોથળીઓ નંગ-૧૦૦ કી.રૂ.૧,૨૫,૦૦૦ અને ચોખાની ૫૦ કિ.ગ્રા. વજનની ગુણી નંગ-૭૮ કી.રૂ.૭૨,૨૫૦ મળી આવી હતી.

જેથી વાહન ચાલક જયેશ ધીરૂભાઈ ડેરવાળીયા(ઉ.વ.૨૧) (રહે- વિંછીયા) પાસે ભરેલા અનાજનું કોઈ બીલ કે આધાર હોય તો રજૂ કરવાનું કહેતા તેની પાસે કોઈ આધાર કે બીલ ન હોવાથી આ મુદ્દામાલ કોઈ જગ્યાએથી છળકપટ કે ચોરી છૂપીથી મેળવેલું હોવાનું જણાતા એસ.ઓજી.ની ટીમે વાહન નં.૫૬૮૯ કી.રૂ.૭,૦૦,૦૦૦ સહિત કુલ રૂ.૮,૯૭,૨૫૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. બાદમાં ચાલક જયેશ ધીરૂભાઈ ડેરવાળીયાની ધરપકડ કરી તેના વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# ૧૧ હાઈસ્કૂલોને ૧૦૦ પુસ્તકો ભેટ અપાશે

**સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા કાલે વિશ્વ પુસ્તક દિવસ ઉજવાશેઃ બાલાજી મંદિરે સવારથી સાંજ સુધી પુસ્તક પરબનું આયોજન**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

શહેરમાં દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ-ઢોલરા પ્રેરિત સાહિત્યીક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ દ્વારા ૨૩ એપ્રિલ વિશ્વ પુસ્તક દિવસ નિમિતે પ્રવર્તમાન એફ.બી. વોટ્સએપ, ટચુટર, ઈન્ટરનેટ, ગુગલનાં ડીજીટલ યુગમાં નાના- મોટા સૌ કોઈ વાંચનથી વિમુખ થઇ ગયા છે. પુસ્તકો કબાટમાં ધૂળ ખાઈ છે. આવી દુઃખદાયી પરિસ્થિતિમાં શહેરમાં વાંચન પ્રવૃત્તિને વેગ મળે, શહેરીજનો વાંચન થાય તેવા શુભઆશયથી આ દિવસે તારીખ ૨૩ એપ્રિલ શનિવારનાં રોજ સવારનાં ૮ વાગ્યાથી રાત્રીનાં ૮ વાગ્યા સુધી ભુપેન્દ્ર રોડ પર આવેલ સુપ્રસિધ્ધ બાલાજી મંદિરે સંસ્થા દ્વારા પુસ્તક પરખ યોજવામાં આવશે. આ પુસ્તક પરખમાં ઐતિહાસિક, ધાર્મિક, જીવન ઘડતર, પ્રવાસ, નવલકથાઓ સહિતનાં વિવિધ વિષયોનાં એક હજાર પુસ્તકોનો વિશાળ ખજાનો વાંચનપ્રેમીઓ માટે રાખવામાં આવશે અને વાંચકો કોઈ પ્રકારની ડીપોઝીટ, લવાજમ કે સભ્ય ફી વિના પુસ્તક પરખમાંથી પોતાને મનગમતું પુસ્તક વાંચવા માટે લઇ જઈ શકશે. આ ઉપરાંત વિશ્વ પુસ્તક દિવસ નિમિતે દેશના ભાવિ નાગરિકોનું જ્યાં જીવન ઘડતર થઇ રહેલ છે તેવા વિદ્યાર્થી ભાઈઓ- બહેનોમાં વાંચનની ટેવ પડે તે માટે શહેરનાં ૧૧ હાઈસ્કૂલો દરેકને ૧૦૦ પુસ્તક ભેટ સાહિત્ય સેતુ દ્વારા આપવામાં આવશે. સમગ્ર આયોજનની સફળતા માટે સંસ્થાનાં સંયોજક મુકેશભાઈ દોશીનાં માર્ગદર્શન હેઠળ અનુપમદોશી, જનાર્દન આચાર્ય, હસુભાઈ શાહ, પંકજ રૂપારેલીયા, સુધીર દતા, પ્રકાશ હાથી, ડો.હાર્દિક દોશી, સુનીલ



વોરા, નલિન તન્ના, જીતુભાઈ ગાંધી, દિનેશભાઈ ગોવાણી, કિશોરભાઈ ઉર્મિશ વ્યાસ, નયનભાઈ, મહેશ જીવરાજાની, નૈષધભાઈ વોરા, ભનુભાઈ રાજગુરૂ વગેરે કાર્યરત છે.(૧.૧૨)

## આત્મન ગ્રુપ દ્વારા ડો.બાબાસાહેબ આંબેડકર જયંતિની ઉજવણી

**ઓનલાઈન પ્રશ્નોતરી સ્પર્ધા, ભીમ ગૌરવ પદયાત્રા, રંગોળી સ્પર્ધા, દરેક પ્રતિમાઓની સફાઈ વગેરે યોજાયા**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

મહામાનવ ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૩૧ મી જન્મજયંતિ નિમિતે આત્મન યુવા ગ્રુપ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

ગુગલ ફોમ પર સિમ્બોલ ઓફ નોલેજ ક્વિઝ કોન્ટેસ્ટ રાખેલ. તેમાં ૫૦૦ લોકોએ ભાગ લઇ ડો.બાબાસાહેબનાં જીવન અને કાર્યોથી માહિતગાર થયા હતા. ભીમ ગૌરવ પદયાત્રા યોજી બંધારણમાં આપેલ આપણા છ મૂળભૂત અધિકારો અને શિક્ષણ વિશે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. ભીમરથનું સ્વાગત કરનાર દીકરીઓને ફૂલ સ્કેપ ચોપડા આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

ભીમ મહોત્સવ અંતર્ગત ઘર-ઘર રંગોળી સ્પર્ધા યોજી પસંદગી પામેલ રંગોળીનાં સ્પર્ધકોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમોને સફળ બનાવવા ગ્રુપનાં પ્રમુખ કિશોરભાઈ રાઠોડ, નિલેશ ગોહિલ, ઉદય સોલંકી, વિશાલ પારઘી, ઈશ્વર વાણીયા, નિલેશભાઈ પરમાર, વિશાલભાઈ મકવાણા, આનંદ વાણીયા,



રાકેશ રાઠોડ, કેવલ રાઠોડ, બાવાનજીભાઈ ગોહિલ, સુરજ મકવાણા, જલ્પેશ વાઘેલા, નિશાંત ભોજાણી, પ્રજ્ઞેશભાઈ વારસુર, નયનાબેન રાઠોડ, વિશ્વાસ વાણીયા, જગદીશભાઈ સોલંકી, રાજહંસ માકડિયા, અમિતભાઈ રાઠોડ, જગદીશભાઈ ચાવડા, પરાગ રાઠોડ, કુલદીપભાઈ મકવાણા વગેરેએ જહેમત ઉઠાવી હતી.(૫.૧૨)

## સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડના વેન્ટિલેટરમાં શોર્ટના કારણે આગ ભભૂકી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટઃ રાજકોટ સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં વેન્ટિલેટરમાં અચાનક આગ લાગી હતી. જેને પગલે દોડધામ મચી જવા પામી હતી. પરંતુ સ્ટાફે અગ્નિશામક સાધનો વડે આગ પર કાબુ મેળવ્યો હતો આગની ઘટના બાદ હોસ્પિટલમાં દાખલ દર્દીઓને હોસ્પિટલ બહાર કાઢી લેવામાં આવ્યા હતા. વેન્ટિલેટર પર રહેલા દર્દીઓને પણ બીજી જગ્યાએ શિફ્ટ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન હોસ્પિટલની બહાર કઢાયેલા દર્દીઓની ડોકટર દ્વારા સારવાર કરવામાં આવી રહી હતી. ઉલ્લેખનીય છે કે શોર્ટના કારણે આગ લાગ્યાનું પ્રાથમિક તારણ વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. સદનસીબે આગને કારણે કોઈ જાનહાની થઈ નથી.

### શાપરમાં જુગાર રમતા બે મહિલા સહિત ત્રણ ઝડપાયા

રાજકોટ,શાપરમાં તીનપતીનો જુગાર રમતાં બે મહીલા સહિત ત્રણ શખ્સોને રૂા. ૧૬૦૦ની રોકડ સાથે પોલીસે દબોચ્યા હતા. દરોડાની વિગત અનુસાર શાપર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ જાડેજા સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે મળેલ ચોક્કસ બાતમીના આધારે શાપરમાં શાંતિધામ સોસાયટી પાસે આવેલ ગ્લોબલ ઇન્ડસ્ટ્રીઝ એરીયાની સામે જાહેરમાં તિનપતીનો જુગાર રમતાં બાબુ રાણા સિંઘવ, લક્ષ્મીબેન અમરા પાતર અને ગંગાબેન જેન્તી વાળા (રહે. તમામ શાપર)ને રૂા. ૧૬૦૦ની રોકડ સાથે દબોચી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# સિનિયર સિટીઝનોનાં પ્રશ્નોના સમાધાન માટે આગામી સપ્તાહથી લોન્ચ થશે હેલ્પલાઇન

**ટ્રોલ ફ્રી નંબર ૧૪૫૬૭ ડાયલ કરતાની સાથે હેલ્પ સેન્ટર તરફથી વરિષ્ઠ નાગરિકોને સંતાનોના ત્રાસ, પેન્શન, પીએફ સહિતના પ્રશ્નોમાં મળશે મદદ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા. ૨૨

રાજકોટ શહેર-જિલ્લામાં સિનિયર સિટીઝનોનાં પ્રશ્નોનાં સમાધાન માટે આગામી સપ્તાહથી ખાસ હેલ્પલાઇન લોન્ચ કરવામાં આવશે તેમ કલેક્ટર અરૂણ મહેશ બાબુએ જણાવી ઉમેર્યું હતું કે, આ હેલ્પલાઇનના ટોલ ફ્રી નંબર ૧૪૫૬૭ ડાયલ કરતાની સાથે જ વરિષ્ઠ નાગરિકોને જરૂરી મદદ મળી શકશે.આ હેલ્પલાઇન માટે કલેક્ટર અરૂણ મહેશ બાબુનાં અધ્યક્ષસ્થાને ખાસ કમીટીની રચના કરવામાં આવેલ છે. આ કમિટીની આજે સાંજે કલેક્ટર કચેરીમાં બેઠક આયોજીત કરવામાં આવી છે. આ કમીટીમાં એડીશ્નલ કલેક્ટર કેતન ઠક્કર ઉપરાંત મહેસુલ વિભાગ, જિલ્લા પંચાયત,પોલીસ, કાયદા વિભાગ, ફાયનાન્સ, આઈસીડીસી સહિત વિવિધિ અધિકારીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જૂનાગઢ જિલ્લામાં સિનિયર સિટીઝનો માટે આ હેલ્પલાઇન કાર્યરત કરવામાં આવી છે. જે બાદ આગામી સપ્તાહથી રાજકોટ શહેર-જિલ્લાનાં વરિષ્ઠ નાગરિકો માટે આ હેલ્પલાઇન કાર્યરત કરી દેવાશે.આ માટે ખાસ હેલ્પસેન્ટર શરુ કરાશે. વરિષ્ઠ નાગરિકોને કેટલાક કિસ્સાઓમાં સંતાનોના ત્રાસ તેમજ પેન્શન,પીએફ સહિતનાં પ્રશ્ન સતાવતા હોય છે. ત્યારે આ હેલ્પલાઇન કાર્યરત થતાં જ વરિષ્ઠ નાગરિકો સિનિયર સિટીઝનોને વહીવટી તંત્ર અને રાજ્ય સરકારનાં વિવિધ વિભાગો તરફથી જરૂરી મદદ મળી રહેશે. આ અંગે આજે સાંજે કલેક્ટર કચેરીમાં ખાસ બેઠક આયોજીત કરવામાં આવેલ છે.


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક

RECRUITMENT

DESIGNATION
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
Corporate Marketing

EXPERIENCE
Experienced / Freshers

WORKING HOURS
8 Am To 6 Pm

WALK IN INTERVIEW
Monday to Saturday
10 am to 7 pm

ADDRESS
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot
Email: saurashtrakranti@gmail.com
Contact: +91 94097 57062

MALE AND FEMALE BOTH CAN APPLY

## રાજયના પાંચ વિભાગીય ક્ષેત્રમાં તા.૨૩-૨૪મીએ ઈન્ટરવ્યુ લેવાશે

# કોંગ્રેસના 'પ્રતિભા શોધ અભિયાન'માં કાલથી વકતા-પ્રવકતાઓની પસંદગી

### ૩૩ જિલ્લા અને ૮ મહાનગરોમાંથી ૨૫૦૦થી વધુ યુવાઓએ ઓફલાઈન અને ઓનલાઈન ફોર્મ ભરીને કોંગ્રેસની વિચારધારા સાથે કામ કરવાની દર્શાવી છે ઈચ્છા




'સૌરાષ્ટ્ર ક્રાંતી' ની મુલાકાતે પધારેલા કૃષ્ણદત્તભાઈ રાવલ,સંજયભાઈ લાખાણી, દેવેન્દ્રસિંહ રાણા,પ્રવિણભાઈ મૈયડ,જીતુભાઈ ઠાકર,સાગરભાઈ દાફડા,ભાવેશભાઈ વાઘેલા,દિપેનભાઈ ભગદેવ,સિધ્ધાર્થભાઈ વાઘેલા, મયુરસિંહ પરમાર,મયુરભાઈ શાહ, દિપકભાઈ રાવલ, સલીમભાઈ કારિયાણીયા, પ્રકાશભાઈ રાવરાણી, ઈશાનભાઈ ગોહેલ, શામજીભાઈ રાઠોડ,કાનાભાઈ ડાભી તસ્વીરમાં નજરે પડે છે.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૨

ગુજરાત કોંગ્રેસનું 'પ્રતિભા શોધ અભિયાન' તા.૨૩-૨૪ એપ્રિલ, રાજ્યના પાચ વિભાગીય ક્ષેત્રમાં ઈન્ટરવ્યુ ગોઠવાશે. ૨૫૦૦થી વધુ યુવાઓએ કોંગ્રેસ પક્ષના માધ્યમથી વકતા-પ્રવકતા-મીડીયાના લીસ્ટમાં ઈચ્છા વ્યક્ત કરી,પ્રતિભા શોધ અભિયાન અન્વયે #SpeakUpGujarat ના હેશટેગથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશ ઠાકોર અને અગ્રણીઓએ યુવાઓને 'પ્રતિભા શોધ અભિયાન'માં પર મિસ્કોલ કરીને ભાગ લેવા આહવાન કર્યું હતું જેમાં સમગ્ર રાજયના ૩૩ જીલ્લા અને ૮ મહાનગરોમાંથી ૨૫૦૦ થી વધુ ઈચ્છુક યુવાઓએ ઓફલાઈન-ઓનલાઈન ફોર્મ ભરીને કોંગ્રેસ પક્ષની વિચારધારા સાથે કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ગુજરાત કોંગ્રેસનું 'પ્રતિભા શોધ અભિયાન' તા.૨૩-૨૪ એપ્રિલ, રાજયના પાંચ વિભાગીય ક્ષેત્રમાં ઈન્ટરવ્યુ ગોઠવાશે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે કોંગ્રેસની વિચારધારા ધરાવતા હોય અને દેશના વિકાસમાં યોગદાન આપવા માંગતા હોય તે તમામને કોંગ્રેસ પક્ષ તક આપશે. યુવાઓની ક્ષમતાની કસોટી, વકતૃત્વ શક્તિ, લેખન શક્તિ કે નવા વિચારોને જુદા-જુદા તબક્કે ઈન્ટરવ્યુ, પ્રવચન અને સામુહિક ચર્ચા , વિષયના ઊંડાણની ચકાસણી તજતી મારફત 'પ્રતિભા શોધ અભિયાન' અન્વયે તા.૨૩-૨૪ એપ્રિલના રોજ રાજયના પાંચ વિભાગીય ક્ષેત્રમા ઈન્ટરવ્યુ યોજાશે. આ કાર્યક્રમમાં ઈન્ટરવ્યુ લેનારા આગેવાનઓ મનીષભાઈ દોશી, નિદત્તભાઈ બારોટ, ધરમભાઈ કાંબલીયા, પાલભાઈ આંબલીયા, ગાયત્રીબેન વાઘેલા, સારાબેન મકવાણા, પ્રતિભાબેન વ્યાસ, હિરેનભાઈ મહેતા, અનિરૂદ્ધસિંહ નકુમ વગેરે આગેવાનો 'પ્રતિભા શોધ અભિયાન'માંથી વકતાઓ અને પ્રવકતાઓની પસંદગી માટે અભિપ્રાય આપશે. વધુ માહિતી માટે ડો.મનીષ દોશી, મુખ્ય પ્રવકતા, જી.પી.સી.સી., મો. ૯૪૨૬૦ ૦૧૫૯૯, મનહરભાઈ પટેલ, પ્રવકતા, જી.પી.સી.સી., મો.૯૯૯૮૧૬૯૫૯૬, હેમાગભાઈ રાવલ, મીડિયા કો-ઓર્ડીનેટર, જી.પી.સી.સી., મો.૯૮૯૮૨ ૩૩૦૩૮ ઉપર સંપર્ક કરી શકાશે. આ કાર્યક્રમના સૌરાષ્ટ્ર-કચ્છ ઝોનના ઈન્ચાર્જ ડો. હેમાંગભાઈ વસાવડા, ઉપપ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ તથા પ્રદિપભાઈ ત્રિવેદી-પ્રમુખ રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના માર્ગદર્શન નીચે કાર્યકરો અને આગેવાનોએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ખંઢેર જેવા જર્જરીત બિલ્ડીંગના જીવના જોખમે ભણતા બાળકો

# વડિયામાં સરકારી પ્રાથમિક શિક્ષણની કથડતી સ્થિતિ

### મિડલ સ્કૂલમાં માત્ર એક જ રૂમમાં ધો.૧ થી ૮ના બાળકોને સાથે અભ્યાસ કરવાની લાચારી



(કિરીટ જોટવા દ્વારા)
વડિયા, તા.૨૨

અમરેલી જિલ્લાના છેવાડાના ગામ અને તાલુકા મથક કે જયાં તાલુકાની મોટાભાગની કચેરીઓ આવેલી છે. તે ગામમાં જ શાળાની હાલત દયનિય જોવા મળી છે. વડિયાની માધ્યમાં ભવાની ચોક પાસે આવેલી મિડલ સ્કૂલના નામથી ઓળખાતી આ શાળામાં ધોરણ ૧ થી ૮માં કુલ ૫૧ બાળકો અભ્યાસ કરે છે. ત્યાં જર્જરિત બિલ્ડીંગના કારણે એક જ રૂમમાં બેસીને તમામ બાળકો અભ્યાસ કરવા મજબુર બને છે. તે રૂમમાં પણ ચોમાસા રૂમના તળિયામાંથી પાણી આવતું હોવાથી ખુબ હાલત ખરાબ છે.

બીજી બાજુ તાલુકા શાળા, ખેતાણી શાળાના રૂમ પણ નળિયા વાળા છે. બિલ્ડીંગ પણ જુના છે રીનોવેશન માંગે છે ત્યારે વડિયાના લોકો પોતાના બાળકોને સરકારી શાળામાં ભણાવવા માંગે છે પરંતુ સારી સુવિધાઓ અને કંટ્રોલ વગરના નબળા શિક્ષણ ને કારણે લોકો પોતાના બાળકોને પડોશના ગામ બાટવાદેવળીની સરકારી શાળામાં ભણવા જવા માટે વાલીઓએ એક રીક્ષા મૂકી છે અને ત્યાં બાળકો ભણવા જાય છે. તો શું વડિયાના સરકારી શિક્ષણમાં એવી તે શું ખામી છે કે લોકો ૫કિમિ દૂર સરકારી શાળામાં બાળકોને અભ્યાસ માટે મોકલે છે. ત્યારે વડિયામાં પ્રાથમિક શિક્ષણની ગુણવતા પર અનેક સવાલો ઉપસ્થિત થયા છે.

એ ખામી, ઉણપને શું સુધારીના શકાય ? ચોક્કસ સુધારી શકાય પરંતુ તો તેના માટે સ્થાનિક પંચાયત, અને શિક્ષણ વિભાગના સંકલનથી યોગ્ય નિર્ણયની આવશ્યકતા જરૂરી છે. હાલ વડિયામાં કુળ પાંચ સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે. તમામ શાળાઓ વચ્ચે એક કિમીનું અંતર નથી ત્યારે તે શાળાઓમાં કુલ ૫૧૦ આસપાસ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

તો આ તમામ શાળાઓને બે વિભાગમાં મર્જ કરી બે સુંદર શાળા કે એક સુંદર આધુનિક બિલ્ડીંગ સુવિધાઓ સાથેની શાળા ચોક્કસ બનાવી શકાય. હાલ વડિયામાં મોંઘીબા કન્યા શાળા કાર્યરત છે તેનું બિલ્ડીંગ પણ સારુ છે તે સ્કૂલમાં કન્યા શાળા અને ગામની મધ્ય માં આવેલી ખેતાની શાળામાં નવા બિલ્ડીંગ સાથે કુમાર શાળા બનાવી શકાય તેમ છે.

એસી ચેમ્બરમાં હવા ખાતા અધિકારીઓને ગ્રાઉન્ડ લેવલ પર આવી વાલીઓ, ગ્રામજનો સાથે સમીક્ષા કરવી પડે યોગ્ય આ બાબતે નિર્ણય લેવો પડે ત્યારે શક્ય બનશે.


## ઈન્ટરનેશનલ લોહાણા સમાજમાં ખંભાળિયાનાં હિતેશ રાયચુરા નિયુક્ત



(દિવ્યેશ જટણીયા દ્વારા)
દ્વારકા, તા.૨૨

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં ઈન્ટરનેશનલ લોહાણા સમાજનાં મીડિયા વિભાગમાં હિતેશભાઈ રાયચુરાની નિમણુંક થયેલ છે. આ નિમણૂંક થતા તેમણે ઈન્ટરનેશનલ લોહાણા સમાજના હોદ્દેદારોનો આભાર વ્યક્ત કર્યો છે. આ નિમણૂંક થતા ઠેર ઠેરથી શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.(૫.૧૨)

# પોપટ પાંદડું બની વૃક્ષની શોભા વધારે છે...!?



રાજકોટ: અત્યારે ધોમધખતા તડકામાં પાનખર હોય છે..! જેથી વન્ય સૃષ્ટિમાં ખાખી રંગ નીરખવા મળી છે. વૃક્ષનું થડ, ડાળી જ સ્પષ્ટ દેખાતા હોય છે..! વસંત વિના નેતા નજાકતતા નથી માણવા મળતી આપ ચોમાસામાં કે શિયાળામાં વૃક્ષો તેના લીલાછમ પાંદડાનાં હિસાબે વૃક્ષ મનમોહક લાગે છે..! હરિયાળી ક્રાંતી હોય છે. તેમાં શીતળતા છાયાનાં હિસાબે હોય તેમાં ફળ હોય પણ ઉનાળામાં ઓન્લી કેરી (આંબા) નું વૃક્ષ પાનથી અને ફળથી લચી પડે છે. તેમજ ખાખરો તેમાં કેશુડાનું પુષ્પ હોય આ સિવાય લગભગ વૃક્ષ પાન વિનાના સુકા હોય છેલ્લા બે દિવસથી વરસાદી વાતાવરણ છે. આથી સંધ્યાનો સમય લાંબો નીખરવા મળેલ. હું વાંકાનેરનાં રેલવે સ્ટેશનથી મીલપ્લોટ રોડ પર જતા વચ્ચે એક થોડે દૂર સિરામિક આવે છે. ત્યાં ઘણા ઉંચા-લાંબા વૃક્ષો છે. તેમાં અમૂક વૃક્ષ પાંદડા વિનાના ખાલી થડને ડાળીઓ જોવા મળે છે. પણ સંધ્યા થતા તમામ ડાળીઓ પર અસંખ્ય પોપટ બેસી જાય છે...! આથી લીલા, પોપટી પોપટ પાંદડાની ગરજ સારે છે. મેં આ તસ્વીર રોંગ લાઈટીંગમાં લીધું છે. જેથી વૃક્ષ, ડાળી, પોપટ બધા બ્લેક (કાળા) રંગના લાગે છે અને સંધ્યા થતા આછા કેશરી રંગની બાલીમાં વચ્ચે બેનમૂન એકસ્ટ્રાઓડીનરી તસ્વીર ખેંચવાનો મોકો મળતા આ ફોટો ક્લિક કરેલ તસ્વીર નિહાળો.

આલેખન: ભાટી એન.

# ગીર,બરડા,આલેચના જંગલોના નેસ વિસ્તારના રહેવાસીઓએ પુરાવા રજૂ કરવાની તક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨૨

ગીરના જંગલોના નેસ વિસ્તાર તથા વસાહતમાં વસતા રબારી, ભરવાડ, ચારણ જાતિના કુટુંબોને જણાવવામાં આવે છે કે, જસ્ટીસ ડી.જી.કારીયા કમિટી તરફથી જેઓને સુનાવણી માટેની ૨ નોટીસ મળેલ છે. તેમ છતાં હાજર રહેલ નથી તેમજ પુરાવા રજુ કરેલ નથી. જો તેઓ પુરાવા રજુ કરવા માંગતા હોય તો તા.૨૯-૧૦-૧૯૫૬ની સ્થિતિના આધાર પુરાવા સાથે મામલતદાર, જસ્ટીસ ડી.જી. કારીયા કમિટી બીજો માળ, જુનાગઢ કલેક્ટર કચેરીએ કામકાજના ચાલુ દિવસો અને સમય દરમિયાન તા.૩૦-૪ સુધી રજૂ કરી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગીર, બરડા, આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડ, ચારણ જાતિના તા.૨૯-૧૦-૧૯૫૬ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા બાબતની કમિટિની રચના ગુજરાત હાઈકોર્ટના નિવૃત જજના અધ્યક્ષસ્થાને થઇ છે. હાલમાં કમિટિની સુનાવણીની કામગીરી જંગલોના નેસ વિસ્તારમાં ચાલે છે.

જેમાં જંગલોના નેસ વિસ્તારના અરજદારોને ૦૨ નોટીસની બજવણી થવા છતાં સુનાવણીમાં હાજર રહેલ નથી. તેમજ પુરાવા રજૂ કરેલ નથી. અરજદારોને પુરાવા રજૂ કરવા માટેની એક તક મળી રહે તે જરૂરી છે. તેમ સી.આર.સીંગડા સભ્ય સચિવ ગીર,બરડા આલેચની કમિટી, અમદાવાદની યાદીમાં જણાવાયું છે.

## HGV તથા 3WT પ્રકારના વાહનો માટે જી.જે.03-બી.એકસ (GJ-03-BY)

# ૧ થી ૯૯૯૯ સુધીના નંબરોની નવી સીરીઝ શરૂ કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨૨

પ્રાદેશિક વાહનવ્યવહારની કચેરી, રાજકોટ દ્વારા HGV તથા 3WT પ્રકારના વાહનો માટે GJ-03- BY સીરીઝના ૧ થી ૯૯૯૯ સુધીના નંબરોની સીરીઝ તથા અગાઉની સિરીઝના બાકી રહેલા ગોલ્ડન સિલ્વર નંબરોના ઈ- ઓકશન શ કરવામાં આવનાર છે.

આ અંગે HGV વાહનોનાં ગોલ્ડન નંબર માટે ઓછામાં ઓછી ફી રૂ. ૪૦,૦૦૦, સિલવર નંબર માટે રૂ. ૧૫,૦૦૦ રાખવામાં આવેલ છે. તથા 3WT વાહનોનાં ગોલ્ડન નંબર માટે ઓછામાં ઓછી ફી રૂ.૮૦૦૦ અને સિલવર નંબર માટે રૂ.૩૫૦૦ રાખેલી છે. ગોલ્ડન અને સિલ્વર સિવાયનાં અન્ય પસંદગીનાં નંબરોના HGV પ્રકારનાં વાહનોની ઓછામાં ઓછી ફી રૂ.૮૦૦૦ અને 3WT માટે રૂ.૨૦૦૦ રાખેલ છે. ગોલ્ડન, સિલ્વર તેમજ અન્ય પસંદગીના નંબરો મેળવવા માટે તા.૨૭થી તા.૨૯-૪ સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તા.૩૦-૪ ના રોજ રાત્રીના ૧૨ કલાક થી તા. તા.૧-૫ ના રાત્રીના ૧૨ કલાક સુધી ઓનલાઈન ઈ ઓકશન ચાલુ રહેશે. ઈ ઓકસન પૂર્ણ થયે તા.૨-૫ ના રોજ કોમ્પ્યુટર દ્વારા જનરેટ કરેલ ઈ - ઓકશનનું પરિણામ પરિવહન સાઈટ પર ઓનલાઇન જોઈ શકાશે.

ઈ-ઓકશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સફળ અરજદારે ભરવા પાત્ર થતી રકમ દિવસ ૫માં ઈ-પેમેન્ટથી ભરી દેવી તેમજ હરાજીમાં નિષ્ફળ ગયેલ ઉમદેવારને દિવસ પાંચમાં નાણા પરત કરવામાં આવશે. ઉપરોક્ત તારીખ સિવાય પસંદગીના નંબર માટે પૂછપરછ કરવા કચેરીનો સંપર્ક કરવો નહીં. જેની નોંધ લેવા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા જણાવાયુ છે.

# દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ ટ્રસ્ટી સુનિલ વોરાનો જન્મદિવસ



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ ડાયરેકટર દીકરાનું ઘર વૃધ્ધાશ્રમના સ્થાપક ટ્રસ્ટી યંગસ્ટાર કમળ ઓફ રાજકોટના ટ્રસ્ટી મોઢ વણિક મહાજનના ટ્રસ્ટી વિવેકાનંદ યુથ કલબ એન.જી.ઓ. ફાઉન્ડેશન રૂગનાથજી મંદિર સમિતિ સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ રકતદાન ચક્ષુદાન દેહદાન થેલેસેમિયા જનજાગૃતિ અભિયાન સમિતિ સાહિત્ય સેતુ સહિતની સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલ છે. શહેરના યુવા અગ્રણી સુનિલભાઈ વોરાના જન્મદિવસ નિમિતે તેઓના મિત્રો, સ્વજનો, સ્નેહીઓ તરફથી શુભેચ્છાઓ મળી રહી છે. મો.નં. ૯૮૨૫૨ ૧૭૩૨૦ 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી જન્મદિવસની શુભકામનાઓ...

## (અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### જમ્મુ-કાશ્મીરમાં બે એન્કાઉન્ટરઃ ૬ ત્રાસવાદી ઠાર

આ ૫૫ વર્ષીય જવાન સતના (મધ્યપ્રદેશ)નો રહેવાસી હતો. ત્યારબાદ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ પછી સુંજવાન વિસ્તારમાં એન્કાઉન્ટર થયું હતું. અહીં સવારે પાંચ જવાનો ઘાયલ થયા છે. ત્યારબાદ આતંકવાદીઓએ (ગ્રેનેડ લોન્ચર)માંથી ગ્રેનેડ ફેંક્યો. એડીજીપી જમ્મુ મુકેશ સિંહે જણાવ્યું હતું કે અમે રાત્રે વિસ્તારને કોર્ડન કરી લીધો હતો, અમને આતંકીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. એન્કાઉન્ટર હજુ ચાલુ છે. એવું લાગે છે કે આતંકવાદીઓ કોઈ ઘરમાં છે. સુંજવાન એન્કાઉન્ટરમાં કુલ બે આતંકવાદીઓ માર્યા ગયા છે. અત્યારે તો ગોળીબાર બંધ થઈ ગયો છે. એન્કાઉન્ટર બાદ સુરક્ષા દળોને બે ગન, એક સેટેલાઇટ ફોન મળ્યો છે. બંને આતંકવાદીઓ વિદેશી હોવાનું કહેવાય છે. સુંજવાન વિસ્તારમાં આ એન્કાઉન્ટર એવા સમયે થયું છે જયારે પીએમ મોદી જમ્મુ-કાશ્મીરની મુલાકાતે જવાના છે અને સુરક્ષા વ્યવસ્થા કડક છે. વડાપ્રધાન મોદી ૨૪ એપ્રિલે સાંબા જિલ્લામાં આવશે. રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ પર પીએમ મોદી જયાં આવવાના છે તે સ્થળ (પાલી ગામ) માત્ર ૧૭ કિલોમીટર દૂર છે. વર્ષ ૨૦૧૯માં જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવ્યા બાદ પીએમ મોદી હવે પહેલીવાર ત્યાં જઈ રહ્યા છે. અગાઉ તેઓ માત્ર ત્યાં હાજર દેશની સરહદો પર ગયા હતા. ઓક્ટોબર ૨૦૧૯ માં, તેણે રાજૌરીમાં સૈનિકો સાથે દિવાળીની ઉજવણી કરી. ત્યારબાદ નવેમ્બર ૨૦૨૧માં તે નૌશેરા સેક્ટર ગયો હતો. આ પહેલા ગુરુવારે સાંજે બારામુલ્લામાં એન્કાઉન્ટર થયું હતું. જેમાં અત્યાર સુધીમાં કુલ ચાર આતંકવાદીઓ માર્યા ગયા છે. જેમાં લશ્કરનો ટોચનો આતંકવાદી કમાન્ડર યુસુફ કંત્રુ પણ માર્યો ગયો હતો. આઈજીપી કાશ્મીર વિજય કુમારે જણાવ્યું હતું કે તે નાગરિકો અને સુરક્ષા દળોના જવાનોની અનેક હત્યાઓમાં સામેલ હતો જેમાં તાજેતરમાં બડગામ જિલ્લામાં એક SPO અને તેના ભાઈ, એક સૈનિક અને એક નાગરિકની હત્યાનો સમાવેશ થાય છે

### ભાવનગરમાં ધો. ૬ થી ૮ના પેપરની ચોરી,રાજયભરમાં પરિક્ષા રદ્દ

વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રની ચોરી થઈ છે. જે અંગે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. પોલીસ તપાસ ચાલુ છે. વિદ્યાર્થીઓના વિશાળ હિત માટે આજે ૨૨ એપ્રિલ અને ૨૩ એપ્રિલના રોજ યોજાનાર ધોરણ ૭ ની પરીક્ષા રદ કરવામાં આવે છે. સોમવારથી રાબેતા મુજબ ધોરણ ૭ ની પરીક્ષા યોજવાની રહેશે. અન્ય ધોરણોની પરીક્ષા અગાઉથી આપેલા સમયપત્રક મુજબ લેવાની રહેશે. ત્યારે આ ઘટના ફરી એકવાર રાજયમાં સવાલો ઉભા કરે છે કે ગુજરાતમા કોણ છે વિદ્યાર્થીઓના ભવિષ્યના દુશ્મન. ચાહે સરકારી ભરતી હોય કે પછી ધોરણ ૬ ની પરીક્ષા, દરેક પરીક્ષામાં પેપર ચોરીનું ગ્રહણ લાગી રહ્યુ છે. જે બતાવે છે કે, આખરે ગુજરાતમાં શિક્ષણ મામલે કેવા ગોલમાલ ચાલી રહ્યાં છે. ગુજરાતમાં શિક્ષણ તંત્ર ખાડે ગયુ છે. આખરે ધોરણ-૬થી ૮ના પેપર ચોરનારા શખ્સો કોણ છે. શું શિક્ષણ વિભાગ પેપર સાચવી શકતુ નથી. પેપર ચોરી કરતા શખ્સો સામે કાર્યવાહી થશે.

### લાલ કિલ્લો કેટલાય મહત્વના કાલખંડનો સાક્ષી છે

સમારોહનું આયોજન લાલ કિલ્લા પર કરવા માટે અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ સ્થળે ૧૬૭૫માં મોગલ શાસક ઓરંગઝેબે શિખોના ૯માં ગુરુ તેગ બહાદુરનો જીવ લેવાનો આદેશ આપ્યો હતો. આ સમારોહમાં વડાપ્રધાન મોદીએ વિશેષ સ્મારક સિકકો અને ટપાલ ટિકિટ પણ જાહેર કર્યા હતા.

## કોરોનાકાળના બે વર્ષ બાદ કાર્યક્રમ થવાથી ઉત્સાહ

# MACP બાર એસોસિએશનનું કાલે સ્નેહમિલન

### જસ્ટીસ જે.બી. પારડીવાલાનું અદકેરૂં સ્વાગત-સન્માન કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૨

રાજકોટ ના મોટર એક્સીડન્ટ કલેઈમ્સ ટ્રીબ્યુનલના કેસોની પ્રેકટીસ કરતા વકીલોનું એશોસીયેશન એટલે કે એમ.એ.સી.પી બાર એશોસીયેશનનો સ્નેહમીલન નો વર્ષ ૨૦૨૨ નો કાર્યક્રમ તા.૨૩ ને શનીવાર ના રોજ સીઝન્સ હોટેલ, કાલાવાડ રોડ, રાજકોટ ખાતે સાંજના ૭ થી ૧૦ રાખેલ છે. જે કાર્યક્રમમાં રાજકોટ જીલ્લાના યુનીટ જજ જસ્ટીસ જે.બી.પારડીવાલા મુખ્ય અતીથી તરીકે હાજરી આપશે તેમજ રાજકોટ જીલ્લાના પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ ઉત્કર્ષ ટી. દેશાઈ તેમજ રાજકોટ જીલ્લાના તમામ ન્યાયમુર્તિ તથા રાજકોટ બારના પ્રમુખ અર્જુન પટેલ તથા એમ.એ.સી.પી બારના તમામ સિનિયર તથા જુનીયર વકીલઓ આ કાર્યક્રમમાં હાજરી આપી આ ભવ્ય કાર્યક્રમને શોભાવશે. આ કાર્યક્રમનું આયોજન એમ.એ.સી.પી બારના તાજેતરમાં ચુટાયેલા પ્રમુખ અજય કે. જોષી તેમજ ઉપપ્રમુખ એ.યુ.બાદી તથા સેક્રેટરી વિશાલ ગોસાઈની આગેવાનીમાં તેમજ એમ.એ.સી.પી બારના તમામ હોદેદારો તથા કારોબારી સભ્યો ખંભે ખંભા મીલાવીને કરી રહયા છે.સામાન્ય રીતે દર વર્ષે એમ.એ.સી.પી બાર સ્નેહમીલનનો કાર્યક્રમો યોજે છે પરંતુ કોરોના મહામારી ના કારણે છેલ્લા બે વર્ષથી આવો કાર્યક્રમ થઈ શકેલ નથી ત્યારે આ કાર્યક્રમને એક વીશેષ અને અવીસ્મરણીય કાર્યક્રમ બની રહે તે માટે આ કાર્યક્રમમાં રાજકોટ જીલ્લાના યુનીટ જજ જસ્ટીસ જે.બી. પારડીવાલા સાહેબના અધ્યક્ષ સ્થાને આવો કાર્યક્રમ યોજવાનો નકકી કરવામાં આવેલ અને તેથી જે.બી.પારડીવાલા સાહેબને આ કાર્યક્રમમા ઉપસ્થિત રહેવા ખાસ આમંત્રણ આપવામાં આવતા સ્વીકાર કરેલ છે અને તેઓના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજવાની તડામાર તૈયારી એમ.એસી.પી બારના હોદેદારો પ્રમુખ અજય કે. જોષી, ઉપપ્રમુખ એ.યુ.બાદી, સેક્રેટરી વીશાલ ગોસાઈ, જોઈન્ટ સેક્રેટરી આર.પી.ડોરી, ટ્રેઝરર ભાવેશ મકવાણા તેમજ કારોબારી સભ્યો પ્રતીક વ્યાસ, મૌલીક જોષી, અજય સહેદાણી, કરણ ગઢવી, સંજય નાયક, હેમંત પરમાર, જયોતીબેન શુકલા વીગેરે કરી રહયા છે.



એડવોકેટ: અજય જોશી

# અપહરણ-બળાત્કાર પોકસોના કેસમાં આરોપીની જામીન અરજી મંજુર



એડવોકેટ: અનીલ ડાકા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૨

મોરબીમાં અપહરણ, દુષ્કર્મ, પોકસો સહિતના ગુનામાં આરોપીએ રેગ્યુલર જામીન માટે કોર્ટમાં અરજી કરતા અદાલતે આરોપીને જામીન પર મુક્ત કરવા હુકમ કર્યો છે.

આ કેસની વિગત મુજબ મોરબીના બી.ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં રહેતા ફરિયાદીએ ફરિયાદ આપી હતી કે, તેની પુત્રીને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અથવા લગ્ન કરવાની લાલચ આપી આરોપી અક્ષય દીનેશભાઈ ડાભી ભગાડી લઈ ગયો છે. જેથી પોલીસે આઈ.પી.સી. કલમ ૩૭૬ (૨), ૩૭૬ (૩), ૩૬૩, ૩૬૬ તથા પોકસો એક્ટની કલમ ૫, ૬, ૧૮ મુજબ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

ત્યારબાદ આરોપીએ તેમના એડવોકેટ મારફતે મોરબી સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી. કોર્ટમાં અરજદાર આરોપીના એડવોકેટે રેકર્ડ પરની હકીકતો તથા એપેક્ષ કોર્ટના જજમેન્ટસ રજુ કરી ધારદાર રજૂઆત .કરી હતી કે, ફરિયાદીએ તેમની પુત્રીને લલચાવી, ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અથવા લગ્ન કરવાની લાલચ આપી ભગાડી લઈ ગયેલ હોય તેવી ખોટી ફરિયાદ કરી આરોપીને ખોટી રીતે જેલમાં પુરાવાની અને અરજદારનું કરીયર ખતમ કરી નાખવા માટે ખોટી ફરિયાદ આપી હોવા સબંધેની દલીલો કરતા તેમજ હાલના આરોપી સામે કોઈપણ જાતનો પ્રથમદર્શનિય પુરાવો ન હોય, સેશન્સ કોર્ટે આરોપીના એડવોકેટની દલીલને માન્ય રાખી રેગ્યુલર જામીન અરજી મંજૂર કરતો હુકમ કર્યો હતો.

ઉપરોકત કેસમાં આરોપી અક્ષય ડાભી વતી રાજકોટના યુવા ધારાશાસ્ત્રી એ.બી. ડાકા, પરેશ એમ. મૈયડ, આર.ડી. ભાયાણી, સોહીલ એમ. રામાણી, સહયોગી ધ્રુવીન જે. રાઠોડ રોકાયેલા હતા.

## રીયલ રાજકોટ ડેવલોપર્સ એસોસિએશન દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત

# ઓનલાઈન ડેવલોપમેન્ટ પરમિશન સિસ્ટમ રદ્દ કરો

### ઓનલાઈન ડેવલોપમેન્ટ પરમિશન સિસ્ટમના નિર્ણયથી સગવડતાના બદલે અનેક અગવડતામાં વધારો થયાનો આક્રોશ

### ૨૪ કલાકમાં ઘર બેઠા બાંધકામની પરવાનગી મેળવી શકવાનો ઉદ્દેશ પણ સિદ્ધ થયો નથી, ઉલ્ટાની પ્રક્રિયા વધી ગઈ

RRDA Real Rajkot developers association

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૨

રીયલ રાજકોટ ડેવલોપર્સ એસોસિએશને સરકાર દ્વારા લેવાયેલ ODPS નો નિર્ણયથી સમગ્ર ગુજરાતમાં બાંધકામ ક્ષેત્રના અવરોધાયેલ વિકાસને પુનઃગતિશીલ કરવા મુખ્યમંત્રી, શહેરી વિકાસ મંત્રી, અધિક મુખ્ય સચિવ, મુખ્ય નગર નિયોજક, ખાસ ફરજ પરના અધિકારી, અધિક મુખ્ય નગર નિયોજક, તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગમાં ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરીને ઓનલાઈન ડેવલોપમેન્ટ પરમિશન સિસ્ટમનો નિર્ણય રદ કરવા રજૂઆત કરવામાં આવી છે.

જે રજૂઆતમાં જણાવ્યું છે કે છેલ્લા ચાર વર્ષથી વિકાસ પરવાનગી મેળવવાની પ્રક્રિયાને લાગેલ ગ્રહણ દુર કરવા કેટલાક મુદ્દાઓ તરફ ધ્યાન દોરીએ છીએ. સૌપ્રથમ તો આ યોજના ત્રણેય હેતુઓ સિદ્ધ કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ નીવડી છે. જેમ કે, (૧) ઓનલાઈન ટેકનોલોજી માધ્યમથી ૨૪ કલાકમાં ઘર બેઠા બાંધકામ પરવાનગી મેળવી શકવાનો ઉદ્દેશ સિદ્ધ થયો નથી. (૨) ઓફીસ કે અધિકારીઓનો વ્યક્તિગત સંપર્ક ટાળવાનો હેતુ પણ સરાસર નિષ્ફળ નીવડ્યો છે. (૩) સંપૂર્ણ પારદર્શિતાને કારણે ભ્રષ્ટાચાર મુક્ત વહીવટનો ઈરાદો પણ ઘોર નિષ્ફળતા પામ્યો છે.

વધુમાં જણાવ્યું છે કે, ચાર વર્ષ પહેલા સરકારને ગેરમાર્ગે દોરી આ તરંગી તુક્કો અમલમાં મુકવામાં આવેલ, જે વાસ્તવમાં વ્યવહારુ સાબિત ન થતાં બિલ્ડરલોબી તથા અન્ય પરિબળોના દબાણના કારણે ૧૫ મીટરથી વિશેષ ઉંચાઈ ધરાવતા બાંધકામોને ઘઉડજમાંથી મુક્તિ આપવામાં આવી, જે પૂર્વગ્રહયુક્ત તથા ભેદભાવ ભરેલુ પગલું હતું, ૧૫ મીટરથી ઓછી ઉંચાઈ ધરાવતા નાના તથા મધ્યમ વર્ગના બિલ્ડરો સંગઠિત ન હોવાને કારણે તેમને મુક્તિ આપવામાં આવી ન હતી તેમજ ODPS નું આંશિક અમલીકરણ નાના તથા મધ્યમ વર્ગના માણસો માટે બોજારૂપ થઇ પડ્યું છે.

હાલમાં પણ વાસ્તવમાં ઓનલાઈન ડેવલોપમેન્ટ પરમીશન ભયાનક ત્રાસદાયક છે. એક ઓનલાઈન મંજૂરી મેળવવા પેપરલેસ કામગીરીને બદલે ત્રણ ગણી ઓન પેપર કામગીરી કરવી પડે છે. આજની તારીખે પણ ઓનલાઈન સોફ્ટવેર તથા CGDCRની વિસંગતતાઓને લીધે ઓનલાઈન મંજૂર થયેલા ડ્રોઈંગમાં અધિકારીઓ દ્વારા અનેક પ્રકારની ક્વેરી કાઢવામાં આવે છે. સુધારો કરવાનો આગ્રહ કરવામાં આવે છે. અને યેનકેન પ્રકારેણ ના-મંજુર પણ કરવામાં આવે છે. વાસ્તવમાં માનવીય દખલગીરીથી ટેકનોલોજીના સહારે મુક્તિ મેળવવાને બદલે ટેકનોલોજી તથા માનવીય બન્ને પ્રકારની દખલગીરી ખૂબજ વધી ગઈ છે. જેના કારણે અમો હેરાન પરેશાન થઇ રહ્યા છીએ ઉપરાંત ઓનલાઈન સોફ્ટવેરમાં અર્થઘટનનો અવકાશ જ ના હોવો જોઈએ, પરંતુ અનેક પ્રકારની સમસ્યાઓ ઉદ્ભવે છે. નાના તેમજ મધ્યમ વર્ગના રહેણાંક તેમજ વ્યાપારિક વપરાશકર્તાઓને સમય, શક્તિ અને નાણાંનો પારાવાર વેડફાટ થાય છે. આજની તારીખે પણ ઓનલાઈન મંજૂરીમાં સરળ નાણાંકીય ચુકવણીની વ્યવસ્થા ગોઠવી શકાયેલ નથી. સરવાળે સરકારે જે ત્રાસમાંથી મુક્તિ આપવાનું સ્વપ્ન જોયું હતું તે અનેક ગણી ભયાનક હકીકતમાં પરિવર્તિત થઈ રહ્યું છે. આમ શુભ આશયથી શરૂ કરવામાં આવેલ આ યોજના ત્રાસદાયક બની રહી હોય, તાત્કાલિક અસરથી સમાનતાના ધોરણે સમગ્ર ગુજરાતમાંથી આ ઓનલાઈન ડેવલોપમેન્ટ પરમીશન સિસ્ટમ નાબુદ કરવામાં આવે. મૂળભૂત રીતે આ યોજનાના આંશિક અમલીકરણથી વ્યાપારિક સમાનતાના સિદ્ધાંતોનો ભંગ થાય છે. તો સત્વરે વિકાસ વ્યવસાયિકોને ન્યાય તથા રાહત અપાવતો આ નિર્ણય જાહેર કરવામાં આવે તેવી અમારી લાગણી સહ માંગણી રીયલ રાજકોટ ડેવલોપર્સ એસોસિએશન કરવામાં આવી છે.

## ગ્રામ પંચાયતના વિવિધ વિકાસ કાર્યોનું થશે લોકાર્પણ

# સાજડીયાળી ગામે ૨૪મીએ રાદડીયા-રાણપરીયાની રકતતુલા

### લેઉવા પટેલ સમાજના નામકરણ અને ગૌમાતાના લાભાર્થે લોકડાયરાનું પણ આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૨

જામકંડોરણા તાલુકાના સાજડીયાળી ગામે આગામી તા.૨૪ને રવિવારના રોજ સાંજે વિકાસકાર્યોના નામકરણ, લોકાર્પણ, રકતદાન શિબિર તેમજ ભવ્ય કસુંબલ ડાયરાનું આયોજન તથા પૂર્વ કેબિનેટ મંત્રી જયેશભાઈ રાદડીયા અને રાજકોટ ડેરીના પૂર્વ ચેરમેન ગોવિંદભાઈ રાણપરીયાની રકતતુલાનું આયોજન કરવામાં આવેલ છે. રવિવારે વિવિધ ક્ષેત્રના મહાનુભાવોની હાજરીમાં સ્વ.પરેશભાઈ ગોવિંદભાઈ રાણપરીયા લેઉવા પટેલ સમાજ ભવનના ગેઇટની લોકાર્પણ વિધિ પૂર્વ કેબિનેટ મંત્રી જયેશભાઈ રાદડીયાના હસ્તે કરવામાં આવનાર છે.

આ ઉપરાંત લેઉવા પટેલ સમાજ ભવન-સાજડિયાળીનું નામકરણ, સેવા સહકારી મંડળીઓના નવ નિર્મિત ગોડાઉનનું લોકાર્પણ અને સાજડિયાળી ગ્રામ પંચાયત દ્વારા નિર્મિત વિકાસ કાર્યોનું લોકાર્પણ તેમજ ગૌમાતાના લાભાર્થે લોક ડાયરાનું ભવ્ય આયોજન કરાયું છે.

આ પ્રસંગે સવારે ૮ થી બપોરે ૩ વાગ્યા સુધી રકતદાન, સાંજે વિવિધ સોપાનોની લોકાર્પણ વિધિ તેમજ સાંજે ૪-૩૦ વાગ્યે મહેમાનોના પ્રવચન રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં સાંસદ સભ્ય રમેશભાઈ ધડુક, જૂનાગઢ જિલ્લા બેંકના ચેરમેન કિરીટભાઈ પટેલ, રાજકોટ જિલ્લા બેંકના વાઇસ ચેરમેન મગનભાઈ વડાવિયા, મેનેજિંગ ડિરેક્ટર ઘનશ્યામભાઈ ખાટરીયા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, જીલ્લા પંચાયત પ્રમુખ ભૂપતભાઈ બોદર, પૂર્વ પ્રમુખ ડો. ડાયાભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ મનસુખભાઇ ખાચરિયા તથા જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ગોવિંદભાઈ રાણપરીયાના હસ્તે વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ કરવામાં આવનાર છે. કાર્યક્રમના અંતે રાત્રે ૯ વાગ્યે ગૌમાતાના લાભાર્થે ભવ્ય લોક કસુંબલ ડાયરાનું આયોજન કરાયું છે જેમાં હાસ્ય કલાકાર ધીરૂભાઈ સરવૈયા, લોકગાયિકા અલ્પાબેન પટેલ, અપેક્ષા બેન પંડ્યા, વર્ષાબેન પટેલ અને સુરેશ પટેલ સાજીંદા ગ્રુપ-મોરબી જમાવટ કરશે.

## 'તમારૂં શિસ્ત, તમારી સમસ્યા' વિષય પર તજજ્ઞોની ગહન ચર્ચા

# ધર્મેન્દ્રસિંહજી કોલેજની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ સંપન્ન

### ૩૪૪ પ્રાધ્યાપકો અને સંશોધકોએ ભાગ લઈને ૨૬૦ જેટલા ગુણવત્તાયુકત પેપર રજૂ કર્યા, અનેક મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૨

ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ-રાજકોટ અને આયુધ પબ્લીકેશન-ભાવનગર દ્વારા એક દિવસીય આંતરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલુ હતું. જેનો મુખ્ય વિષય One Day Online International Conference on Your Discipline, Your Issues in Contemporary Era હતો. જેમાં કુલ મળીને ૩૪૪ જેટલા પ્રાધ્યાપકો અને સંશોધકોએ ભાગ લીધો હતો અને ૨૬૦ જેટલા ગુણવતાયુક્ત પેપર રજૂ કર્યા હતા. ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજના આચાર્ય એ.એસ. રાઠોડના માર્ગદર્શનમાં અને ડો ભાવેશ બી. કાછડીયાના સફળ નેતૃત્વમાં સમગ્ર ટીમ દ્વારા એક દિવસીય આંતરાષ્ટ્રીય કોન્ફરન્સના આયોજનને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

આ એક દિવસીય આંતરાષ્ટ્રીય કોન્ફરન્સના ઉદઘાટન સમારોહના મુખ્ય અતિથિ રાજકોટના મેયર ડો પ્રદીપ ડવ હતા. તેમજ આ ઉદઘાટન સમારોહના અધ્યક્ષ સંયુક્ત શિક્ષણ કમિશનર નારાયણ માધુ હતા. કીનોટ સ્પિકર આંતરાષ્ટ્રીય કવિયત્રી ડો.ઉષા ઉપાધ્યાય (અમેરિકા) તેમજ પ્લેનેરી વક્તા ડો. અમિતા વાલ્મિકી (જુનજુનવાલા કોલેજ -મુંબઈ ) તથા કશ્યપ રૈયાણી (પોર્ટુગલ) હતા. કવિયત્રી ડો.ઉષા ઉપાધ્યાય દ્વારા માતૃભાષાની મહત્તા વિષે વિસ્તૃત વ્યાખ્યાન આપેલું હતું. જયારે ડો. અમિતા વાલ્મીકિ દ્વારા નારીવાદ વિષે વિસ્તૃત અને ગહન ચિંતન રજૂ કરવામાં આવેલું હતું. કશ્યપ રૈયાણી દ્વારા ડેટા સાયન્સ વિષય પર ગહન વક્તવ્ય આપવામાં આવેલું હતું.

આ કોન્ફરન્સમાં કુલ ૮ વિભાગમાં વિવિધ વિષયોના પેપરોને વિભાજીત કરી ,સમાંતર આઠ વિભાગમાં,બહોળી સંખ્યામાં શોધાર્થી દ્વારા પેપરોનું વાંચન કરવામાં આવેલું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજમાં વિવિધ સમિતિઓ બનાવવામાં આવી હતી. જેમાં જનસંપર્ક સમિતિમાં ડો. જિજ્ઞેશ કાચા, ડો.હાર્દિક ગોહિલ, ડો. ગિરીશ જાદવ, ડો. રાજેશ્રી વાઝા દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. વિવિધ સેશનનાં ઇન્ચાર્જ તરીકે ડો. જશ્મીના સારડા, ડો. હર્ષિદા જગોદડીયા, ડો. કલ્યાણી રાવલ, ડો. માલતી પાંડે, ડો. જયાબેન વાઢેળ, ડો.કિરણ વાડોદરીયા, ડો. રવિ ડેકાણી, પ્રો. રીતેશ પટેલ, હેમાંગી સોપારીયા, ડો. નેહલ જાની, પ્રા.હંસા ગુજરિયા દ્વારા વિશેષ રીતે કાર્યક્રમનું સફળ સંચાલન કરાયું હતું.

આ સમગ્ર કોન્ફરન્સના આયોજનને સફળ થવા બદલ આચાર્ય દ્વારા સમગ્ર કોન્ફરન્સ ટીમને પ્રમાણપત્રો આપીને બિરદાવેલી હતી અને સમગ્ર કોલેજ પરિવારને અભિનંદન આપલા હતા તથા આયુધ પ્રકાશનનો પણ આભાર માનેલો હતો.

# સી.જે.ગ્રુપ દ્વારા રવિવારે સર્વરોગ નિદાન કેમ્પ

### સાંઈનાથ હોમિયોપેથીક હોસ્પિટલનાં નિષણાંત તબીબો દ્વારા તમામ રોગોનું નિદાન કરીને દવા અપાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૨

સાંઈનાથ હોમિયોપેથીક હોસ્પિટલ અને સી. જે. ગ્રુપ રાજકોટ દ્વારા નિઃશલ્ક સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પનું તા. ૨૪/૦૪/૨૦૨૨ ને રવિવારે સવારે ૯ થી ૧૨ સુધી શ્રી સર જમસેદજી તાતા પ્રાથમિક શાળા નં. ૮૧, ઉમાકાંત પંડિત ઉધોનગર, મવડી પ્લોટ, રાજકોટ ખાતે આયોજન કરાયું છે.

આ કેમ્પમાં રાજકોટ હોમીયોપેથીક મેડિકલ કોલેજ, પારૂલ યુનિવર્સિટી સંચાલિત સાંઈનાથ હોમીયોપેથીક હોસ્પિટલના તજજ્ઞ ડો. હિતાર્થ મહેતા, ડો. કિંજલ મહેતા, ડો.હેતિક્ષા મારકણા, ડો. પલક પરમાર, ડો. મોહિત નાનાણી, ડો. ધારા કોઠારી (જનરલ ચેકઅપ) તેમજ દાંતના રોગના નિષ્ણાંત માટે ડો. નિતાબેન ટાંક, ફીઝીયોથેરાપીસ્ટ જીજ્ઞાશાબેન નિમાવત, લેબોરેટરી ચેકઅપમાં વિનાબેન આચાર્ય અને તેમની ટીમ હઠીલા રોગોનું નિદાન કરી ફ્રી દવા અને લેબોરેટરી ચેકઅપ કરી આપવામાં આવશે. મેડિકલ કેમ્પમાં રાજકોટની જનતાને લાભ લેવા અનુરોધ કરીને વધુ વિગત માટે સી.જે.ગ્રુપ ચિરાગ ધામેચા (મો. ૯૪૨૮૨૩૧૨૭૧) નો સંપર્ક સાધવા જણાવાયું છે.(પ.૧૨)

# પંચનાથ મંદિરે રવિવારે શ્રી રાંદલ માતાજીના લોટા ઉત્સવનું આયોજન

### ૧૦૮ માંડણીમાં ૨૧૬ લોટાનું સ્થાપન કરીને વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજન-અર્ચન થશે, માતાજીનાં ગરબા અને રકતદાન કેમ્પનું પણ આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૨




આજથી ૧૩ માસ બાદ એટલે કે ૨૦૨૩ના મે મહિનામાં સાર્ધ શતાબ્દી (૧૫૦ વર્ષ )માં મંગલ પ્રવેશ થનાર છે તે શ્રીપંચનાથ મહાદેવ મંદિરમાં છેલ્લા સતાવીસ વર્ષ થી શ્રી રાંદલ માતાજીના લોટા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીના કારણોસર આયોજન કરવામાં બ્રેક મારવી પડી હતી. આ બે વર્ષના વિરામ બાદ શ્રી પંચનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા તા ૨૪ એપ્રિલને રવિવારના રોજ શ્રી રાંદલ માતાજીના લોટા ઉત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

આ ધાર્મિક આયોજનમાં કુલ ૧૦૮ માંડણી તેમાં દરેકમાં બે શ્રી રાંદલ માતાજીના લોટા (કુલ ૨૧૬ લોટા)નું સ્થાપન કરવામાં આવનાર છે ૧૦૮ યજમાન સવારે ૮ વાગ્યે સંપૂર્ણ ધાર્મિક વિધિ અને વૈદિક મંત્રોચ્ચાર સાથે અર્ચન પૂજન કરશે રાત્રીના ૮ વાગ્યે આરતી અને ૯ વાગ્યે માતાજીના ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. બીજા દિવસે સવારે ૮ વાગ્યે પૂજન કરીને માતાજીના ચરણોમાં વંદન સાથે ઓણસાલ વ્હેલા પધારજો તેવી પ્રાર્થના સાથે ભારે હૃદયે માતાજીના સ્થાપનાનું ઉત્થાપન કરવામાં આવે છે.

આ ઉત્સવનુ મૂખ્ય આકર્ષણ જો કોઈ હોય તો તે રાત્રીના સમયે ગવાતા માતાજીના ગરબાનુ છે અનેક દેવીના ઉપાસકો શ્રધ્ધાળુઓ આસ્થા અને શ્રદ્ધા સાથે ગરબા ગાય છે. આ પ્રસંગને માણવોએ એક લ્હાવો છે.

સાથોસાથ થેલેસેમિયા પીડીત બાળકો તેમજ જરૂરતમંદ લોકો કાજે શ્રી પંચનાથ હોસ્પિટલ તથા અન્ય સેવાભાવી સંસ્થા દ્વારા મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

પંચનાથ મહાદેવ સાર્વજનિક ટ્રસ્ટના પ્રમુખ દેવાંગભાઈ માંકડ ઉપપ્રમુખ વસંતભાઈ જસાણી માનદમંત્રી મયુરભાઈ શાહ કોષાધ્યક્ષ મહેન્દ્રસિંહ ગોહેલે આ ઉત્સવમાં પધારનાર દરેક ધર્મપ્રેમી જનતાને માસ્ક તથા સામાજીક અંતર જાળવી રાખવા અપીલ કરી છે.

# વોર્ડ નં.૧૧ માં રામપાર્ક સોસા. (મવડી) ના સાર્વજનિક પ્લોટમાં વૃક્ષારોપણ કરાયું



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૨

મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૧ના રામપાર્ક સોસાયટી (મવડી)ના સાર્વજનિક પ્લોટમાં પર્યાવરણના જતન માટે વૃક્ષારોપણ કરાયું હતું. મવડીમાં રામપાર્ક સોસાયટીમાં તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટર વી.વી.વાગડીયા, વિધાનસભા-૭૧ ભાજપ ઈન્ચાર્જ રાજુભાઈ બોરીચા, વોર્ડ નં.૧૧ ભાજપના પ્રભારી રાજુભાઈ માલધારી, વોર્ડ ભાજપ પ્રમુખ સંજયભાઈ પીપળીયા, વોર્ડ મંત્રી ફર્નાન્ડીઝભાઈ પાડલીયા વગેરેના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સ્થાનીક આગેવાનો અશ્વિનભાઈ ટીંબડીયા, પ્રફુલભાઈ સાવલીયા, રમેશભાઈ રંગાણી, પ્રકાશભાઈ ફાચરા, મનુભાઈ વાંક તેમજ બહોળી સંખ્યામાં સ્થાનિક વડીલો, યુવાનો જોડાયા હતા.

# ઈસ્ટ ઝોનની (ઘટક-૧) આંગણવાડી ખાતે 'મંગળ દિન' કાર્યક્રમની ઉજવણી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૨

શહેર આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા શહેરનાં બાળકોનું, કિશોરી,સગર્ભા,ધાત્રીનું પોષણ સ્તર વધે તે બાબતે સતત જાગૃત અને કાર્યરત રહે છે. જે અન્વયે માર્ચ માસના તમામ મંગળવારની શહેરનાં વેસ્ટ ઝોનની તમામ વોર્ડની દરેક આંગણવાડીઓ ખાતે મંગળ દિન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ છે. આ સાથે આઇ.સી.ડી.એસ. મહાનગરપાલિકા ઘટક-૧ (ઇસ્ટ ઝોન) ના વર્કર બહેનો દ્વારા સુપોષિત માતા સ્વસ્થ બાળક કાર્યક્રમ (SMSBY) નો પ્રચાર-પ્રસાર કરવામાં આવેલ અને પોષણ જાગ્રુતી, તેમજ ટી.એચ.આરના વપરાશ વિષે લાભાર્થીઓને સમજુતી આપવામાં આવેલ હતી. ઇસ્ટઝોનની તમામ વોર્ડની આંગણવાડી ખાતે કાર્યક્રમની સફળ બને તે હેતુથી ઘટક ૧ સી.ડી.પી.ઓ., મુખ્યસેવિકા અને વર્કર-હેલ્પર બહેનોએ જહેમત ઉઠાવેલ અને કાર્યક્રમ સફળ બનાવેલ છે.

# પત્નીએ કરેલ છેતરપીંડીની ફરિયાદમાં પતિ સહિતનો નિર્દોષ છુટકારો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૨



એડવોકેટ: અંશ ભારદ્વાજ

રાજકોટ શહેરના બાલાજી હોલ પાસે માવતરના ઘરે રિસામણે રહેલી પત્નીએ કેશોદથી તબીબ સહિત સાસરિયાએ કરીયાવર ઓળવી ગયાની ફરિયાદના ગુનાનો કેસ ચાલી જતાં અદાલતે તબીબ પતિ સહિત છ શખ્સોને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના દોઢસો ફૂટ રીંગ રોડ પર આવેલ બાલાજી હોલ પાછળ રહેતા વિશ્વ બેન કૌશિકભાઈ પટેલ ના લગ્ન કેશોદ સ્થિત ડોક્ટર કૌશિક પટેલ સાથે થયા હતા બાદ દંપતી વચ્ચે પણ બનાવતી પત્ની વિસવાબેન રાજકોટ પોતાના માવતરે પરત ફરી હતી બાદ પતિ કૌશિક પટેલ સહિત સાસરિયાએ કરીયાવર ઓળવી ગયાની મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

આ કેસની સુનાવણી ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચાલવા પર આવતા જેમાં બન્ને પક્ષની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ ધ્યાને લઈ અદાલતે પતિ ડોક્ટર કૌશિક પટેલ,સસરા કરસનભાઈ, સાસુ રેખાબેન મામાજી ઉર્મિલાબેન, નણંદ રિધ્ધીબેન અને મામાજી ઉર્મિલાબેનને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો છે. બચાવ પક્ષે એડવોકેટ તરીકે અભય ભારદ્વાજ એસોસિએટ્સ તરફથી અંશ ભારદ્વાજ દિલીપ પટેલ, ધીરજ પીપળીયા, વિજય પટેલ, અમૃતા ભારદ્વાજ, કલ્પેશ નસિત, કમલેશ દુધરેજા અને તારક સાવંત રોકાયા હતા.


**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી**



સ્વ.મહિપતભાઈ કેશુભાઈ પરમાર
સ્વ.તા. ૨૨/૦૪/૨૦૨૨ ચૈત્ર સુદ-૧૦

ભાઈ અમારો તું... ભેરૂ અમારો તું... કુટુંબનો સધિયારો તું...
એક પલમાં છીનવાઈ ગયો તું... રહી ગયાં નોંધારા અમે સાવ એકલા
પ્રભુ આપના દિવ્યાત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

કેશુભાઈ હિરાભાઈ પરમાર • મધુબેન કેશુભાઈ પરમાર
જીતુભાઈ કેશુભાઈ પરમાર • ગીતાબેન જીતુભાઈ પરમાર
રાજ જીતુભાઈ પરમાર • ધર્મિષ્ઠા જીતુભાઈ પરમાર
પ્રિયાબેન મહિપતભાઈ પરમાર
રૂતિકા મહિપતભાઈ પરમાર • કિશવ મહિપતભાઈ પરમાર
પરમાર પરિવારના જય માતાજી


# વિદેશી દારૂના ગુનામાં પકડાયેલા આરોપીઓના આગોતરા જામીન અરજી રદ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૨



એડવોકેટ: મુકેશ પીપળીયા

આજીડેમ પોલીસ પેટ્રોલિંગમાં હતા ત્યારે ખાનગી રીતે બાતમી મળતાં કોઠારીયા સોલવન્ટ ફાટક પાસે ૧૩૨ બોટલ વિદેશી દારૂ પકડી બંને આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કરતાં આરોપીએ જેલમાંથી છૂટવા આગોતરા જામીન કરતાં કોર્ટે આરોપીની આગોતરાં જામીન અરજી રદ કરી છે.

આ કેસની વધુ વિગત એવી છે કે, ગત તા.૮/૪ ના રોજ આજીડેમ પોલીસ પેટ્રોલિંગમાં હતા ત્યારે ખાનગી રીતે બાતમી મળતા કોઠારીયા સોલવન્ટ ફાટક પાસે રેડ કરતા ૧૩૨ બોટલ વિદેશી દારૂ સાથે આરોપી બન્ને રહે. સુરેન્દ્રનગર જીતેન્દ્ર જીત કાનજીભાઈ પરમાર તથા હર્ષદ કનુભાઈ પરમારની ધરપકડ કરી જેલ હવાલે કરતાં આરોપીઓએ જેલમાંથી છૂટવા આગોતરા જામીન અરજી કરતા સરકાર તરફે રહેલ સરકારી વકીલે દલીલ કરતાં જણાવ્યું હતું કે આરોપીઓ સામે સમાજ વિરોધી ગુનો છે જેવી દલીલોને ધ્યાને લઇને કોર્ટે આરોપીઓના આગોતરા જામીન અરજી રદ કરી છે. આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશ પીપળીયા રોકાયા હતા.

### રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી મારફતે રાજયના શિક્ષણ મંત્રીને મોકલાયું આવેદનપત્ર

# શિક્ષણના નામે બેફામ લૂંટતી શાળાઓ સામે કડક પગલા ભરો: વાલી મંડળ



### ખાનગી શાળા સંચાલકો દ્વારા મનઘડત રીતે વાલીઓ પાસેથી ફીની થતી પઠાણી ઉઘરાણી

### નવા બદલેલા યુનિફોર્મ ઉપરાંત પાઠય પુસ્તકોની સાથે ઈતર પ્રકાશનોની બુક અને સ્ટેશનરી પણ ખરીદવા દબાણ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

રાજકોટ જિલ્લામાં કોરોનાકાળ બાદ પણ ખાનગી શાળાઓએ બેફામ ઉઘાડી લૂંટ ચાલુ જ રાખતા કચવાટ પ્રસર્યો છે. જેથી વિદ્યાર્થીઓ અને વાલીઓને મુંઝવતા પ્રશ્નો શાળાઓ દ્વારા વારંવાર બદલાવવામાં આવતા યુનિફોર્મ, ખાનગી પ્રકાશનોના પુસ્તકો અને ફી બાબતે તાત્કાલિક અસરકારક પગલાં લેવા વાલી મહામંડળ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી મારફતે રાજયના શિક્ષણમંત્રીને પાઠવવામાં આવ્યું આવેદનપત્ર રાજયની શાળાઓમાં હાલમાં પરીક્ષાઓ પુરી થઈ ગઈ છે કે પુરી થવાની તૈયારી છે. ત્યારે અત્યારે મોટા ભાગની શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને નવા યુનિફોર્મ લેવા માટે દબાણ કરવામાં આવી રહયું છે. કેટલીક શાળાઓમાં યુનિફોર્મની પેટર્ન કે કલર બદલાવવામાં આવી રહયાં છે. જે યોગ્ય નથી. ગરીબ વિદ્યાર્થીઓ અને વાલીઓ અત્યારની મોંઘવારીના અને મંદીના સમયમાં નવા યુનિફોર્મ ખરીદી શકે તેવી આર્થિક સ્થિતિમાં નથી તેમજ શાળાઓ દ્વારા વારંવાર યુનિફોર્મ નવા લેવા દબાણ કરવામાં આવે છે જે યોગ્ય નથી. યુનિફોર્મ માટે એક સમય મર્યાદા નકકી કરવી જોઈએ. જેથી ગરીબ વિદ્યાર્થીઓ અને વાલીઓને વારંવાર આવો આર્થિક બોજ સહન કરવાનો સમય આવે નહીં.

ઉપરાંત મોટા ભાગની શાળાઓ દ્વારા શાળામાં ચાલતા પાઠય પુસ્તકો ઉપરાંત ઈતર પ્રકાશનોના પુસ્તકો, નોટબુકો, સ્વાધ્યાયપોથીઓ ઉપરાંત બુટ, ટાઈ વગેરે વસ્તુઓ બીનજરૂરી રીતે લેવડાવવાનો તથા તે દરેક વસ્તુઓ ચોકકસ બુક સેલર્સ કે વિક્રેતાઓ પાસેથી જ ખરીદવાનો આગ્રહ કરવામાં આવે છે. જે યોગ્ય નથી. આવા વિક્રેતાઓ પોતાની મરજી મુજબ કિંમતો વસુલ કરીને વાલીઓના આર્થિક બોજમાં વધારો કરે છે જે ગરીબ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે મોટી ચિંતા ઉપજાવનારી બાબત છે.

પરીક્ષાઓ પુરી થતા જ ખાનગી શાળા સંચાલકો વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી ફીની પઠાણી ઉઘરાણી કરવા લાગ્યા છે. ફી નહીં ભરો તો માર્કશીટ કે લીવીંગ સર્ટીફિકેટ આપવામાં આવશે નહિ તેવી ગંભીર ધમકીઓ પણ આપવા લાગ્યા છે, જે યોગ્ય નથી. આને કારણે ગરીબ વિદ્યાર્થીઓ અને વાલીઓને પારાવાર મુશ્કેલીઓ સહન કરવાનો સમય આવ્યો છે. આ બાબતે સરકારે ફી નકકી થયા વગર ફી વસુલ કરતી શાળાઓ સામે કડક પગલાંઓ ભરવા જોઈએ

આ બાબતે તાત્કાલીક યોગ્ય પગલા લઈ, પરીપત્ર બહાર પાડી શાળાઓ ઉપર અંકુશ મુકવાની જરૂર છે. તો આ બાબતે તાત્કાલીક યોગ્ય કાર્યવાહી કરવા રાજકોટ શહેર જિલ્લા વાલી મહામંડળના પ્રમુખ એડવોકેટ હિંમતભાઈ લાબડીયા, ઉપપ્રમુખ ગજેન્દ્રસિંહ ઝાલા, મહામંત્રી એડવોકેટ નયનભાઈ કોઠારી, સહમંત્રી જીતુભાઈ લખતરીયા, સંગઠન મંત્રી જીજ્ઞેશભાઈ વાગડીયા, રસિકભાઈ સોલંકી, મહિલા અગ્રણીઓ સરલાબેન પાટડીયા, હંસાબેન સાપરીયા વગેરેએ ડીઈઓ મારફત શિક્ષણમંત્રીને પાઠવેલ આવેદન પત્રમાં અસરકારક રજૂઆત કરી છે.

## ગુજરાત સરકારના પેન્શનરો માટે પાંચ ઝોનમાં પેન્શનરો અદાલત યોજાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા. ૨૨

રાજ્ય સરકારના પેન્શનરો માટે નાણાં વિભાગ ગાંધીનગર દ્વારા સમગ્ર રાજ્યના પાંચ ઝોન ખાતે તા. ૪ જૂન શનિવારના રોજ બપોરે ૧૨ કલાકે પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જે હેઠળ રાજકોટ ઝોનમાં દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર- સોમનાથ, જામનગર, રાજકોટ, મોરબી તથા સુરેન્દ્રનગર આ તમામ જિલ્લાઓનો આ અદાલતમાં સમાવેશ થશે. જેનું સ્થળ એ.વી.પારેખ ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ, હેમુ ગઢવી હોલની સામે, ટાગોર રોડ ખાતે રહેશે.

ગાંધીનગરમાં કોમર્સ કોલેજ, ઓડિટોરિયમ, સેક્ટર ૧૫ ખાતે યોજાનાર પેન્શન અદાલતમાં અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, ખેડા, આણંદ, અરવલ્લી, મહિસાગર, દાહોદ, પંચમહાલ, સાબરકાંઠા જેવા જિલ્લાઓનો સમાવેશ કરાયો છે.

બનાસકાંઠામાં કનુભાઈ મહેતા હોલ, વિદ્યામંદિર સ્કૂલ સંકુલ, પોલીસ હેડકવાર્ટર રોડ, પાલનપુર ખાતે યોજાનાર પેન્શન અદાલતમાં કચ્છ, બનાસકાંઠા અને પાટણ આ ત્રણ જિલ્લાનો સમાવેશ કરવામાં આવશે.

સુરત, વલસાડ, નવસારી, ડાંગ, આહવા, તાપી, ભરૂચ,નર્મદા, છોટાઉદેપુર અને વડોદરા જિલ્લાનો સમાવેશ કરી ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, પહેલો માળ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે પેન્શન અદાલત યોજાશે. ભાવનગર ખાતે યોજાનાર પેન્શન અદાલતમાં ભાવનગર, બોટાદ અને અમરેલી જિલ્લાનો સમાવેશ કરવામાં આવશે. જેનું સ્થળ જુનો કોર્ટ હોલ, સરદાર વલ્લભભાઈ પટેલ કેમ્પસ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ગૌરીશંકર લેક રોડ ખાતે રહેશે.

આ પેન્શન અદાલતમાં જોડાવા ઈચ્છતા પેન્શનરોએ સંબંધિત જિલ્લા તિજોરી-પેન્શન ચૂકવણા કચેરી તથા http://finan ced epartme nt.gujarat. gov.in અને http:// dat.gujarat.gov.in ની વેબસાઇટ પરથી અરજી કરવા માટેનું નિયત નમૂનાનું ફોર્મ મેળવી, જરૂરી વિગતો ભરી તા.૫ મે સુધીમાં હિસાબી અને તિજોરી નિયામકની કચેરી, બ્લોક નં.૧૭, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે મોકલી આપવાની રહેશે. પેન્શનર http://bit.ly/ pension-adalat ની લીંક પર જઈ ગૂગલ ફોર્મમાં પણ વિગતો ભરીને મોકલી શકશે. તેમ ગુજરાત રાજ્યના નાણાં વિભાગના નાયબ સચિવની યાદીમાં જણાવાયું છે.

## રાજકોટ ખાતે ડિવિઝનલ રેલવે ગ્રાહક સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

રાજકોટ ડિવિઝનમાં વર્ષ ૨૦૨૨-૨૩ માટે નવી રચાયેલી ડિવિઝનલ રેલવે ઉસર્સ કન્સલ્ટેટિવ કમિટી (DRUCC)ની પ્રથમ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. મિટિંગની શરૂઆતમાં કમિટીના સેક્રેટરી અને સિનિયર ડિવિઝનલ કોમર્શીયલ મેનેજર અભિનવ જેફે તમામ સભ્યોનું સ્વાગત કર્યું હતું.

આ પછી સમિતિના અધ્યક્ષ અને રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર



અનિલકુમાર જૈન દ્વારા તમામ સભ્યોને ડિવિઝનની પ્રવૃત્તિઓ અને વિકાસના કામોથી વાકેફ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત સભ્યોમાં થી પાર્થિવ કુમાર ગણાત્રાની પસંદગી ચેમ્બર્સ ઓફ કોમર્સ, રાજકોટ તરફથી નામાંકિત ક્ષેત્રીય ગ્રાહક સલાહકાર સમિતિ (ZRUCC) માટે કરવામાં આવી હતી. જૈને આ પ્રસંગે નવા ચૂંટાયેલા ZRUCC સભ્ય ગણાત્રાને અભિનંદન પાઠવ્યા હતા. આ દરમિયાન કમિટીના સભ્યોએ પોતપોતાના વિસ્તારની રેલવે સમસ્યાઓ, ટ્રેનોના સ્ટોપેજ, વિસ્તરણ, નવા પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ કરવા અને ડિવિઝનના સ્ટેશનો પર વધુ સારી પેસેન્જર સુવિધા પૂરી પાડવા અંગેના સૂચનો આપ્યા હતા. ડિવિઝનલ રેલ્વે મેનેજર જૈને તમામ સભ્યોના સૂચનો અંગે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપતા જણાવ્યું હતું કે, મુસાફરોની સુવિધાનો વિકાસ એ રાજકોટ ડિવિઝનની સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને આ માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આ મિટિંગમાં સભ્યોમાં દીપકભાઈ રવાણી, ચંદુલાલ બારાઈ, ચંદ્રવદન પંડ્યા, મહેશભાઈ કુંડારીયા, પાર્થિવકુમાર ગણાત્રા, રમાબેન માવાણી, નૌતમ બારસીયા, જયેશભાઈ બોઘરા, હરિકૃષ્ણ જોષી અને હેમુભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન આસિસ્ટન્ટ કોમર્શીયલ મેનેજર વી ચંદ્રશેકર અને રેલવેના વિવિધ વિભાગોના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### તીર્થસ્વરૂપા પૂ. હીરાબાઈ મહાસતીની નિશ્રામાં ધર્મભક્તિ

## ગીતગુર્જરી જૈન ઉપાશ્રયમાં આયંબીલ ઓળી પર્વની ઉજવણી

### દિવ્ય દાન- તપ- જ્ઞાનની આરાધના સાથે પર્યુષણ પર્વ જેવો દિવ્ય માહોલ છવાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

ગીતગુર્જરી જૈન ઉપાશ્રય ખાતે આયંબીલ ઓળી પર્વની આરાધના કરાવવા પૂ. ડુંગર ગુરૂ ગાદીગામ ગોંડલથી વિહાર કરી તા. ૪-૪-૨૨ ને સોમવારે પૂ.હીરાબાઈ મ.સ. પધારતાં સકલ સંઘમાં હર્ષોલ્લાસ છવાયેલ. પ્રવેશ પ્રસંગે ભાવિકો તરફથી રૂમ.૧૦૦ તથા વૈશાલીનગર રૂા.૫૦ ની પ્રભાવના થયેલ. શ્રી ગોંડલ સંઘ પ્રમુખ પ્રવિણભાઇ કોઠારી, ગીતગુર્જરી સંઘના શિરીષભાઇ બાટવીયાએ શુભેચ્છા પાઠવી હતી. માંગલીક બાદ ધર્મરત્ના પુષ્પાબેન નવિનભાઇ વોરા હસ્તે કાશ્મીરાબેન પરેશભાઇ, કાજલબેન શૈલેષભાઇ વોરા તરફથી નવકારશીનું આયોજન કરેલ હતું. પૂ. ગુરુણી ભગવંતની પાવન પ્રેરણાથી તા. ૭-૪ ૨૦૨૨ ગુરૂવાર થી તા. ૧૫-૪-૨૦૨૨ શુક્રવાર નવ દિવસ નવપદ આરાધના થઇ હતી. પ્રતિદિન સવારે ૮.૧૫ થી ૯.૧૫ કલાકે નવકાર મંત્ર જાપ, ૯.૧૫ થી ૧૦.૩૦ કલાક દરમ્યાન પ્રવચન પ્રભાવક સ્મિતાબાઇ મહાસતીજીની આગવી શૈલીમાં નનવપદ અપાવે પરમપદથ વિષય પર પ્રવચનો યોજાતા વિશાળ સંખ્યામાં ભાવિકોએ લાભ લઇ ધન્યતા અનુભવી. તા. ૧૩-૪-૨૨ના મહાવીર જન્મ કલ્યાણકના મંગલ દિને સરપ્રાઇઝ ક્વિઝ તથા હાલરડા- એક જનમ્યો રાજદુલારો દુનિયાનો તારણહારોના ગગનભેદી નારા સાથે સમગ્ર સંઘ મહાવીરમય બની ગયેલ. પૂ. જશુબાઇ મ. સુંદર શિબિર કરાવેલ હતી. આયંબીલ ઓળી દાતા ચંદુભાઇ મણીલાલ શાહ તથા સહયોગી ભાનુબહેન મહેન્દ્રભાઇ શેઠ, અંધેરી મુંબઇવાળાએ લાભ લઇ ગુરૂભક્તિ સાથે કરાવેલ.

તા. ૧૬-૪-૨૨ ને શનિવારના રોજ ઓળી આરાધકોને સવારે પારણા શ્રી ધીરૂભાઇ રૂપાણી તથા બપોરે ભાનુબેન શેઠ તરફથી કરાવેલ હતા. દરેક તપસ્વીઓની અનુમોદના ખૂબ જ સારી રીતે કરાઈ હતી.

# સંભારણા

## ફ્યુઝડ બલ્બ- ઊડી ગયેલો બલ્બ

એક વરિષ્ઠ અધિકારી નિવૃત્ત થઈને સરકારી અધિકૃત ક્વાર્ટર માંથી થાણેની ઉચ્ચભ્રુ વસ્તીના હાઉસિંગ સોસાયટીમાં રહેવા ગયા જ્યાં તેમનો પોતાનો ફ્લેટ હતો. હવે તે અહીં પોતાની જાતને હું ખૂબ મોટો અધિકારી હતો એમ સમજીને કોઇની સાથે વાત કરતા નહોતા. રોજ સાંજે સોસાયટીના પાર્કમાં ફરવા નીકળે ત્યારે લોકોને અવગણતા અને તિરસ્કારથી જોતા. એક દિવસ તેમની બાજુમાં રહેતા વૃદ્ધે તેમની સાથે વાતચીત શરૂ કરી પછી બેઉ એકબીજાને મળતા રહ્યા. દરેક વાતચીતમાં આ નિવૃત્ત અધિકારી માત્ર પોતાના અધિકાર અને મારા હાથ નીચે આટલા માણસો હતા અને મારો તો શું રૂઆબ હતો એવી જ વાતો કરતા. ત્યાં બેસતા બીજા લોકો તેમને ચૂપચાપ જોતા અને સાંભળતા.

થોડા વખત પછી તેમણે વાત વાતમાં બીજા બધાના કાર્ય વિશે પૂછપરછ કરી ત્યારે રોજ તેમની સાથે બેસતા માણસે મોઢું ખોલ્યું અને કહ્યું, નિવૃત્તિ પછી આપણે બધા ફ્યુઝડ બલ્બ જેવા છીએ. કેટલા વોલ્ટ નો બલ્બ હતો તે જ્યાં સુધી તે પ્રકાશમાન છે ત્યાં સુધી જ જોવાય છે. ઊડી ગયેલા બલ્બ માત્ર બલ્બ જ કહેવાય છે. તેવી જ રીતે કોઇપણ અધિકારી કે કર્મચારી નિવૃત્ત થાય કે નિવૃત્તિ લે ત્યારે તે માત્ર એક માણસ રહી જાય છે.



લેખિકા: પુનમ શાહ -મુંબઈ.



© CanStockPhoto.com - csp5234670

હું છેલ્લા ૫ વર્ષથી આ સોસાયટીમાં રહું છું. અહીં આવ્યો તે પહેલા ૨ વખત સંસદ સભ્ય તરીકે ચુંટાઈ આવ્યો હતો. આ અંગે મે કોઈને કહ્યું નથી. તમારી જમણી બાજુએ બેઠા છે એ વર્માજી..જેઓ ભારતીય રેલવેમાં જનરલ મેનેજરના પદ પરથી નિવૃત્ત થયા છે. તેમની બાજુમાં સફેદ ઝબ્બામાં બેસેલી વ્યક્તિ મહેરા..ઇસરોના વડા રહી ચૂક્યા છે જે તેમણે પોતાના મોઢાથી ક્યારેય કોઈને કહ્યું નથી. પણ હું તેમને પહેલાથી જાણું છું એટલે મને ખબર છે. બીજી બાજુ સિંહ સાહેબ બેઠા છે જેવો નિવૃત્તિ પહેલા આર્મીમાં મેજર જનરલ હતા..તેમના વોલ્ટેજ ગમે તે હોય - ૨૦,૪૦,૬૦ કે ૧૦૦.. તેમની વચ્ચે કોઈ તફાવત નથી. એલ ઈ ડી, સી એફ એલ, હેલોજન, ફ્લોરોસેન્ટ.. બધા જ બલ્બ ને આ નિયમ લાગુ પડે છે. મારા મિત્ર.. જે દિવસે તમે આ સમજી શકશો ત્યારે લોકો સાથે ભાઈચારા થી વરતી શકશો.

ઉગતો સૂરજ અને અસ્ત થતો સુરજ બંને સુંદર અને મોહક લાગે છે. પરંતુ વાસ્તવમાં ઉગતા સૂર્યને વધુ મહત્વ મળે છે, એને પૂજાય છે અને તેની ઉપાસના પણ થાય છે. જ્યારે અસ્ત થતાં સુરજને એટલું મહત્વ નથી મળતું પણ તેનું અસ્તિત્વ અને સૂર્યાસ્ત એટલો જ આકર્ષક હોય છે. તેથી આપણે આપણો અસ્ત આકર્ષક અને માનભર્યો રાખવો જોઈએ. તમારો હોદ્દો, પદવી અને સત્તા કાયમી નથી. માટે હવેનું જીવન અહંમ વગરનું હોવું જોઈએ. હું પહેલાં શું હતો તે ભાવના રાખીને જીવવાથી જીવન જટિલ બની જાય છે.

યાદ રાખો..ચેસની રમત પત્યા પછી રાજા અને સિપાહી ફરી એક જ બોક્સ માં પાછા જાય છે ! માટે આજમાં જીવો અને અખંડ આનંદીત રહો..

## એન.આર.જી. સેન્ટર રાજકોટ દ્વારા મેરેજ સેમિનારનું આયોજન કરાયું



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન ગાંધીનગર અને એન આર જી સેન્ટર રાજકોટ પ્રોજેક્ટ લાઈફ દ્વારા વિદેશમાં વસતા ભારતીય સાથે લગ્ન અંગે જાગરૂકતા પરિસંવાદનું આયોજન એમ. વી. એમ. કોલેજ ઓફ કોમર્સ મેનેજમેન્ટ એન્ડ આઈ.ટી.રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં ૩૦૦ જેટલા વિદ્યાર્થીની બહેનોએ ભાગ લીધો હતો અને વિદેશમાં લગ્ન કરતા પહેલા શું સાવચેતી રાખવી એ વિશે આયોજન કરવામાં આવે માહિતગાર થયા હતા. એનઆરજી સેન્ટર રાજકોટ ના ચેરપર્સન અને પ્રોજેક્ટ લાઈફના જોઇન્ટ એક્ઝીક્યુટીવ ટ્રસ્ટી મીતલ કોટિયા શાહ ઉપસ્થિત રહ્યા હતા અને એન આર જી. સેન્ટર રાજકોટની પ્રવૃત્તિઓથી બધાને માહિતગાર કર્યા હતા.

તેમણે કહ્યું કે આ સેમિનારથી નિશ્ચિત પણે વિદ્યાર્થીની બહેનોમાં જાગૃતતા આવશે.આ સેમિનારમાં એન આર જી.એફ. ગાંધીનગરથી મિલન વ્યાસ ખાસ રાજકોટ ઉપસ્થિત રહ્યા હતા જેઓએ પ્રતિષ્ઠાનના ઉદ્દેશ્યો અને કાર્યો વિશે માહિતી આપી હતી.

મુખ્ય વકતા તરીકે ડો. ભાવનાબેન જોષીપુરા ઉપસ્થિત રહ્યા હતા અને તેઓએ વિસ્તારપૂર્વક વિદેશમાં લગ્ન કરતા પહેલા ધ્યાનમાં રાખવા જેવી બાબતો માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

## દિવ્યાંગ ખેલાડીઓ માટે તા. ૧લી મે થી સ્પેશિયલ ખેલમહાકુંભ યોજાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા. ૨૨

રાજય સરકાર દ્વારા કાર્યરત રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હેઠળની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, જિલ્લા વહીવટીતંત્ર, જિલ્લા રમતગમત અધિકારી, રાજકોટ ગ્રામ્યની કચેરી દ્વારા સંયુકતપણે દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પેશિયલ ખેલમહાકુંભ યોજાશે. જેમાં વિવિધ સ્પર્ધાઓનું વિવિધ વયજુથ પ્રમાણે તા.૧ થી ૫મે સુધી આયોજન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં એથલેટીકસ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવશે. આ ખેલમહાકુંભમાં શારીરિક અસ્થી વિષયક ક્ષતિ ધરાવનારા સ્પર્ધકો માટે તા.૧ મે, શ્રવણ મંદ ક્ષતિ ધરાવનારા માટે તા.૨ મે, અંધજનો માટે તા.૨ મે, મનોદિવ્યાંગ વિભાગ ૧,૩ અને ૪ માટે તા.૩ મે તથા મનોદિવ્યાંગ વિભાગ-૨ માટે તા.૪ મે નાં રોજ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે.

આ તમામ સ્પર્ધા શરૂ થવાનો સમય સવારે ૭ કલાકનો રહેશે. તેમ જિલ્લા રમતગમત અધિકારી (રાજકોટ ગ્રામ્ય) પ્રવિણાબેન પાંડાવદરાની યાદીમાં જણાવાયું છે.

## લાભુભાઈ ત્રિવેદી કોલેજમાં ટી.પી. પર સેમિનાર યોજાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

લાભુભાઇ ત્રિવેદી કોલેજમાં ટી.પી. પર સેમિનાર યોજાયો. શહેરની નામાંકિત લાભુભાઇ ત્રિવેદી એન્જીનીયરીંગ કોલેજમાં સિવિલના વિદ્યાર્થીઓ માટે બિલ્ડીંગ અને ટાઉન પ્લાનિંગ વિષય પર માહિતીસભર સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું.

જે અંતર્ગત કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી તેમજ હાલમાં રૂડામાં પ્લાનિંગ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા કેયુર વાંનપરિયા દ્વારા વિદ્યાર્થીઓને સરળ મેથડ દ્વારા બિલ્ડીંગ પ્લાનિંગ કેવી રીતે કરી શકાય, તેના માપદંડો,



ફોર્મ્યુલા વગેરેની મહત્વપૂર્ણ માહિતી પ્રદાન કરી હતી.

આ નોલેજ શેર કરવા બદલ કોલેજના સિવિલ ડિપાર્ટમેન્ટના હેડ પ્રોફેસર વિનોદ પંચાલ દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

### અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ જીજ્ઞેશ કાલાવડિયાની

## 'વર્ડિકટ રિસર્ચ એન્ડ પોલિટિકલ ઈન્સ્ટિટ્યૂટ' ના ડાયરેકટર તરીકે વરણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

રાજનૈતિ વિશ્લેષક અને ચૂંટણી વ્યૂહ રચનાકાર એવાં ઓ.પી. યાદવ દ્વારા સ્થાપિત વર્ડિક્ટરિસર્ચ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત પ્રતિષ્જિત પોલિટિકલ ઇન્સ્ટિટ્યૂટમાં અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સિમિતનાં રાષ્ટ્રિય અધ્યક્ષ જિજ્ઞેશ કાલાવડિયાની સંસ્થાના રિજિયોનલ ડાયરેક્ટર તરીકે વરણી કરવામાં આવી છે. હાલ દેશમાં પોલિટિકલ રિસર્ચ અને સર્વેમાં બહુ મોટું નામ ધરાવતી આ સંસ્થાનાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં જિજ્ઞેશ કાલાવડિયાની નિમણૂંક થતા ગુજરાતમાં આ ક્ષેત્રમાં નવી ઊર્જાનો સંચાર થશે તેવું આ તકે ઇન્સ્ટિટ્યૂટનાં પ્રણેતા ઓ.પી. યાદવ દ્વારા જણાવવામાં આવ્યું છે. દેશની



વિખ્યાત સંસ્થા અને પોલિટિકલ સર્વે ઍન્ડ રિસર્ચ એજન્સીમાં ડાયરેક્ટર તરીકે જોડાયા બાદ ગુજરાતનાં યુવાનોમાં વધુમાં વધુ રાજકીય કુનેહ સ્થાપિત થાય તે દિશામાં કાર્ય યોજના તૈયાર કરવામાં આવશે તેવું આ તકે જિજ્ઞેશ કાલાવડિયા દ્વારા જણાવવામાં આવ્યું હતું. હાલમાં રાજની જયારે આધુનિક થઈ રહી છે. ત્યારે આ ક્ષેત્રમાં યુવાનો માટે અનેક વ્યવસાયિક તકોનું પણ નિર્માણ થયું છે. વર્ડિક્ટ પોલિટિકલ ઍન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટનાં માધ્યમથી ગુજરાતનાં યુવાનો માટે આ દિશામાં સર્ટિફિકેટ કોર્ષ શરૂ કરવામાં આવશે. ટૂંક સમયમાં ગુજરાતના આ વિવિધ શહેરોમાં વર્ડિક્ટ નોવિસ્તાર કરવાની પણ તેઓએ જાહેરાત કરી હતી. ABPSS નાં રાષ્ટ્રીય અધ્યક્ષ જિજ્ઞેશ કાલાવડિયાએ પત્રકારિતા અને પોલિટિકલ રિસર્ચ વચ્ચે વિશેસંબંધ હોવાનું જણાવી ગુજરાતના રાજનીતિમાં રસ ધરાવતાં યુવાનો માટે આગામી સમયમાં ખાસ સેમિનારમાં આયોજનોની પણ અખબાર જગતની મુલાકાત દરમિયાન જાણકારી આપી હતી. જિજ્ઞેશ કાલાવડિયાએ સૌરાષ્ટ્રમાં પત્રકારત્વ, સામાજીક અને રાજકીય ક્ષેત્રમાં પોતાની વિશેષ આઇડિઓલોજી માટે જાણીતાં છે.

# મનપાના આવાસ યોજનાના ફોર્મ વિતરણના પ્રથમ દિવસે જ ૮૦૦ થી વધુ ઉપડયા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૨

મેયર ડો.પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા, હાઉસિંગ કમિટી ચેરમેન વર્ષાબેન રાણપરા એક સંયુક્ત યાદીમાં જણાવ્યું છે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા MIG - ૧૨૬૮ આવાસોના બાંધકામની કામગીરી હાલ ચાલુ છે. આ આવાસની કિંમત રૂ. ૨૪ લાખ રાખવામાં આવેલ. આ MIG આવાસના ફોર્મ સ્થાનિક પરિસ્થિતિ તથા કોવિડ-૧૯ ના કારણે લોકો દ્વારા ૨૪ લાખ પ્રતિ આવાસની કિંમતથી ખરીદવા માટે યોગ્ય પ્રતિસાદ મળેલ ન હતો. જે ધ્યાનમાં રાખી ગત તા.૭/૩ના રોજ સ્ટેન્ડિંગ કમિટી દ્વારા પ્રતિ આવાસની કિંમત રૂ. ૧૮ લાખ રાખવાનું મંજૂર કરવામાં આવેલ છે અને રૂ. ૬ લાખ જેટલો ઘટાડો કરવામાં આવેલ છે. આ નિર્ણય બાદ MIG પ્રકારના ૧૨૬૮ આવાસો પૈકી હાલ ખાલી રહેલ ૭૬૯ આવાસ અને ભવિષ્યમાં ખાલી પડનાર આવાસ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફોર્મ વિતરણ આજથી મહાનગરપાલિકાના તમામ ૬ સિવિક સેન્ટર તેમજ આઇસીઆઇસીઆઇ બેન્કની ૬ બ્રાન્ચ ખાતેથી ફોર્મ વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. ફોર્મ વિતરણના પ્રથમ દિવસે ૮૫૯ ફોર્મનું વિતરણ થયેલ છે. જેમાં મનપાના સેન્ટ્રલ ઝોન સિવિક સેન્ટર તેમજ આઇસીઆઇસીઆઇ બેન્કની નાણાંવટી ચોકવાળી બ્રાન્ચમાંથી સૌથી વધુ ૧૩૩ ફોર્મનું વિતરણ થયું છે.

આજે તા.૨૧ થી ૧૬ મે સુધી મેળવી શકાશે અને પરત કરી ચોક, તથા રાજકોટ મહાનગરપાલિકાનાં તમામ સિવિક સેન્ટર મારફત મળશે અને ત્યાં જ ભરીને આપી શકાશે. ઓફલાઈન માટે ફોર્મની ફી રૂ.૧૦૦ રહેશે જ્યારે ઓનલાઈન ફોર્મ ભરનારને ફી રૂ.૫૦ આપવાની રહેશે.

## મહાનગરપાલિકાના તમામ સિવિક સેન્ટરો પરથી ફોર્મ વિતરણ, ૧૬ મે સુધીમાં ભરાયેલ ફોર્મ પરત કરવાના રહેશે

MIGનાં આવાસની કિંમત રૂ.૧૮ લાખ અને ફોર્મ સાથે રૂ.૨૦,૦૦૦ ડીપોઝીટ ભરવાની રહેશે.

કુટુંબની મહત્તમ વાર્ષિક આવક રૂ.૬.૦૦ લાખ થી રૂ.૭.૫૦ લાખ સુધીની હોઈ, તેવા લોકો ફોર્મ ભરી શકશે.

MIG પ્રકારના આવાસમાં અંદાજીત ૬૦.૦૦ ચો.મી. કાર્પેટ રહેશે જેમાં બે બેડરૂમ, એક સ્ટડી રૂમ, એક હોલ, રસોડું, એટેચ ટોયલેટ, કોમન ટોયલેટ, સ્ટેન્ડિંગ બાલ્કની, સાથે સુવિધા આપવામાં આવશે.


રાજકોટ મહાનગરપાલિકાના તમામ સિવિક સેન્ટર આવાસ યોજનાના ફોર્મ વિતરણનો સમય સવારે ૧૦:૩૦ થી સાંજે ૪ કલાક સુધીનો રહેશે તેમજ આઈ.સી.આઈ.સી.આઈ. બેંકમાં ફોર્મ વિતરણનો અને પરત જમા કરવાનો સમય સવારે ૧૧ થી બપોરે ૩ વાગ્યા સુધીનો રહેશે.

રાજકોટ મહાનગરપાલિકાની WWW.RMC.GOV.IN વેબસાઈટ પરથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે.તેમ મેયર ડૉ.પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ ચેરમેન પુષ્કર પટેલ, મ્યુ. કમિશનર અમિત અરોરા અને હાઉસિંગ કમિટીના ચેરમેન વર્ષાબેન રાણપરાની યાદીમાં જણાવ્યું છે.

| ક્રમ | ઝોન | વોર્ડ નં | ટી.પી. | એફ.પી. | વિસ્તાર | આવાસોની સંખ્યા | માળ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૧૦ | ૫(નાના મવા) | ૩૪૮ | જયભીનગર પાસે, હેવલોક એપાર્ટમેન્ટની સામે, નાનામવા રોડ | ૨૬૦ | પાર્કિંગ+૧૩ માળ |
| ૨ | વેસ્ટ ઝોન | ૧૦ | ૫(નાના મવા) | ૧૦૪ | સેલેનીયમ હાઈટસની સામે, મવડી થી પાળ ગામ રોડ | ૨૮૮ | પાર્કિંગ+૯ માળ |
| ૩ | વેસ્ટ ઝોન | ૧ | ૯ | એસ-૨ | ૧૫૦ ફૂટ રીંગ રોડ, દ્વારીકાધીશ હાઈટસની સામે, ઓસ્કાર ગ્રીન સીટીની બાજુમાં | ૪૪૮ | પાર્કિંગ+૭ માળ |
| ૪ | વેસ્ટ ઝોન | ૧૧ | ૨૭(મવડી) | ૪૮/એ | સેલેનીયમ હાઈટસની સામે,મવડી થી પાળ ગામ રોડ | ૨૭૨ | પાર્કિંગ+૮ માળ |
| | | | | | કુલ | ૧૨૬૮ | પાર્કિંગ+૯ માળ |

**રાજકોટ મહાનગપાલિકાની WWW.RMC.GOV.IN વેબસાઈટ પરથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે**

# મીઠાપુરમાં ચમત્કારી હનુમાન મંદિરે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો



(દિવ્યેશ જટાણીયા દ્વારા)
મીઠાપુર, તા.૨૨

દેવભૂમિ દ્વારકા જીલ્લાના મીઠાપુરમાં ટાટા કેમિકલ્સના મેઈન ગેટની સામે વર્ષો જુના હનુમાનજી મંદિરના જીર્ણોદ્ધારનું કામ ચાલી રહ્યું હતું. આ કાર્ય પૂર્ણ થતાં જ નવનિર્મિત ચમત્કારી હનુમાનજી મંદિરમાં હનુમાન જયંતિના પાવન અવસરે શ્રી હનુમાન જન્મોત્સવ મારૂતીયાગ, પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરાયું હતું. જેમાં હનુમાન જયંતીના રોજ સવારે ૮ વાગ્યે શ્રી યોગેશભાઈ ફલડીયાના નિવાસસ્થાને કે જે સોસાયટીમાં આવેલું છે ત્યાંથી ભવ્ય શોભાયાત્રાની શરૂઆત કરી સુરજકરાડી થઇ ન્યુ માર્કેટ અને મેઈન બઝાર થઇ ઝંડા ચોકેથી વાગતે ગાજતે ચમત્કારી હનુમાનજી મંદિરે પહોંચી હતી. ત્યારબાદ ત્યાં સવારે ૧૧ વાગ્યાથી નિજ સ્વરૂપ પર મહા અભિષેક, કળશ પૂજન, કળશ સ્થાપના, કળશ પર મહા અભિષેક, મૂર્તિ સ્વરૂપ બિરાજમાન તેમજ મહાઆરતી કરવામાં આવી હતી. સાંજે મહા અન્નકોટ દર્શન પણ રાખવામાં આવ્યા હતા. બપોરે બધી પૂજાઓના સમાપન બાદ સમૂહ પ્રસાદી પણ રાખવામાં આવી હતી. ત્યારબાદ રાત્રે રામધૂનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર ધાર્મિક પ્રસંગોનો લાભ અનેક ભક્તો દ્વારા લેવામાં આવ્યો હતો. દ્વારકા જીલ્લાના નવનીયુકત પોલીસ વડા નીતેશ પાંડે, ડી.વાય.એસ.પી સમીર શારડા, નીલમબેન ગોસ્વામી, સંત શ્રી બિહારી બાપુ, મીઠાપુર પી આઈ જી.આર.ગઢવી, મીઠાપુર ટાટા કંપનીના વાઈસ પ્રેસિડેન્ટ એન. કામથ, ટાટા ટાઉનના અધિકારી બિમલ મોઢવાડિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.(પ.૧૨)

# દ્વારકા જિલ્લાના નવા પોલીસ વડાની પ્રશંસનીય કામગીરીની સરાહના

(દિવ્યેશ જટાણીયા દ્વારા)
દ્વારકા, તા.૨૨



દેવભૂમિ દ્વારકા જીલ્લામાં તાજેતરમાં જ જીલ્લા પોલીસ વડા તરીકે નીતેશ પાંડે દ્વારા ચાર્જ લેવામાં આવ્યો હતો. ચાર્જ સંભાળતા જ બુટલેગરો પર તો જાણે આફતો તૂટી પડી હોય તે રીતે પોલીસ દ્વારા અલગ- અલગ જગ્યાઓએ દરોડાઓ દરમિયાન દારૂના જથ્થા સાથે અનેક ઇસમો ઉપર તવાઈ કરી હતી. દ્વારકા પોલીસ પણ જાણે એક્શન મોડમાં આવી ગઈ હોય તે રીતે છેલ્લા આઠેક દિવસો માં ચારેક જેટલી રેડ કરી બુટલેગરોને કાબુમાં લેવા કમર કસી લેવાઈ હતી. આ રીતે ઉત્તમ કામગીરીથી લોકોમાં પણ ખુશીની લહેર છવાઈ ગઈ હતી.(પ.૧૨)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

# જસદણમાં ૧૭૫૦ લોકોએ આરોગ્ય સેવાનો લાભ લીધો



(ધર્મેશ કલ્યાણી દ્વારા)
જસદણ તા.૨૨

જિલ્લા વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા સંયુક્તપણે જસદણ ખાતે તાલુકા કક્ષાનો હેલ્થ મેળો યોજાયો હતો, જેનો ૧૭૫૦થી વધુ નાગરિકોએ લાભ લીધો હતો.

ડી.એસ. વી. કે. હાઈસ્કૂલના મેદાન ખાતે ધારાસભ્ય કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે આ મેળાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ મેળામાં ૧૬૫ કેસ જનરલ ઓ.પી.ડી.ના, ગાયનેક વિભાગના ૭૦, બાળકોના વિભાગના ૮૩ તથા ફિઝિશિયન વિભાગના ૧૨૮ કેસો ની તપાસ કરી દવાઓ આપવામાં આવી હતી. ૫૮ લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડ તેમજ ૧૩૪ લાભાર્થીઓને સ્થળ પર જ ડિજિટલ હેલ્થ કાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા હતા. ૪૫૯ લાભાર્થીઓએ ડાયાબિટીસ તેમજ બી.પી.ની તપાસ કરાવી હતી. આ મેળામાં આયુષ્યમાન કાર્ડ તેમજ અન્ય સંલગ્ન આરોગ્ય વિષયક વિભાગોના સ્ટોલ રાખવામાં આવ્યા હતા, જેમાં ઉપલબ્ધ સેવાઓ લાભાર્થીઓએ લીધી હતી. આ તકે નગરપાલિકા પ્રમુખ અનિતાબેન રૂપારેલીયા, ભાજપના પીઢ અગ્રણી અશોકભાઈ મહેતા, જિલ્લા પંચાયત સભ્ય પરેશભાઈ રાદડિયા, પ્રાંત અધિકારી કે. વી. બાટી, જિલ્લા રોગ નિયંત્રણ અધિકારી ડો. રાઠોડ, મામલતદાર વીરલબેન માકડીયા, જિલ્લા ભાજપ મહામંત્રી મનસુખભાઈ રામાણી સહિત મોટી સંખ્યામાં ગ્રામ્ય નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રહ્મસમાજનો હોબી કેમ્પ

## તા.૪ મે થી ખાસ બાળકો માટે આયોજન, ફોર્મ ભરવાનું શરૂ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૨

શ્રી સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ વિધા પ્રસારક મંડળ, સ્વ. ડી.એમ. જોષી સ્મૃતિ ટ્રસ્ટ (મેડીકલ), યુવા સંગઠન અને મહિલા પરિષદ્ દ્વારા આયોજીત આગામી 'ગમતાનો કરીએ ગુલાલ' 'બાળકોનો હોબી કેમ્પ' આગામી તા. ૪ ને બુધવારથી તા. ૭ ને શનિવા ર સુધી સાંજના ૪:૩૦ થી ૭:૩૦ દરમ્યાન જ્ઞાતિનીબોર્ડીંગ 'ધુમકેતુ હોલ' ૪- રોયલ પાર્ક, કાલાવડ રોડ ખાતે આયોજન કરેલ છે.

કેમ્પમાં ભાગ લેવા માટે બાળકોની વય મર્યાદા ૫ થી ૧૬ વર્ષ સુધીની રહેશે. રજીસ્ટ્રેશન માટેના ફોર્મ કાર્યાલયેથી સાંજના ૬ થી ૭:૩૦ દરમ્યાન મળશે અને પરત કરવાની છેલ્લી તા. ૨૭ને બુધવાર છે. જેની દરેક જ્ઞાતિબંધુઓએ નોંધ લેવી તેમ વિપુલભાઈ દવેએ જણાવ્યું છે.(પ.૧૨)

# હળવદના ડો.રાજદીપસિંહ ઝાલાનો આઈપીએસ કેડરમાં સમાવેશ

(શિવ મયુર દ્વારા)
હળવદ, તા.૨૨

ગુજરાતના ૨૫ ઉચ્ચ પોલીસ અધિકારીઓને બઢતી આપીને આઇપીએસ ગુજરાત કેડરમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં હળવદ તાલુકાના માથક ગામના પનોતા પુત્ર એવા ડો.રાજદીપસિંહ ઝાલાનો સમાવેશ કરાતા હળવદ સહિત સમગ્ર ઝાલાવાડનું નામ રોશન કર્યું છે. ડો.રાજદીપસિંહ ઝાલાને પ્રમોશન આપી આઈપીએસ કેડરનો દરજ્જો એનાયત કરવામાં આવ્યો છે.આઈપીએસ કેડરમાં ૨૫ અધિકારીઓની આઈપીએસ તરીકે પસંદગી કરવામાં આવી છે. સૌપ્રથમ વાર એકસાથે ૨૦ ગુજરાતી અધિકારીઓની આઈપીએસ તરીકે પસંદગી કરાઈ છે. ગુજરાત કેડરમાં ખાલી પડેલી ૨૫ જગ્યાઓમાં પસંદગી કરવામાં આવી છે. મોરબી જિલ્લાના હળવદના માથકના વતની ડો.રાજદીપસિંહ ઝાલાની આઈપીએસ તરીકે પસંદગી થતા હળવદ સહિત ઝાલાવાડનું નામ રોશન કર્યું છે.



## ગોહિલ પરિવાર દ્વારા સર્વે પિતૃઓનાં મોક્ષાર્થે આયોજન

# રેલનગરમાં ૨૪મીથી શ્રીમદ ભાગવત સપ્તાહ

## પોથીયાત્રા, વામન જન્મ, શ્રીરામ જન્મ, શ્રીકૃષ્ણ જન્મ, રૂકમણી વિવાહ વગેરે પ્રસંગો ઉજવાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૨

રાજકોટ શહેરમાં રેલનગર ખાતે આવેલ ભગવતી હોલમાં ભરતસિંહ જે.ગોહીલ (એડવોકેટ) તથા ગોહીલ પરિવાર તેમજ શ્રી વિજયરાજસિંહજી ગોહીલ યુવા ચેરીટેબલ દ્વારા સર્વે પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞનું તા. ૨૪ થી તા. ૩૦ સુધીનું આયોજન કરવામાં આવેલ છે.

રાજકોટના રેલનગર ખાતે આવેલ ભગવતી હોલમાં ગોહીલ પરિવાર મૂળ ગામ જસપરા - માંડવાના નિવાસી હાલમાં રાજકોટ ખાતે રહેતા તથા રાજકોટ ન્યાયકોર્ટમાં વકિલાત કરતા ભરતસિંહ જટુભા ગોહીલ તથા પરિવાર દ્વારા સર્વે પિતૃઓના મોક્ષાર્થે યોજાનાર શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞમાં તા. ૨૪ ના રોજ સવારે ૯ કલાકે ભાગવત પોથીજીની યાત્રા (સામૈયુ) નિવાસ સ્થાનેથી ભગવતી હોલ સુધીની રાખેલ છે. તા. ૨૭ ને બુધવારના રોજ શ્રી વામન જન્મ, શ્રી રામ જન્મ તથા શ્રી કૃષ્ણ જન્મ (નંદ મહોત્સવ) નો સુંદર પ્રસંગ યોજેલ છે. તા.૨૯ ને શુક્રવારના રોજ શ્રી કૃષ્ણ ભગવાન તથા માતા રૂક્ષ્મણીજીના ભવ્ય લગ્નનું આયોજન કરેલ છે. જે દિવસે સાંજે ૭ કલાકે મહા પ્રસાદનું આયોજન રાખેલ હોય જેમાં તમામ વિસ્તારવાસીઓ, સ્નેહીજનો, મિત્રગણએ પધારવા આમંત્રણ છે.

તા. ૩૦ ને શનિવારના રોજ સવારે ૧૦ કલાકે દશાંશ યજ્ઞનું આયોજન કરેલ છે. તમામ દિવસોમાં કથા ક્ષવણના જુદા-જુદા પ્રસંગોનું નીરૂપણ કરવામાં આવશે. દરરોજ બપોરે મહાપ્રસાદનું આયોજન કરેલ છે. આ કથાનું શાસ્ત્રી અશોકભાઈ જોષી (ખાનપર - ધુનડા) વ્યાસ પીઠ ઉપર બિરાજી તેમની અમૃતમય અને સંગીતમય ભાવવાહી શૈલીમાં પવિત્ર ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું રસપાન કરાવશે.(પ.૧૨)

# અખિલ ભારતીય યુવા કોળી સમાજના પ્રદેશ પ્રમુખ તરીકે દિવ્યેશ ચાવડાની નિમણૂંક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
ગાંધીનગર, તા. ૨૨

અખિલ ભારતીય કોળી સમાજ (રજી.) ન્યુ દિલ્હીમાં ગુજરાત શાખાના પ્રદેશ પ્રમુખ ઋત્વિકભાઈ મકવાણા (ધારાસભ્ય ચોટીલા) દ્વારા યુવા શાખા માં ખુબ ઉત્સાહી અને પ્રમાણિક યુવા નેતા દિવ્યેશ ચાવડા ની યુવા પ્રદેશ પ્રમુખ તરીકે નિમણુંક કરવામાં આવી છે.

દિવ્યેશ ચાવડા અનેક સામાજીક સંસ્થાઓ સાથે તેમજ સુરત અને સૌરાષ્ટ્રમાં શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. તેવો ઉચ્ચ શિક્ષણ મેળવેલ છે અને સમાજના દરેક કાર્યમાં તેવોની હાજરી હોય છે. સંગઠનનાં હોદેદારો દ્વારા આ નિમણુંકને વધાવીને અભિનંદન પાઠવ્યા હતા.

દિવ્યેશ ચાવડાની નિમણુંક ગારીયાધાર ખાતે કોળી સમાજના આગેવાનોની હાજરી માં સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી પ્રવીણભાઈ સાંકળિયા, ગારીયાધાર નગરપાલિકાના પ્રમુખ ઓધા ભાઈ પરમાર, સુરેશભાઈ પરમાર, નટુભાઈ ભાલીયા,મિલન ખાસિય,બાલાભાઈ ઠાકોર,નરેશભાઈ મકવાણા,ઘનશ્યામ ભાઈ મકવાણા, ગૌતમભાઈ મકવાણા,જીતેન્દ્રભાઈ મેર,ધર્મેશભાઈ ભાલીયા,છગનભાઈ મકવાણા, ડો.ગૌરાંગ બાંભણિયા વગેરેની ઉપસ્થિતિમાં નિમણુંક કરવામાં આવી.



# ઈવનિંગ પોસ્ટના સિનિયર સિટીઝન માટે શનિ-રવિવારે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૨



સરગમ કલબ સંચાલિત સિનિયર સિટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા.૨૩/૦૪/૨૨ શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે મુકેશ ફેન કલબ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ તા.૨૪ ને રવિવારના રોજ ૫:૩૦ કલાકે સુર સમક મ્યુઝિકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. જુના હિંન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના તમામ સભ્યોએ આઈ કાર્ડ ઉપર પ્રવેશ મળશે. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, મનસુખભાઈ વાવેચાં અને સંજયભાઈ પંડ્યા જહેમત ઉઠાવી રહ્યા છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

# દાહોદમાં બંધ ટ્રેનો ચાલુ કરવાની જાહેરાતને આવકાર



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
દાહોદ, તા.૨૨

દાહોદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમમાં કેન્દ્રીય રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ અને દર્શના જરદોશ સાથે રેલવે બોર્ડના ચેરમેન વિનય ત્રિપાઠી તથા પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર એકે લાહોટી વિ. દિલ્હીથી વિશેષ ટ્રેનમાં દાહોદ આવ્યા હતા જ્યાં સ્થાનિક સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા બંધ થયેલી ટ્રેનો પુનઃ શરૂ કરવાની રજૂઆતને બંને મંત્રીઓએ સાનુકૂળ પ્રતિભાવ આપી ટૂંકમાં જ શરૂ કરવાની જાહેરાતને વ્યાપક આવકાર મળ્યો છે. દાહોદના સાંસદે સીધી રજૂઆતો કરી દુઃખી રેલવે યાત્રીઓની વેદનાને વાચા આપી હતી. હવે વલસાડ વિરમગામ જેવી બંધ શટલ લોકલ ટ્રેનો જલ્દી શરૂ થતા રાહત થશે.(પ.૧૩)

**રાજકોટ શહેરને પાણી પૂરું પાડવાની સંપૂર્ણ જવાબદારી કોર્પોરેશનની છેઃ આપ શહેર આપ દ્વારા મ્યુ.કમિશનરને આવેદન પત્ર પાઠવી રજૂઆત કરી**



# નેતાના ભાઈએ ફરી લખણ ઝળકાવ્યા!

## પોતાના જ સમાજના લોકોને ટાર્ગેટ બનાવી મોટું થવાની લાલસામાં નેતાના ભાઈએ ન કરવાનું કર્યાની ભારે ચર્ચા



**નેતાના ભાઈ વિરુધ્ધ સામાંકાઠાના વેપારીના મનની વાતઃ હમે ગિરાને કી કોશિશ ના કર, હમે ગિરાને કી કોશિશ મેં તુ ખુદ ગીર જાયેગાં, તુઝે મિટાને કી સાઝીશ ભી ક્યા કરેં હમ, તુ તો હમારી બાતોં સે હી મર જાયેંગા!**

**નેતાના ભાઈની કારીગરીની સામેકાંઠેના વેપારીને ખબર પડતા અસંતોષની લાગણીઃ સમાજમાં મિટિંગોનો ધમધમાટ**



**નેતાના ભાઈના પાસા ફગ્યાઃ પોતાનું પદ સમાજમાં ઉચું કરવા કાંડ કર્યો પણ ખેલ ઉંધો ઉતરી જતા ન કહેવાય કે ન સહેવાય જેવી સ્થિતિ**



**નેતાના ભાઈએ જ પોલીસના નામાંકિત જવાનને સાથે રાખીને એક વેપારીને ત્યાં દારૂની રેડ કરાવી અને પછી પોતે જ જઈને પોલીસને કેસ ન કરવા સોનેરી સલાહ આપી મામલો થાડે પાડ્યાની ચર્ચા**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૨૨

આખાય શહેરમાં હર હંમેશ વધુ ચર્ચામાં રહેતો વિસ્તાર એટલે સામા કાંઠો. આ વિસ્તારમાં અવાર નવાર એવી ઘટનાઓ બને છે કે ચર્ચાના ચકડોળે ચર્ચાતા વાર લાગતી નથી. એમા પણ સામા કાંઠાના વધુ નામના ધરાવતા ભાઇ એટલે નેતાના ભાઇ. નેતાના ભાઇ અવાર નવાર ચર્ચામાં આવે છે કારણકે નેતાના ભાઇથી કામ જ એવા થઇ જાય છે. હજુ થોડા સમય પહેલા નેતાના ભાઇના કારનામાં બહાર આવ્યા હતા તે મામલો ટાઢો પડયાની સાથે ફરી એક વખત ભાઇએ લખણ ઝળકાવ્યા છે.

લોકો એવુ વિચારતા હશે કે શુ કારનામા કર્યા હશે પણ આ વખતે નેતાના ભાઇના પાસ ઉંધા પડી ગયા છે. કરવા ગયા હતા બીજુંને થઇ ગયું ત્રીજું પણ હવે શું થાય, થવાનું હતુ તે થઇ ગયું. શહેરભરમાં અત્યારે નેતાના ભાઇની કાળી કારીગરાઇની જોરશોરથી ચર્ચા થઇ રહી છે. આ વખતે તો ભાઇએ પોલીસનો પણ ઉપયોગ કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

વધુ વિગત જોઇએ તો શહેરના સામાકાંઠા વિસ્તારમાં અનેક પ્રકારની માર્કેટો અને તેના એસોસિએશનો કામગીરી કરી રહ્યા છે. તેમાં એક ખાસ સમાજનો વર્ગ બહુ મોટી સંખ્યામાં છે. આ ખાસ વર્ગમાં નેતાના ભાઇને મોટુ બનવાના અભરખા જાગ્યા છે તો મોટુ થવામાં વાળ જ ચીભડા ગળે તેવો ઘાટ સર્જયો હતો મતલબ પોતાના જ સમાજના લોકો વિરૂધ્ધ શકુનીની જેમ તરકબ રચી પાસા ફેંકવાનું શરૂ કર્યુ હતું બનાવ એવો બન્યો કે એક વેપારીને ત્યા એક યુવાન કામ કરતો હતો સમય જતાની સાથે આ યુવાને પોતાનું નવુ સોપાન શરૂ કરી દીધુ હતું. આ યુવાને ત્યા અનેક પાર્સલો આવતા હોય છે. હવે નેતાના ભાઇએ આ પાર્સલ સાથે પહેલા ખાસ બ્રાન્ચમાં ફરજ બજાવનાર અને નામાંકિત એવા પોલીસને કહીને એક દારૂની પેટી મુકાવી દીધી. દુકાનના માલિકે આવીને દુકાન ખોલીને પાર્સલ અંદર લેતાની સાથે જ પોલીસે રેડ પાડી અને પાર્સલ ચેક કર્યા અને એક પાર્સલમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો. અને દુકાનના માલીકને કેસનો ડર તેમજ ફીટ કરી દેવાની ધમકીઓ આપી ડરાવવામાં આવ્યો અને દુકાનધારકે આવુ થતાની સાથે જ તરત જ નેતાના ભાઇને ફોન કરીને હકીકત જણાવી તો તરત જ નેતાનો ભાઇ દુકાને આવી ગયો અને પોલીસ સાથે વાત કરીને કાર્યવાહી ન કરવા વહીવટ પણ કરી નાખ્યો અને દુકાન ધારકને પોલીસે નિર્દોષ છોડી દીધો એટલે દુકાન ધારકોની આંખોમાં નેતાના ભાઇએ એક ઉચું સ્થાન લઇ લીધું હતું કે, જો નેતાના ભાઇ ન હોત તો આજે જેલમાં પણ જવાની નોબત આવતા નેતાના ભાઇએ અમને બચાવી લીધાનું દુકાન ધારક રટણ કરવા લાગ્યો. પોલીસ તે દારૂની પેટી જે તેને જ મુકી હતી તે લઇને ચાલતી પકડી. હવે બન્યું એવું કે નેતાના ભાઇની વાત આખા બજારોમાં ફરતી થઇ કે નેતાના ભાઇએ આજે એક વેપારીને પોલીસથી બચાવ્યા છે. આ વાત ફરતાની સાથે જ અંદરખાને થી એક નવી વાત બહાર આવતા તમામ વેપારીઓના પગ તળેથી જમીન સરકાઇ ગઇ હતી. અને એક અંસતોષની આગ અંદર લાગી ગઇ હતી. વાત એવી બહાર આવી કે આ તમામ કાંડ નેતાના ભાઇના કહેવાથી જ પોલીસ દ્વારા કરવામાં આવ્યા છે અને નેતાના ભાઇએ જ પોલીસને કહીને દારૂની પેટી મુકાવી હતી માટે જ તેના કહેવાથી પોલીસ કંઇ પણ કાર્યવાહી કર્યા વીના જતી રહી પણ આ કાંડ નેતાના ભાઇના કહેવાથી જ થયો હતો. અને પોતાને સમાજમાં એક મોટુ નામ મળે અથવાતો પોતાનુ વર્ચસ્વ સામાંકાઠાના વિસ્તારમાં વધે તે હેતુથી આ કારસો ઘડી કાઢવામાં આવ્યો હતો. આ વાત વેપારીઓને ખબર પડતા અસંતોષની લાગણી પેદા થઇ ગઇ હતી.

**નામાંકિત પોલીસ જવાને ક્યા હેતુસર નેતાના ભાઇનો સાથ આપ્યોઃ ચર્ચાનો વિષય**

કારણકે પોતાની સમાજનો જ નેતાનો ભાઇ પોતાના હારે મોટુ થવાની લાલસામાં આવુ કામ કરે અને સમાજનો ખોટો ઉપયોગ કરે પોલીસનો ખોટો ઉપયોગ કરે તે વાત ક્યા અંશે વાજબી ગણી શકાય માટે તમામ વેપારીઓએ ભેગા થઇને મિટિંગોનો પણ ધમધમાટ શરૂ કર્યો હતો અને નેતાના ભાઇ વિશે હકીકતો જાણીને તેનાથી બધાને ચેતવા પણ નક્કી કરવામાં આવ્યું કે નેતાના ભાઇ પોતાનું નામ વધારવાના અભરખામાં પોલીસનો ઉપયોટ કરીને વેપારીઓને દબવે છે. માટે વેપારીમાં રોષનો ચરૂ ઉકળ્યો હતો.

આ નેતાનો ભાઇ અનેક વખત ચર્ચાના ચકડોળે ચળી ગયેલ છે અને અગાઉ તેના કારનામા વધી જતા નેતાએ રૂક જાવો નો આદેશ આપી દીધો હતો તો તે આદેશોનું થોડા દિવસ પાલન કયુ ને ફરી પાછુ હતુ ત્યાને ત્યા જ. નેતાનો ભાઇ બધે કાંડ કરતો ફરે છે તે તો સામાકાંઠાના શેરી મહોલ્લાના લોકો પણ જાણે જ છે. પણ હવે સમાજના જ લોકોને ટાર્ગેટ કરતા રોષની લાગણી વ્યાપી છે. આજી ચર્ચાઓ શહેરભરમાં જોરશોરથી થઇ રહી છે.(૪)

### અવાર નવાર ચર્ચામાં આવતો નેતાનો ભાઇ!

નેતાના ભાઇની વાતો શહેરભરમાં અનેક વાર ચર્ચાતી હોય છે. અગાઉ પણ આ જ નેતાના ભાઇએ ખાસ બ્રાન્ચની મદદ લઇને જમીન મકાન સહિતના કામો કરવામાં આવતા હોવાનું ચર્ચાતુ હતું. ક્યારેક તો સરકારી વિભાગોનાં લોકોને આ નેતાનાં ભાઇના ન કરવાના કામ પણ કરવા પડતા હતા અને નેતાનો ભાઇ પોતાનું ડાહપણ બધી જ જગ્યાએ ચલાવવા મંડ્યો છે ત્યારે તાજેતરમાં ફરી એક વખત નેતાનો ભાઇ ચર્ચાના ચકડોળે ચડ્યો છે અને આ વખતે તો પોતાના જ કરેલા પોતા ઉપર આવતા અનેક ભોપાળા છતાં થતાં નેતાનો ભાઇ સમાજને મોઢુ દેખાડવા લાયક પણ ન રહ્યો એવો તેવો ઘાટ સર્જાયો છે.

### સાથ આપનાર પોલીસકર્મીની ભૂમિકાની ઉંડી તપાસ જરૂરી

રાજકોટઃ નેતાના ભાઇના કહેવાથી પોલીસના અગાઉ ખાસ બ્રાન્ચમાં કામ કરતા અને નામાંકિત પોલીસ કર્મીએ સાથ આપીને યોજના બનાવીને વેપારી પર ખોટી રીતે દારૂનો કેસ કરવા માટે તખતો રચાયો હતો. બજારમાં એવુ પણ ચર્ચાઇ રહ્યું છે કે પોલીસના આ જવાને પોતે જ દારૂની પેટી દુકાન બહાર મુકી અને નેતાના ભાઇના કહેવાથી તેની ફસાવવાનો કારસો રચીને તોડ કરવામાં આવ્યો હતો. સત્ય શું હોય તે તો કાંડમાં સામેલ લોકો જ જાણે પણ નેતાના ભાઇના કહેવાથી પોલીસે શું કામ ખોટી રીતે સાથ આપ્યો? શું પોલીસના જવાનનું કંઇ હીત છુપાયેલુ હતું?? તેવા અનેક પ્રશ્નો સજાઈ ઉઠ્યા છે. અને સાથ આપનાર પોલીસ કર્મીઓ અગાઉ પણ વિવાદમાં આવેલ છે તો તેની ભૂમિકાની ઉંડી તપાસ થવી જરૂરી બને છે.

**લાંબા સમયથી કોરોના મહામારી બાદ પારિવારિક– સામાજીક પ્રસંગો ઉજવવા થનગનાટ**

# મહાપાલિકાનાં કોમ્યુનીટી હોલમાં ત્રણ મહિના માટે ૫૧૬બુકિંગ



**મનપા હસ્તક ૧૯ કોમ્યુનીટી હોલમાં ૨૭ યુનિટ ઉપલબ્ધઃ લગ્ન, સગાઇ, ધાર્મિક વગેરે પ્રસંગો માટે બુકિંગ કરાવવા ધસારો**

**હાલ લગ્ન પ્રસંગ માટે ૪૬૮ અને અન્ય કાર્યક્રમો માટે ૪૮ બુકિંગ થઇ ગયા, સૌથી વધુ પેડક રોડનાં હોલમાં બુકિંગ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૨

બે વર્ષનાં લાંબા સમયનાં કોરોનાકાળ બાદ હવે માંડ- માંડ જનજીવન થાળે પડવા સાથે લોકોમાં પ્રસંગો ઉજવવાનો થનગનાટ વધવા લાગ્યો છે. જેનો લાભ મહાપાલિકાને થયો છે. રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના શહેરમાં કુલ ૧૯ કોમ્યુનીટી હોલ આવેલ છે, જેના કુલ ૨૭ યુનિટ, લગ્ન, સગાઈ, ધાર્મિક વિગેરે પ્રસંગો માટે મહાનગરપાલિકા દ્વારા ભાડે આપવામાં આવે છે, આગામી ૩ મહિનાના સમયગાળા માટે વિવિધ પ્રસંગો માટે કુલ ૫૧૬ જેટલા બુકીંગ થયેલ છે. જેમાં ૪૬૮ બુકીંગ લગ્ન પ્રસંગ માટે તેમજ ૪૮ બુકીંગ અન્ય પ્રસંગો માટે થયેલ છે.

આગામી ત્રણ માસમાં લગ્ન પ્રસંગના મુહૂર્ત હોય, હોલ બુકીંગ માટે મોટી સંખ્યામાં અરજદારોએ હોલના રીઝર્વેશન કરાવેલ છે. વિશેષમાં મહાનગરપાલિકાના મોટા ભાગના કોમ્યુનીટી હોલનું ભાડુ ગરીબ અને મધ્યમ વર્ગને પોષાય તેવુ હોય, શહેરીજનો દ્વારા મહાનગરપાલિકાના કોમ્યુનીટી હોલની વધુ પસંદગી કરવામાં આવી રહી છે.

લગ્ન પ્રસંગ માટે વધુમાં વધુ ૯૦ દિવસ પહેલા રીઝર્વેશન કરી આપવામાં આવે છે, જ્યારે અન્ય પ્રસંગો માટે ૩૦ દિવસ પહેલા રીઝર્વેશન સ્વીકારવામાં આવે છે. હોલ બુકીંગ માટે મહાનગરપાલિકાની વેબસાઈટ www.rmc.gov.in તથા RMC મોબાઈલ એપ પર ઓન લાઈન બુકીંગની સુવિધા ઉપલબ્ધ છે તેમજ એસ્ટેટ વિભાગની ઓફિસ ખાતે ઓફ-લાઈન બુકીંગની સુવિધા પણ રાખવામાં આવેલ છે.

આગામી ૩ મહિનાના સમયગાળા માટે વિવિધ પ્રસંગો માટે કુલ ૫૧૬ જેટલા બુકીંગ થયેલ છે. જેમાં ૪૬૮ બુકીંગ લગ્ન પ્રસંગ માટે તેમજ ૪૮ બુકીંગ અન્ય પ્રસંગો માટે થયેલ છે વળી,

હોલના બુકીંગ ૭૦% જેટલા બુકીંગ ઓનલાઈન થાય છે. સૌથી વધુ ૮૩ બુકીંગ પંડીત દીનદયાળ ઉપાધ્યાય કોમ્યુનીટી હોલ (પેડક રોડ) માટે થયેલ છે. બે કોમ્યુ. હોલ સેન્ટ્રલ એ.સી.ની સુવિધા ધરાવે છે, જેમાં ૪૫ બુકીંગ નોંધાયેલ છે.(૫.૧૨)

## રાજયમાં વિવિધ પ્રશ્ને લડતા જેટકોના જુનીયર એન્જીનીયરની હડતાલ મોકૂફ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ.તા.૨૨

જીબીયા અને એજીવીકાસ ની બનેલી સંયુક્ત સંકલન સમિતિ દ્વારા લાંબા સમયથી પડતર પ્રશ્નોને લઇને જેટકો મેનેજમેન્ટને અપાયેલ હડતાલ ની નોટીસ અનુસંધાને જેટકો મેનેજમેન્ટ દ્વારા આજે વડોદરા સ્થિત વડી કચેરી ખાતે સંકલન સમિતિ ના હોદ્દેદારો સાથે મીટીંગ નું આયોજન કરવામાં આવેલ.

મિટિંગમાં જેટકો મેનેજમેન્ટ દ્વારા જુનિયર એન્જિનિયર, વિદ્યુત સહાયક ની ભરતી માટે લેખિતમાં ખાતરી આપતા તથા અન્ય પ્રશ્નો માટે ટૂંક સમયમાં નિરાકરણ લાવવા સહમતી આપતા હાલ પૂરતી હડતાલ સ્થગિત રાખવા સંયુક્ત સંકલન સમિતિ દ્વારા નિર્ણય લેવાયેલ છે. આવતીકાલના માસ સીએલ તથા આગળના કાર્યક્રમો હાલ પૂરતા સ્થગિત રાખવા સંયુક્ત સંકલન સમિતિ દ્વારા નક્કી કરેલ છે.

મિટિંગમાં જીબીયા તરફથી બી એમ શાહ સેક્રેટરી જનરલ, એ ડી હુલાણી વાઇસ પ્રેસિડન્ટ લીગલ, અલ્કેશ પ્રજાપતિ વાઇસ પ્રેસિડન્ટ તથા એચ જી વઘાસીયા જનરલ સેક્રેટરી અને એજીવિકાસ તરફથી બળદેવભાઇ પટેલ સિનિયર સેક્રેટરી જનરલ, ગિરિશભાઈ જોષી સેક્રેટરી જનરલ, હર્ષદભાઈ પટેલ જનરલ સેક્રેટરી તથા અન્ય સભ્યો હાજર રહેલ હતા.તેમ જણાવાયું છે.(૧.૮)


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426


# રૈયાધાર મુખ્યમંત્રી આવાસ યોજના ફ્લેટ ધારકોની વ્યથાઃ અઢી વર્ષથી કબ્જાની કાગડોળે રાહ



**રાણી ટાવર યોજનાની સાથે કામ શરૂ થયું ત્યાં કબ્જો સોંપાઈ ગયોઃ રૈયાધારમાં ઠાગાઠૈયા કેમ? : નાના અને મધ્યમ વર્ગનાં લોકોની પીડા સમજવા મ્યુ. કમિશનરને લેખિતમાં રજૂઆત**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૨

રાજકોટનાં રૈયાધાર ખાતે બનાવવામાં આવેલી આવાસ યોજનાનું કામ લગભગ પૂરું થવા આવ્યું છે. પરંતુ સામાન્ય નજીવું કામ બાકી હોય. આવાસ ધારકોનાં હજુ સુધી આવાસ સોંપવામાં આવ્યા ન હોય ફ્લેટ ધારકો આર.એમ.સી કમિશનરનાં આવેદન પાઠવી રજૂઆત કરી છે.

મુખ્યમંત્રી આવાસ યોજના દ્વારકાધીશ હાઈટ્સ ખાતે રૈયાધાર ખાતે બનાવવામાં આવ્યા છે. આ બે બેડ હોલ, કિચનવાળા ફ્લેટ ધારકોએ મ્યુ.કમિશનરને આવેદન આપી વિગતવાર માહિતી આપીને વહેલી તકે આ આવાસ યોજનાનાં ફ્લેટ સોંપી આપવા માંગ કરી છે.

આવાસ ધારકોએ જણાવ્યું છે કે, આ ફ્લેટનો ડ્રો અઢી વર્ષ પહેલા થઇ ગયેલો છે અને તેનું બાંધકામ પણ દોઢ વર્ષ પહેલા થઇ ગયેલું છે. છતાં પણ ઘણા સમયથી બાકી રહેલું કામકાજ બંધ છે. તેમજ બાંધકામ ખૂબ જ ધીમી ગતિએ ગોકળગાયની ગતિએ ચાલુ હોય. આજ સુધી કામપૂર્ણ થયેલું નથી. ફ્લેટ ધારકોએ આ અંગે ૩ વખત રજૂઆત કરી હતી. પરંતુ સતાધીશો ઠાલા આશ્વાસનો આપ્યા રાખે છે અને કામ ઝડપી થઇ જશે, જલ્દી આવાસ સોંપી દઈશું એવું કહ્યા રાખે છે.

આવાસ યોજનાનાં ફ્લેટ ધારકો પોતાની વ્યથા કથા લખતા જણાવ્યું છે કે, અમારી આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી હોય અને ભાડાનાં મકાનમાં રહેતા હોય તેમજ સદરહુ ફ્લેટ અમોને ડ્રોમાં લાગતા ફ્લેટની મોટી લોન કરાવેલી હોય અને લોનનાં મોટા હપ્તાઓ પણ ભરતા હોય અને એક વર્ષ ઉપરાંત હપ્તાઓ પણ ભરી આપેલા હોવા છતાં આજ દિવસ સુધી ફ્લેટનું કામ પૂર્ણ કરાવેલું ના હોય અરજી દ્વારા રજૂઆત કરાઈ છે.

અરજીમાં વધુ જણાવ્યું છે કે, અમારી સાઈટની સાથે જ ચાલુ કરવામાં આવેલ રાણી ટાવર પાછળની આવાસ યોજનામાં સંપૂર્ણ કામ પૂર્ણ થઇ જતા આ ફ્લેટ ધારકોને ફ્લેટનો કબ્જો પણ આપી દેવામાં આવ્યો છે.

અરજદારો ખૂબ જ નબળી આર્થિક પરિસ્થિતિનાં હોય અને ખર્ચાઓ વધી જવા છતાં આજ દિવસ સુધી આપનાં દ્વારા મેન્ટેનન્સની રકમ અને દસ્તાવેજની રકમ પણ સ્વીકારવા તૈયાર હોય તાત્કાલિક રકમ સ્વીકારવા માંગ કરાઈ છે.

ફ્લેટ ધારકો વધુમાં જણાવ્યું છે કે, અમો ભાડાનાં મકાનમાં રહીએ છીએ. તેમજ સ્કૂલ ફી, કોલેજ ફી પણ ભરીએ છીએ. જેથી આ સત્ર પૂરું થવાની તૈયારીમાં હોય અને નવા સત્રમાં બાળકોનાં એડમીશન લેવાના હોય, ડબલ ફીનો બોજ આવે તેમ હોય. તેમજ ધંધા- રોજગારમાં પણ તકલીફ પડે તેમ હોય જેથી બાકી રહેતી મેન્ટેનન્સ અને દસ્તાવેજ પરત્વેની ફી ઉઘરાવવામાં પણ સમય લાગે તેમ હોઈ તો સત્વરે ધારકો આ રકમ જમા આપેલ જેને તાકાલીક કામ પૂરું કરી દસ્તાવેજ કરી આપી ફ્લેટની ચાવી ૩૦/૫/૨૨ સુધીમાં સોંપી આપવા અરજદારો માંગ કરી છે.

આવાસ યોજનાનાં ફ્લેટ ધારકો નાના અને મધ્યમ વર્ગનાં હોય તેઓની હૃદયસ્પર્શી રજૂઆત કોઈપણ સંવેદનશીલ વ્યકિતને હચમચાવી જાય તેવી છે. તેમણે રજુ કરેલા તર્ક અને લોજીકનાં સ્થાનિકો તંત્ર પાસે કોઈ જવાબ નથી.

રાજકોટ શહેરને મળેલા મ્યુ.કમિશનર માનવીય અભિગમ ધરાવતા અધિકારી છે. નાના શહેરીજનોની વ્યથા- પીડા તેઓ સુપેરે જાણે છે. આવાસ યોજનાનાં ફ્લેટ ધારકોને વહેલી તકે કામ પૂરું કરી ફ્લેટનો કબ્જો સોંપે તેવી વ્યાજબી માંગણી તંત્ર સ્વીકારે તેવી માંગ ઉઠવા પામી છે.(૨.૧૨)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.